કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સક્યુંલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૯ જૂન, ૨૦૨૬ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૦૧૮◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૯ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## અફઘાન સામેના નાટકો પાંખડનું મોટું ઉદાહરણ

# UNમાં પાકને ભારતની કડક ફટકાર

નવી દીલ્હી : સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ માં અફઘાનિસ્તાનની સ્થિતિ પર યોજાયેલી ચર્ચા દરમિયાન ભારતે પાકિસ્તાનને વૈશ્વિક મંચ પર બરાબરનું ખંખેર્યું છે. યુએન માં ભારતના સ્થાયી પ્રતિનિધિ પી. હરીશે પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, આતંકવાદ વિરૂદ્ધ લડાઈના નામે અફઘાનિસ્તાનની સરહદમાં ઘૂસીને પાકિસ્તાન જે હુમલા કરી રહ્યું છે તે વાસ્તવમાં આંતરરાષ્ટ્રીય માનવીય કાયદાઓનું ઉલ્લંઘન અને એક ક્રૂર 'નરસંહાર' છેભારતના પ્રતિનિધિ પી. હરીશે યુએનએસસી માં પાકિસ્તાનની બેવડી નીતિને ખુલ્લી પાડતા જણાવ્યું કે, પાકિસ્તાન આતંકવાદ સામેની કાર્યવાહીના બહાને અફઘાનિસ્તાનના સામાન્ય અને નિર્દોષ નાગરિકોની હત્યા કરી રહ્યું છે. "આ પાકિસ્તાનના પાખંડનું સૌથી મોટું ઉદાહરણ છે. કોઈ નરસંહાર કરનાર દેશ પોતાના પાપને છુપાવવા માટે જો તેને 'સૈન્ય ઓપરેશન' કે મિલિટરી એક્શનનું નામ આપી દે, તો તે પોતાના આ ભયાનક પાપમાંથી મુક્ત થઈ જતો નથી."યુનાઈટેડ નેશન્સ અસિસ્ટન્સ મિશનના સત્તાવાર આંકડાઓનો હવાલો આપતા ભારતે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૬ ના શરૂઆતના માત્ર ૩ મહિનામાં જ પાકિસ્તાની હુમલામાં અફઘાનિસ્તાનના ૩૭૨ સામાન્ય

અનુસંધાન પાના નં.૪ પર


## ઈરાન સાથે યુદ્ધ પર ટ્રમ્પની ઇઝરાયલી પીએમને કડક ચેતવણી

**નેતન્યાહુ એકલા પડી જશો, કોઈ મદદ મળશે નહીં : ઈઝરાયલ માટે ઈરાન સામે યુદ્ધ ન કરવું તે વધુ સારું રહેશે**

વોશિંગ્ટન : અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહુને ઈરાન સાથે સંઘર્ષ ટાળવા કહ્યું છે. ટ્રમ્પે નેતન્યાહુને ચેતવણી આપી હતી કે ઈરાન સામે મોટા પાયે લશ્કરી હુમલો કરવાથી ઈઝરાયલ વૈશ્વિક રીતે અલગ પડી શકે છે. ટ્રમ્પની આ ચેતવણી ઈઝરાયલ અને ઈરાન દ્વારા એકબીજા પર હુમલો કરવામાં આવ્યા બાદ અને પશ્ચિમ ફરી એકવાર યુદ્ધ જેવું બની ગયા પછી આવી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે બેન્જામિન નેતન્યાહુ સાથેની તેમની વાતચીતની વિગતો એક્સિઓસ સાથે શેર કરી છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે કહ્યું હતું કે, બીબી (બેન્જામિન નેતન્યાહુ), તમારે સાવચેત રહેવું જોઈએ. જો તમે ઈરાન પર સંપૂર્ણ પાયે હુમલો કરશો, તો તમે ટૂંક સમયમાં એકલા પડી જશો. ટ્રમ્પે આ સંઘર્ષને યુએસ-ઈરાન કરાર માટે ખતરો પણ ગણાવ્યો છે.બીબી, તમારે સાવચેત રહેવું જોઈએ, નહીં તો તમે ટૂંક સમયમાં એકલા પડી જશો. ઈરાન સાથેના સંઘર્ષમાં, તમારે લશ્કરી હુમલાઓનો આશરો લેવો જોઈએ નહીં. આનાથી અમેરિકાની તેહરાન સાથે કરાર થવાની શક્યતા પણ ઘટી જશે.ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી એવા સમયે આવી છે જ્યારે રવિવારે ઈઝરાયલે લેબનોનમાં મોટા પાયે હુમલા કર્યા હતા, જેના કારણે ઈરાને જવાબમાં ઈઝરાયલ પર મિસાઈલો છોડવા માટે પ્રેરિત થયા હતા, .

## કચ્છના ઈતિહાસનો એક કરૂણ અધ્યાય..!



૧૯૯૮ના વિનાશક વાવાઝોડા બાદ કંડલા બંદર અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલા તબાહીના દશ્યો આ હોનારતે કચ્છના ઈતિહાસમાં એક કરુણ અધ્યાય લખ્યો હતો.કંડલા વાવાઝોડાની તબાહી માત્ર ઈતિહાસ નથી, પરંતુ ભવિષ્યમાં આવનારી કુદરતી આફતો સામે સાવચેત રહેવાનો જીવંત સંદેશ પણ છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
જેઠ વદ - ૯, તા.૯ જૂન, મંગળવાર

## કંડલા વાવાઝોડું ૧૯૯૮ : વિનાશમાંથી વિકાસ સુધીની સફર, પરંતુ હજુ પણ કેટલાક પાઠ અધૂરા



**"૧૯૯૮ની તબાહીએ કંડલાને મજબૂત બનાવ્યું, પરંતુ કુદરતી આફતો સામેની સંપૂર્ણ સજ્જતા હજુ પણ સમયની માંગ છે."**

જૂન ૧૯૯૮માં કચ્છના દરિયાકાંઠે આવેલા કંડલા અને આસપાસના વિસ્તારો પર ત્રાટકેલા વિનાશક વાવાઝોડાએ ગુજરાતના ઈતિહાસમાં સૌથી ભયાનક કુદરતી આફતોમાં સ્થાન મેળવ્યું હતું. અંદાજે ૧૬૫ થી ૧૯૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવનો અને દરિયાઈ તોફાનના મોજાંએ કંડલા બંદર, ગાંધીધામ, અંજાર અને દરિયાકાંઠાના અનેક ગામોમાં ભારે તબાહી સર્જી હતી. હજારો લોકોના જીવ ગયા, લાખો લોકો અસરગ્રસ્ત બન્યા અને કરોડો રૂપિયાની સંપત્તિ ક્ષણોમાં નષ્ટ થઈ ગઈ હતી.તે સમયના કંડલા પોર્ટને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. જેટીઓ, ગોડાઉનો,

**બંદરના ગોડાઉન, ક્રેન્સ, વહીવટી ઇમારતો અને અન્ય સુવિધાઓને ભારે નુકસાન થયું હતું. : ૧૫ જેટલા જહાજો ડૂબી ગયા હતા અને કેટલાક જહાજો તોફાની મોજાંથી દૂર ફંગોળાઈ ગયા હતા. : માત્ર કંડલા વિસ્તારમાં જ નુકસાનનો અંદાજ આશરે ૧,૮૫૫ કરોડ સુધી પહોંચ્યો હતો.**

વીજ પુરવઠા વ્યવસ્થા, સંચાર નેટવર્ક અને બંદર સાથે જોડાયેલી વિવિધ સુવિધાઓને વ્યાપક અસર પહોંચી હતી. અનેક જહાજો અને બોટો નુકસાન પામી હતી. બંદર વિસ્તારના ઔદ્યોગિક અને વ્યાપારી કારોબાર પર પણ ગંભીર અસર પડી હતી. જાનમાલની ખાના-ખરાબી એટલી વ્યાપક હતી કે સમગ્ર દેશનું ધ્યાન કચ્છ તરફ ખેંચાયું હતું.જો કે આ વિનાશ વચ્ચે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા ત્વરિત નિર્ણયો નોંધપાત્ર રહ્યા હતા. બચાવ અને રાહત કામગીરી માટે સેનાના દળો, નૌકાદળ અને વાયુસેનાને તાત્કાલિક કાર્યરત કરવામાં આવ્યા હતા. રસ્તાઓ ખુલ્લા કરવાથી લઈને વીજળી અને સંચાર વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા સુધીના પ્રયાસો ઝડપથી હાથ ધરાયા હતા. કંડલા બંદરની કામગીરી ફરી શરૂ થાય તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ નિર્ણાયક કામગીરીના કારણે કંડલા ધીમે ધીમે ફરી ઊભું થઈ શક્યું હતું.

**૧,૧૭૩ લોકોના મોતઃ ૧,૭૭૪ લોકો ગુમ જાહેર કરાયા હતા. : વિવિધ સ્વતંત્ર અહેવાલો મુજબ વાસ્તવિક મૃત્યુઆંક ૪,૦૦૦થી ૧૦,૦૦૦ વચ્ચે હોવાનું માનવામાં આવે છે.**

આજે લગભગ ત્રણ દાયકાઓ બાદ કંડલા માત્ર પુનઃસ્થાપિત જ નથી થયું, પરંતુ દેશના અગ્રણી બંદરોમાં સામેલ છે. આધુનિક ટેકનોલોજી, સુધારેલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વધારેલી કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા અને આપત્તિ વ્યવસ્થાપનની વધુ સક્ષમ વ્યવસ્થાઓ સાથે કંડલાએ વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે. વાવાઝોડા બાદ બંદર સત્તાધીશો અને સરકાર દ્વારા આપત્તિ પૂર્વ તૈયારી, ચેતવણી વ્યવસ્થા અને માળખાકીય મજબૂતાઈ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.પરંતુ પ્રશ્ન એ છે કે શું ૧૯૯૮ની હોનારતમાંથી તમામ

**"૧૯૯૮ના કંડલા વાવાઝોડાએ માત્ર હજારો જીવ લીધા નહોતા, પરંતુ દેશના સૌથી મહત્વપૂર્ણ બંદરોમાંથી એક એવા કંડલાની આર્થિક નસોને પણ હચમચાવી નાખી હતી. છતાં કચ્છે વિનાશમાંથી વિકાસનો માર્ગ શોધી સમગ્ર દેશ માટે પુનઃનિર્માણનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું."**

જરૂરી પાઠ શીખી લેવાયા છે? જવાબ સંપૂર્ણ હકારાત્મક નથી. આજે પણ કચ્છના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં ચક્રવાત આશ્રયસ્થાનોની સંખ્યા અને સુવિધાઓ અંગે પ્રશ્નો ઊભા થાય છે. કેટલાક વિસ્તારોમાં ઝડપી સ્થળાંતર વ્યવસ્થા, સ્થાનિક સ્તરે આપત્તિ જાગૃતિ અને સંકલિત પ્રતિસાદ વ્યવસ્થામાં વધુ સુધારાની જરૂરિયાત અનુભવાય છે. ઔદ્યોગિક વિકાસ અને બંદર વિસ્તરણની ગતિ સાથે પર્યાવરણ અને આપત્તિ જોખમ વ્યવસ્થાપન વચ્ચેનું સંતુલન જાળવવું પણ એટલું જ જરૂરી છે.૧૯૯૮નું કંડલા વાવાઝોડું માત્ર એક કુદરતી આફત નહોતું; તે શાસન, આયોજન અને માનવ સંકલ્પશક્તિની કસોટી હતી. આ હોનારતે બતાવ્યું કે સમયસરના નિર્ણયો અને સુદૃઢ ઈચ્છાશક્તિ દ્વારા વિનાશમાંથી પણ વિકાસનો માર્ગ તૈયાર કરી શકાય છે. આજે જ્યારે અરબી સમુદ્રમાં ચક્રવાતોની આવર્તનતા અને તીવ્રતા અંગે ચિંતાઓ વ્યક્ત થઈ રહી છે, ત્યારે ૧૯૯૮ના કંડલાના પાઠોને માત્ર ઈતિહાસના પાનાંઓમાં સીમિત રાખવાના બદલે વર્તમાન અને ભવિષ્યની નીતિઓમાં જીવંત રાખવાની જરૂર છે.કંડલાએ વિનાશમાંથી વિકાસનો માર્ગ શોધી લીધો છે, પરંતુ આપત્તિ સામે શૂન્ય બેદરકારી અને સતત સજ્જતા જ ૧૯૯૮ની હોનારતને સાચી શ્રદ્ધાંજલિ બની શકે.

## ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રમાં ભારતની આગેકૂચ : ચિરાગ પાસવાન




**અમદાવાદમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રના વિકાસ માટે બે દિવસીય ઉચ્ચ સ્તરીય પ્રાદેશિક નીતિ સંવાદનો પ્રારંભ : રાજ્યમાં NIFTEM જેવી સંસ્થાઓની સ્થાપના જરૂરી : જીતુભાઈ વાઘાણી**

અમદાવાદઃ કેન્દ્ર સરકારના ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન તેમજ ગુજરાતના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે 'અનલોકિંગ વેલ્યૂ: એડવાન્સિંગ ફૂડ પ્રોસેસિંગ ફોર એમ્પ્લોયમેન્ટ જનરેશન એન્ડ સસ્ટેનેબલ ગ્રોથ ઈન સાઉથ એશિયા' વિષય પર બે દિવસીય પ્રાદેશિક નીતિ સંવાદનો પ્રારંભ થયો હતો.

કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને ઉદ્ઘાટન સત્રને સંબોધતા જણાવ્યું કે ભારત વૈશ્વિક ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રમાં અગ્રણી કેન્દ્ર તરીકે ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે મૂલ્યવર્ધન, આધુનિક ટેક્નોલોજીના વ્યાપક ઉપયોગ અને પ્રાદેશિક સહયોગના મહત્ત્વ પર ભાર મૂકતાં જણાવ્યું કે આ પરિબળો દક્ષિણ એશિયાની ખાદ્ય અર્થવ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્ર કૃષિ અને સમૃદ્ધિ વચ્ચેનો મહત્ત્વપૂર્ણ સેતુ છે. આ ક્ષેત્ર રોજગારીની નવી તકોનું સર્જન કરવા, પાકની લણણી પછી થતાં નુકસાનમાં ઘટાડો કરવા, ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ ખાદ્ય સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે વિશાળ ક્ષમતા ધરાવે છે. વડાપ્રધાન ના નેતૃત્વમાં ભારત સરકારની નીતિગત પહેલો અને આધુનિક માળખાગત સુવિધાઓના વિકાસના પરિણામે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ખાદ્ય મૂલ્ય શૃંખલાઓ (ફૂડ વેલ્યૂ ચેઈન્સ)નું નિર્માણ શક્ય બન્યું છે, જે દેશના કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને નવી દિશા આપી રહ્યું છે તેમ તેમણે

અનુસંધાન પાના નં.૪ પર

## કેન્દ્રીય કેબીનેટમાં ૧૨ મંત્રીઓ - ખાતા બદલાશે

નવી દિલ્હી રાજ્યસભાની ચૂંટણી બાદ કેન્દ્રીય કેબીનેટમાં મોટા ફેરફારો થવાની અટકળો જોર પકડવા લાગી છે. અમુક કેબીનેટ પ્રધાનોની સાથોસાથ અનેક રાજ્યકક્ષાના મંત્રીઓ પણ બદલાશે. જો કે, ક્યા મંત્રાલયોમાં ફેરફાર થશે તે વિશે કોઇ સ્પષ્ટ સંકેતો નથી છતાં એવી ચર્ચા છે કે એકાદ ડઝન મંત્રીઓ બદલાશે. માહિતગાર સૂત્રોના કહેવા પ્રમાણે ૧૮ જુને રાજ્યસભાની ચૂંટણી બાદ કેન્દ્રીય કેબીનેટમાં ફેરફાર થશે. ભાજપે ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં આવતા વર્ષે યોજાનારી વિદાનસભા ચૂંટણીઓથી તૈયારી શરૂ કરી છે અને તેને ધ્યાનમાં રાખીને જ મોટા નિર્ણય થઇ શકે છે. ઓછામાં ઓછા બે કેબીનેટ મંત્રીની વિદાય થશે. આ ઉપરાંત એક સીનીયર મંત્રીને દક્ષિણ ભારતીય રાજ્યનું સંગઠન સુકાન સોંપવામાં આવશે. રાજકીય ચર્ચા એવી છે કે મોદી કેબીનેટમાં હવે જેડી યૂ, ટીડીપી, એનસીપી તથા આરએલએમ જેવા સહયોગી પક્ષોને પ્રતિનિધિત્વ મળી રહે છે. નીતીશકુમારની જેડીયૂ તથા ચંદ્રાબાબુ નાયડુની ટીડીપીને લાભ થશે. અન્ય સાથી પક્ષોને રાજ્ય કક્ષાના મંત્રી બનાવાશે. એમ કહેવાય છે કે રાજ્યસભામાં રીપીટ નહીં થયેલા પ્રધાનોને સંગઠનની જવાબદારી સોંપવામાં આવશે. ૭૦ વર્ષથી વધુની વય ધરાવતા રાજ્યસભાના સાંસદોને બદલાવીને નવા ચહેરાને તક આપવામાં આવશે.

અનુસંધાન પાના નં.૪ પર

## ઉદ્યોગકારોની દશા બગડી : હવે ડોલરની અછતનો વકરી સમસ્યા

## યુદ્ધની અસરનો હવે કંડલા-મુંદરા સહિતના નિકાસકારો સુધી રેલો : વિદેશોના પેમેન્ટ અટકયાની ચર્ચા

**ઉર્જા સંકટ, કાચા માલની અછત, શ્રમિકોની તંગી સહીત વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહેલા નિકાસકારોને હવે વર્કિંગ કેપિટલનો આવ્યો નવો પડકાર**

અમદાવાદ : મધ્ય પૂર્વના યુધ્ધથી વેપાર ઉદ્યોગકારોની દશા બગડી ગઇ છે. ઉર્જા સંકટ, કાચા માલની અછત, શ્રમિકોની તંગી સહિત અનેકવિધ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ત્યારે હવે પેમેન્ટનો પ્રશ્ન સર્જાયો છે. ડોલરની અછતને કારણે નિકાસકારોના પેમેન્ટ અટકવા લાગ્યા છે જેને પગલે હવે વર્કિંગ કેપિટલનો નવો પડકાર ઉભો થયો છે.ગુજરાતના ખાસ કરીને ટેક્સ ટાઈલ્સ તથા કેમીકલ્સ નિકાસકારોને પેમેન્ટ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.આફ્રિકન દેશોમાં માલની ડીલીવરી થઇ ગઇ હોવા છતાં ડોલરની અછતથી પેમેન્ટ અટવાયા છે.છેલ્લા બે-અઢી મહિનાથી આ હાલત ઉભી થઇ છે. પરિણામે વર્કિંગ કેપીટલ સાઇકલ વેરવિખેર થવાનું અને નિયમનોની સમસ્યા સર્જાવાની ભીતિ છે. જાણકારોના કહેવા પ્રમાણે પશ્ચિમી એશિયાના યુધ્ધને કારણે ક્રૂડતેલ ઉછળતા આ હાલત સર્જાઇ છે. સંપૂર્ણપણે આયાત પર નિર્ભર દેશોને વિદેશી હુંડીયામણની કટોકટીનો સામનો કરવો પડી રહ્યો છે. પરિણામે વ્યાપાર વ્યવહારોની પતાવટ ધીમી કરી નાખવામાં આવી છે. માલ ખરીદનારા ગ્રાહકો પેમેન્ટ ચુકવવામાં મોડું કરી રહ્યા છે.લેખિત કરાર હોવા છતાં તેનું પાલન થઇ

અનુસંધાન પાના નં.૪ પર

## નીટના પેપર સેટર પરિક્ષા પુરી થયા સુધી લોક

નવી દિલ્હીઃ આગામી તા.૨૧ના રોજ યોજાનારી નીટ-અન્ડર ગ્રેજ્યુએટ પરિક્ષાના પેપર હવે લીક ના થાય તે માટે નેશનલ ટેસ્ટીંગ એજન્સી યુદ્ધ લડવા જેવી તૈયારી કરી રહી છે. એક તરફ અંતિમ પેપર કયું હશે. તે કોઈ પેપર સેટર નહી પણ આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ નકકી કરશે.તો બીજી બાજુ પુર્વ પેપરના વિવિધ વિભાગોના પ્રશ્નો તૈયાર કરનાર તમામ પેપર સેટરને જયાં સુધી પરીક્ષા પુરી થાય નહી ત્યાં સુધી તેઓને લોક એન્ડ વોચમાં રખાશે.

## ચોમાસાએ રફતાર પકડીઃ ૧૬ રાજ્યોમાં પધરામણી

નવી દિલ્હી : દક્ષિણ પશ્ચિમ ચોમાસાએ થોડા સમય માટે વિરામ લીધા પછી ગતિ પકડી છે. ૪ જૂને કેરળમાં લેન્ડફોલ કર્યા પછી, તે ૧૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પહોંચી ગયું છે. આગામી ત્રણથી ચાર દિવસમાં ચોમાસુ ઉત્તર બંગાળ પહોંચવાની ધારણા છે. આને કારણે, કેરળ, તમિલનાડુ અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ૧૧ જૂનથી પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાની ધારણા છે, જે દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગો અને બિહાર સહિત પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં વરસાદ લાવી શકે છે.હાલમાં, ઉત્તર ભારતમાં તાપમાન ફરી એકવાર ૪૫ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, દક્ષિણપશ્ચિમ ચોમાસું અત્યાર સુધીમાં કેરળ, તમિલનાડુ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર, તેલંગાણા સહિત તમામ સાત પૂર્વોત્તર રાજ્યોમાં પહોંચી ગયું છે.

## રાજ્યના આરોગ્ય વિભાગનો મહત્વપૂર્ણ નિર્ણય

**આઉટસોર્સિંગ કર્મચારીઓને હિસાબી અને નાણાકીય કામગીરી નહીં સોંપાય**


ગાંધીનગરઃ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે હિસાબી કામગીરી આઉટસોર્સિંગ ના કર્મચારીઓ ને નહીં સોંપવાનો મહત્વનો નિર્ણય લીધો છે. સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યની વિવિધ આરોગ્ય સંસ્થાઓ, કચેરીઓમાં કાર્યરત આઉટસોર્સિંગ કર્મચારીઓને નાણાકીય અને હિસાબી બાબતોને લગતી કામગીરી નહીં સોંપવાના કરેલ નિર્ણયનો ચુસ્તપણે પાલન કરવા આદેશો આપવામાં આવ્યા છે. વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર અગાઉ આઉટસિંગના કર્મચારીઓને સોંપવામાં આવેલ નાણાકીય કામગીરી પરત લઈ લેવા સૂચના અપાય છે આ કામગીરી નિયમિત નિમણૂંક ધરાવતા કર્મચારીઓને જ સોંપવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

## ૧૫ જૂને ગાંધીનગરમાં ખેડૂતો વિશાળ ટ્રેક્ટર રેલી યોજશે

ગાંધીનગર : ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ તથા ગુજરાત કિસાન કોંગ્રેસના આગેવાનોની ઉપસ્થિતિમાં મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના જબલપુર ગામે ખેડૂતોની એક મહત્વની સભા યોજાઈ હતી. ખાનગી કંપની દ્વારા નાખવામાં આવી રહેલી હેવી વીજ લાઈન અને તેના પોલ (થાંભલા) માટે ખેડૂતોને અપાતા વળતર અંગે કોઈ સ્પષ્ટતા ન કરાતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. બેઠકમાં ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી હતી કે, પૂરતું વળતર આપ્યા વગર કંપનીના કોઈ પણ માણસને ખેતરમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. ત્યારે ૧૫ જૂને ગાંધીનગરમાં ખેડૂતો વિશાળ ટ્રેક્ટર રેલી યોજશે.

## મુંદરા માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેની રજૂઆત ફળી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુન્દ્રાના ૬ રસ્તાઓને ફોરલેન બનાવવા ૬૨૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા



### મુન્દ્રા અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી સુદ્રઢ કરવા રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય : બાયપાસ અને વાઈડનીંગની કામગીરીથી ટ્રાફિક સમસ્યા થશે હળવી

ભુજ - કચ્છઉદય : કચ્છમાં માર્ગ કનેક્ટિવિટી ક્ષેત્રે આંતરમાળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોની પરિવહન વ્યવસ્થાને વેગ આપવા અને સ્થાનિક જનતાને વધુ સુવિધા આપવાની જનહિતકારી નેમ સાથે મોટી નાણાકીય મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ કચ્છના મુન્દ્રા પંથકના મહત્વના ૬ રસ્તાઓને ફોરલેન એટલે કે ચાર માર્ગીય બનાવવા માટે કુલ ૬૨૯ કરોડ રૂપિયાની માતબર રકમ મંજૂર કરી છે.

સરકારના આ નિર્ણયથી કચ્છના ઔદ્યોગિક અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેનું પરિવહન વધુ ઝડપી, સુરક્ષિત અને સરળ બનશે, જેનાથી સ્થાનિક અર્થતંત્રને પણ મોટો વેગ મળશે.

આ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાના જે મહત્વના માર્ગોને ચાર માર્ગીય કરવામાં આવનાર છે, તેમાં મુન્દ્રા લુણી વડાલા રોડના ૪.૧ કિલોમીટરના અંતરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દેશલપર સીરચા રોડના ૫.૧ કિલોમીટરના માર્ગના વાઈડનીંગ અને ઈમ્પ્રુવમેન્ટ એટલે કે પહોળા કરવા અને સુધારણા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે મુન્દ્રા ઝરપરા કાંડગરા ધ્રબ અને ઝરપરા ગામના ૫.૫ કિલોમીટરના બાયપાસ રોડ તેમજ નવીનાળ ગામના ૩.૩ કિલોમીટરના બાયપાસ રોડને પણ આ પ્રોજેક્ટમાં આવરી લેવાયા છે. તેની સાથે મોટા કાંડગરા ગામના ૪.૫ કિલોમીટરના માર્ગને તેમજ મુન્દ્રા ઝરપરા કાંડગરા રોડ ચેઈનેજ ૧૯થી ૩૯ વચ્ચેના ૨૦ કિલોમીટર લાંબા માર્ગને ફોરલેન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે.

રાજ્ય સરકારના આ પ્રજાલક્ષી અભિગમથી કચ્છના અંતરિયાળ વિસ્તારોનો વિકાસ મુખ્ય પ્રવાહ સાથે જોડાશે અને વાહનચાલકોના સમય તથા ઈંધણની પણ મોટી બચત થશે.

# તલવાણામાં ઘેટા-બકરા ચરાવવા મુદ્દે કુહાડી વડે હુમલો

**બહારના ગામના છો તેમ કહી સામ સામે ધીંગાણુ થતા કોડાય પોલીસમાં ગુનો**

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના તલવાણા ગામની સીમ વિસ્તારમાં ઘેટા - બકરા ચરાવવા મુદ્દે સામ સામે હુમલો કરવામાં આવ્યો હતો.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ તલવાણા ગામે રહેતા મોહનભાઈ શાંતિલાલ પટ્ટણીના જણાવ્યા પ્રમાણે ફરીયાદી તેમજ આરોપી પશુપાલનનો ઘેટા - બકરા ચરાવવાનો વ્યવસાય કરે છે. ફરીયાદી સીમ વિસ્તારમાં આરોપી મીઠુ જે વાડીની દેખરેખ કરે છે ત્યાં ઘેટા - બકરા ચરાવતા હતા. અન્ય આરોપી પણ ઘેટા - બકરા ચરાવવા માટે વાડીમાં આવ્યા હતા. ફરીયાદીએ વાડીમાં ઘેટા - બકરા ચરાવવાની ના પાડતા આરોપીઓ મીઠુ જુસા કોલી, ફકીરમામદ જાકબ જત, સિકંદર જાકબ જત, જાકબ નુરમામદ જત ઉશ્કેરાઈ ગયા અને ઉંધી કુહાડી, લાકડી વડે હુમલો કર્યો હતો. તેમાં ફરીયાદી તેમજ તેના ભત્રીજાને ઈજાઓ થઈ હતી.

ફરીયાદીના ઘેટા - બકરા આ વાડીમાં ચરતા હોવા છતાં મીઠુએ અન્ય આરોપીઓને જાણી જોઈને વાડીમાં પ્રવેશ આપી તેઓ ઘેટા - બકરા ચરાવતા હોઈ ઝઘડો થયો, જેથી દ્વેષ ભાવના સહિતની બાબતે વિવિધ કલમો તળે ગુનો દાખલ કર્યો છે. કોડાય પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

દરમ્યાન શેરડી ગામમાં રહેતા ફકીરમામદ જાકબ જતે પ્રતિ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યા પ્રમાણે તેઓ તલવાણા સીમ વિસ્તારમાં આવેલી વાડીમાં પોતાના ઘેટા - બકરા ચરાવવા ગયા હતા ત્યારે આરોપીઓએ તમે બહાર ગામના છો. અહીં ઘેટા - બકરા ચરાવવા કેમ આવ્યા ? તેમ કહી ઝઘડો કરી ફરીયાદીના ભાઈ સિકંદરને દાંતરડા વડે ઈજા પહોંચાડવામાં આવી હતી. જેથી પોલીસે મોહન શાંતિલાલ પટ્ટણી, વિનોદ દિનેશભાઈ પટ્ટણી, ગોવિંદ દિનેશભાઈ પટ્ટણી વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## મોટા ધાવડામાં ૧૫ હજારના વાયર ચોરાયા, ૪૦ હજારનું નુકશાન

ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના મોટા ધાવડામાં વીજ વાયર ચોરાયા હતા. મુળ યુપીના હાલે રવાપરમાં રહેતા મહેન્દ્ર પ્રતાપસિંહ ઉદયરાજસિંહ ચૌહાણના જણાવ્યા પ્રમાણે કોઈ ચોર ઈસમે આઈનોક્ષ કંપનીની નખત્રાણા તાલુકાના લાખીયારવીરા ગામની સીમમાં આવેલી પવનચક્કીના લોકેશન નંબર યુએસડી ૬૩૬ નો દરવાજો ખોલી તેમાં મશીનરીના ભાગો અને અર્થીંગ કેબલમાં નુકશાન કરી ખાંભલા ગામની સીમમાં આવેલ પવનચક્કીના ટ્રાન્સફોર્મરમાં મશીનરી અને કેબલને ૪૦ હજારનું નુકશાન પહોંચાડયું હતું. આ સિવાય અર્થીંગ કેબલ કાપીને ૧૫ હજારની ચોરી કરવામાં આવી હતી. જેથી નખત્રાણા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## મુંદરાના ધ્રબ રેલવે યાર્ડમાં ૪૬ હજારના તેલના પાઉચ ચોરાયા

ભુજ - કચ્છઉદય : મુંદરામાં આવેલા ધ્રબ રેલવે યાર્ડમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. આરોપી કાર લઈને આવ્યો અને તેલના પાઉચ ભરી ગયો હતો. મુળ રાજસ્થાન હાલે શક્તિનગરમાં રહેતા નથુરામ બુધારામ ખાતીના જણાવ્યા પ્રમાણે રેલવે યાર્ડ પર ૧૫ કિલો વનસ્પતિ ઘીના ૧૯ ડબ્બા રાખવામાં આવ્યા હતા. ૪૦૩૭૫ ના આ ડબ્બા તેમજ કિંગ્સ રીફાઈન્સ સોયાબીનના ચાર કાર્ટુનમાંથી ૪૮ પાઉચ, કિંમત રૂ. ૫૭૬૦ મળી કુલ્લ ૪૬૧૩૫ ના મુદ્દામાલની ચોરી કરી હતી. રાત્રીના એક વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા ઈસમે કાર લઈને આવી મુદ્દામાલ ભરી ભાગી ગયો હતો. જેથી મુંદરા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# બહુચર્ચિત ૧૦ કરોડની ખંડણીના કેસમાં આરોપીને આગોતરા જામીન પર કરાયો મુક્ત

ગાંધીધામ : બહુચર્ચિત ૧૦ કરોડની ખંડણીના કેસમાં આરોપીને આગોતરા જામીન પર ગાંધીધામના આઠમાં એડી. સેસન્સ જજની કોર્ટે મુક્ત કર્યો હતો. આ કેસની વધુ વિગતો મુજબ બી.એન.એસ.ની કલમ ૩૦૮(૨), ૩૦૮(૬), ૩૫૧(૨), ૬૧(૨) તથા આઈ. ટી એમેમેંટ એક્ટ-૨૦૦૮ની કલમ ૬૯, વાળા કેસની હકીકત એ મુજબ છે કે, આ કામે ફરિયાદી મેહુલ રામજીભાઇ નાકરે તેમના માતાશ્રીના નામે અંજાર તાલુકાનાં વરસામેડી ગામની સર્વે નં- ૫૧૨/ પૈકી ૧/ પૈકી ૧ બીનખેતી વાળી તથા ખેતી વાળી જમીન ટાઈટલ ક્લીયરથી ખરીદ કરેલ હોવા છતાં આરોપીઓએ આ જમીનો બાબતે ખોટી અરજીઓ કરી ખોટા વાંધાઓ આપી આ ખોટા વાંધા અને અરજીઓ નહી કરવા બાબતે ફરિયાદી પાસેથી રૂપિયા લેવાના બદ ઈરાદાથી ફરિયાદી સામે ખોટા દસ્તાવેજ બનાવી ખોટી ફરિયાદો દાખલ કરવાની ધમકીઓ આપી ફરિયાદી પાસેથી રૂ. ૫૦,૦૦,૦૦૦/- લઈ અને વધુ રૂપિયા ૧૦ કરોડની માંગણી કરી તેમજ વીવીધ અખબારોમાં ફરિયાદી તથા ફરીયાદીના પરિવારની આબરૂને હાનિ થાય તેવા સમાચાર છપાવી ફરિયાદીના જીવને જોખમમાં મૂકવાની ધમકીઓ આપેલ હોઇ આરોપીઓએ એકબીજાની મદદગારી કર્યા બાબતની ચાર આરીપીઓ વિરુદ્ધ ગાંધીધામ એ ડિવિઝનમાં ફરીયાદ દાખલ કરાવેલ. તે ૫ કી આરોપી નરેંદ્ર ઠક્કર તરફથી ગાંધીધામના આઠમાં એડી. સેસન્સ જજ સાહેબની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરવામાં આવેલ. આ જામીન અરજીમાં વકીલશ્રી આર. એચ. ભાવસાર, એસ. આર. સોનકર, એ. કે. રાઠોડ, અને એ.પી.ગોસ્વામીની દલીલો માન્ય રાખી નામદાર કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી મંજૂર કરેલ.

---

**મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિન:૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફેક્સ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ** અરજી નં. ૮૨/૨૦૨૬

અરજદારશ્રી ઠાકોર તુલશી ધરમશીભા,
રહે.DBZ-S-૧૩૦-એ, ગાંધીધામ-કચ્છ. .................... અરજદાર
**વિરૂધ્ધ**
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. .................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

**સંદર્ભ:- શ્રી અરજદારશ્રી ઠાકોર તુલશી ધરમશીભા, રહે.DBZ-S-૧૩૦-એ, ગાંધીધામ-કચ્છ ની ૧૧/૦૫/૨૦૨૬ વાળી અરજી**

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી અરજદારશ્રી ઠાકોર તુલશી ધરમશીભા, રહે.DBZ-S-૧૩૦-એ, ગાંધીધામ-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેમના પુત્રી આસ્થાબેન તુલસીભાઇ ઠાકોર નો જન્મ તા.૧૯/૧૨/૨૦૧૦ ના રોજ DBZ-S-૧૩૦-એ, ગાંધીધામ-કચ્છ ખાતે થયેલ છે. પરંતુ તેમના પુત્રી આસ્થાબેન તુલસીભાઇ ઠાકોર ની જન્મની નોધ મહાનગરપાલિકા, ગાંધીધામના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૮૨/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પુત્રી આસ્થાબેન તુલસીભાઇ ઠાકોર ની જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના અને જન્મ ઘરે થવાના કારણે કરાવવાની રહી ગયેલ હોઇ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૬/૦૬/૨૦૨૬ — **એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ગાંધીધામ કચ્છ.**

---

**જાહેર હરાજી – નિવિદા**

આથી જિલ્લા પંચાયત પ્રાથમિક હિન્દી શાળા નં.૨, આદિપુર (કચ્છ) શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ દ્વારા જિલ્લા પંચાયત પ્રાથમિક હિન્દી શાળા નં.૨, લોહાણા મહાજન વાડીની સામે આદિપુરમાં આવેલ પાકા રૂમ-૪ (ચાર) જર્જરિત હાલતમાં હોઇ તેને તોડી તેનો કાટમાળ લઇ જવાની શરતે જાહેર હરાજી જિલ્લા પંચાયત પ્રાથમિક હિન્દી શાળા નં.૨, લોહાણા મહાજન વાડીની સામે આદિપુર કચ્છ મધ્યે **તા. ૧૨/૦૬/૨૦૨૬ શુક્રવારના સવારે : ૧૧.૦૦** કલાકે રાખવામાં આવેલ છે.

હરાજીમાં ઉપસ્થિત વ્યક્તિઓને હરાજી અંગેની શરતો વાંચી સંભળાવવામાં આવશે.

**મહતો દૌલતી દેવી મુકેશ**
અદ્યક્ષશ્રી,
શાળા વ્યવસ્થાપન સમિતિ

**સુનીતાબેન એ. શ્રીવાસ્તવ**
આચાર્યશ્રી,
શ્રી આદિપુર પં.પ્રા. હિન્દી શાળા નં.-૨
આદિપુર -કચ્છ.

---

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** જન્મ નોંધણી અરજી રજિ નં.૧૯૯/૨૦૨૬

શ્રી સમજુબેન ગંગાસિંહ સોલંકી,
રહે. જેગોલ,તા.દાંતીવાડા.જી-બનાસકાંઠા ........................ અરજદાર
**વિરૂધ્ધ**
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, ટીંડલવા, તા. રાપર-કચ્છ. ........................ સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી સમજુબેન ગંગાસિંહ સોલંકી, રહે.જેગોલ.તા.દાંતીવાડા.જી.બનાસકાંઠા વાળાએ તા.૧૦/૦૩/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના માતા રાજુબા કરણજી જાડેજા(પસાયા) નો જન્મ મોજેઃ ટીંડલવા, તા. રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૬/૨૦૦૩ ના રોજ થયેલ છે. પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ ટીંડલવા, તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૦૩ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૯૯/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ- ૧૯/૦૫/૨૦૨૬ — **(એચ.બી. વાઘેલા)** એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

---

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** જન્મ નોંધણી અરજી રજિ નં.૨૧૦/૨૦૨૬

શ્રી સોની ઉર્મિલાબેન શાંતિલાલ,
રહે. મુ.બેલા, તા.રાપર-કચ્છ ........................ અરજદાર
**વિરૂધ્ધ**
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, બેલા, તા. રાપર-કચ્છ. ........................ સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી સોની ઉર્મિલાબેન શાંતિલાલ, રહે.બેલા,તા.રાપર વાળાએ તા.૨૭/૦૨/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજે.બેલા, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૭/૧૦/૧૯૮૦ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ બેલા, તા. રાપર-કચ્છના વર્ષ-૧૯૮૦ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નું. ૨૧૦/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ- ૧૯/૦૫/૨૦૨૬ — **(એચ.બી. વાઘેલા)** એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

---

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૨૨૬/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૧/૦૬/૨૦૨૬
જન્મ રજી.નં.૨૨૬/૨૦૨૬

શ્રી અનીતા યાદવ વા/ઓ રામ સજીવન
રહે. આધોઈ, તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
**વિરૂધ્ધ**
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી આધોઈ, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે નેહા રામ સજીવન યાદવ નો જન્મ તા.૦૪-૧૧-૨૦૦૪ ના રોજ ગામ આધોઈ તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે.તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. — **એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**

---

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૨૨૫/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૧/૦૬/૨૦૨૬
જન્મ રજી.નં.૨૨૫/૨૦૨૬

શ્રી અનીતા યાદવ વા/ઓ રામ સજીવન
રહે. આધોઈ, તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
**વિરૂધ્ધ**
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી આધોઈ, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે કાજલ રામ સજીવન યાદવ નો જન્મ તા.૧૭-૦૧-૨૦૦૬ ના રોજ ગામ આધોઈ તા.ભચાઉ મધ્યે થયેલ તેવું અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. — **એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**

---

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૨૧૬/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૧/૦૬/૨૦૨૬
જન્મ રજી.નં.૨૧૬/૨૦૨૬

શ્રી ગોવા વેલા રબારી
રહે. જંગી, તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
**વિરૂધ્ધ**
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી જંગી, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે સિતાબેન ગોવા રબારી નો જન્મ તા.૦૧-૧૦-૧૯૯૭ ના રોજ ગામ જંગી તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે.તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું, કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. — **એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**

---

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૨૨૪/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૧/૦૬/૨૦૨૬
જન્મ રજી.નં.૨૨૪/૨૦૨૬

શ્રી અનીતા યાદવ વા/ઓ રામ સજીવન
રહે. આધોઈ, તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
**વિરૂધ્ધ**
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી આધોઈ, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે માયા રામ સજીવન યાદવ નો જન્મ તા. ૧૪-૦૧-૨૦૦૭ ના રોજ ગામ આધોઈ તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે.તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. — **એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ (ST) પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયાને સંપૂર્ણ ડિજિટલ બનાવવામાં આવી છે. નાગરિકો હવે ઘરે બેઠાં ડિજિટલ ગુજરાત પોર્ટલના માધ્યમથી અરજી કરી શકે છે અને મંજૂરી બાદ પ્રમાણપત્ર સીધું જ ડિજિટલ માધ્યમથી મેળવી શકે છે.

અનુસૂચિત જનજાતિ (ST)
પ્રમાણપત્ર
હવે ઘરે બેઠાં ઓનલાઈન

ST પ્રમાણપત્ર ઓનલાઈન કઈ રીતે મેળવવું? જાણો...



**ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા**

- **પોર્ટલ વિઝિટ કરો:** www.digitalgujarat.gov.in પોર્ટલ પર જઈ 'નાગરિક સેવાઓ' (Citizen Services) વિકલ્પ પસંદ કરો.
- **યોગ્ય સેવા પસંદ કરો:** સેવાઓની યાદીમાં અનુક્રમ નંબર 33 (જ્ઞાતિ ST પ્રમાણપત્ર - સુગમ) પર ક્લિક કરો.
- **ઘરે બેઠાં ફોર્મ ભરો:** કોઈપણ કચેરીએ ગયા વિના ઓનલાઇન માધ્યમથી સીધું જ ફોર્મ ભરી શકાશે.
- **આધાર-પુરાવા અપલોડ કરો:** ગુજરાત અનુસૂચિત આદિજાતિ (પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઈ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો-૨૦૨૦ ના "નમૂના-ક" મુજબના આધાર-પુરાવા અપલોડ કરવા માટે તૈયાર રાખો.

**સેવાની વિશેષતાઓ અને લાભ**

- **ડિજિટલ માધ્યમથી પ્રમાણપત્રની પ્રાપ્તિ:** અરજી મંજૂર થયા પછી પ્રમાણપત્ર વોટ્સએપ અથવા ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવશે.
- **ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ:** લાભાર્થીઓને બંને ભાષામાં પ્રમાણપત્ર મેળવવાની સુવિધા આપવામાં આવી છે.
- **સેવાની શરૂઆત:** આ આધુનિક સેવા સમગ્ર ગુજરાતમાં તા. ૨૪/03/૨૦૨૬થી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ડિજિટલ માધ્યમથી ઘરે બેઠાં ST પ્રમાણપત્રની પ્રાપ્તિ, એ છેવાડાના માનવીના સશક્તિકરણ અને 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મજબૂત કદમ છે.
- શ્રી હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત




Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# અદાણી ફાઉને ઝરપરા ગામને આપ્યું આધુનિક વિકાસનું નવું સ્વરૂપ
## અત્યાધુનિક ગૌશાળા, શૈક્ષણિક સંકુલ અને સ્પોર્ટ્સ ક્લબનું લોકાર્પણ



મુન્દ્રા : અદાણી ફાઉન્ડેશનના સહયોગથી મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામમાં અત્યાધુનિક ગૌશાળા, આઈ શ્રી સોનલ સરસ્વતી વિદ્યામંદિરનું આધુનિક શૈક્ષણિક સંકુલ અને સ્પોર્ટ્સ ક્લબ (કબડ્ડી શેડ)નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ગામના લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં રક્ષિત શાહ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, અદાણી પોર્ટ્સ, ભરતભાઈ મોદી, આઈ લક્ષ્મી માતાજી, આઈ શ્રી પરમા માતાજી, ગિરીશ આપા સહિત અદાણી ફાઉન્ડેશનના સ્ટાફ અને ગામના અગ્રણીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ગ્રામ્ય વિકાસનું ઉત્તમ ઉદાહરણ આપતા આ પ્રોગ્રામ હેઠળ અદાણી ફાઉન્ડેશન કચ્છ જિલ્લાના ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, આજીવિકા, સ્વચ્છતા અને પશુપાલન જેવા અનેક ક્ષેત્રોમાં સતત કાર્યરત છે. ઝરપરા ગામમાં કરવામાં આવેલા આ વિકાસ કાર્યો તેના આ સતત પ્રયાસોનું પરિણામ છે.અદાણી ફાઉન્ડેશન દ્વારા ગામની જૂની ગૌશાળાનું સંપૂર્ણ પુનઃનિર્માણ કરી અત્યાધુનિક ગૌશાળા તૈયાર કરવામાં આવી છે.

હાલમાં અહીં ૭૦૦ ગાયોની સંભાળ લેવામાં આવી રહી છે અને ભવિષ્યમાં ૧,૫૦૦થી વધુ ગાયોને આશ્રય આપવાની ક્ષમતા ધરાવે છે. ગૌશાળામાં શુદ્ધ પીવાના પાણી, વિશાળ અને સ્વચ્છ આવાસ તેમજ આધુનિક પશુપાલન વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

અદાણી ફાઉન્ડેશન એક મુખ્ય દાતા તરીકે આઈ શ્રી સોનલ સરસ્વતી વિદ્યામંદિરને આધુનિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. શાળામાં ૧૪ વિશાળ વર્ગખંડો, સુસજ્જ હોલ અને અન્ય જરૂરી સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. વર્તમાનમાં ૧૮૦થી વધુ વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી રહ્યા છે અને ભવિષ્યમાં વધુ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી શકશે.

ઉપરાંત યુવાનોની પ્રતિભાને વિકસાવવા માટે અદાણી ફાઉન્ડેશન દ્વારા અદ્યતન સ્પોર્ટ્સ ક્લબ અને કબડ્ડી શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સુવિધાથી ઝરપરા તેમજ આસપાસના ગામોના યુવાનોને રમતગમતની શ્રેષ્ઠ તાલીમ મળી શકશે અને તેઓ તાલુકા, જિલ્લા, રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દેખાડી શકશે.આ પ્રસંગે શ્રી રક્ષિત શાહે જણાવ્યું કે, " ઝરપરા ગામને વિકાસનું આદર્શ મોડેલ બનાવવાનો અમારો સંકલ્પ છે. વિદ્યાર્થીઓને અપીલ છે કે એટલું ભણે કે અહીની જ કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા પર સ્થાન પામે, ભવિષ્યમાં દેશ-વિદેશના લોકો ઉપરાંત આ ગામની વિકાસયાત્રા જોવા આવે તેવા પ્રયાસો કરવામાં આવશે.

યુવાનોને વિશેષ અપીલ છે કે તેઓ રમતગમત ક્ષેત્રે મહેનત કરીને ઝરપરા અને કચ્છનું નામ રોશન કરે." વધુમાં તેઓએ જણાવ્યું હતું કે "સમાજની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલા વિકાસ કાર્યો જ લાંબા ગાળે અસરકારક સાબિત થાય છે. આ પ્રોજેક્ટ્સ દ્વારા અમે ભવિષ્યની પેઢી માટે સશક્ત, આત્મનિર્ભર અને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરી રહ્યા છીએ."અદાણી ફાઉન્ડેશન દ્વારા ઝરપરા ગામમાં કરવામાં આવેલા આ વિકાસ કાર્યો ગૌસેવા, ગુણવત્તાસભર શિક્ષણ અને યુવા વિકાસના ક્ષેત્રે મહત્વપૂર્ણ પગલું સાબિત થશે અને ગામને પ્રગતિના નવા શિખરો તરફ લઈ જશે.

# ગાંધીધામમાં કચરાની સમસ્યાથી કંટાળેલા વેપારીએ મનપા કચેરીએ કચરો ઠાલવ્યો





ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામના બેક્રિંગ સર્કલ વિસ્તારમાં કચરાની સમસ્યાથી ત્રસ્ત વેપારી અર્પિત વાઘાણીએ મહાનગરપાલિકા કચેરીએ કચરો લઈ જઈ રજૂઆત કરી હતી. વેપારીના જણાવ્યા મુજબ બે વખત ઓનલાઈન ફરિયાદ કરવા છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા તેમણે આ પગલું ભર્યું હતું.

મહાનગરપાલિકા કમિશનર સમક્ષ રજૂઆત કરતા ટૂંક સમયમાં સમસ્યાના ઉકેલની ખાતરી આપવામાં આવી હતી. વેપારીએ કચરાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા તેમજ નાગરિકોની ફરિયાદોને ગંભીરતાથી લેવા માંગ કરી છે.

# શ્રી રામ ગ્રુપનો નવો કીર્તિમાન : ૨૪ કલાકમાં ૫૫,૧૦૦ મેટ્રિક ટન સોલ્ટ બલ્કનું રેકોર્ડબ્રેક લોડિંગ કરાયું

ગાંધીધામ - કચ્છઉદય : બંદરીયા વિકાસથી ધમધમતા કચ્છ જિલ્લામાં શ્રી રામ ગ્રુપ દ્વારા લોડીંગ ક્ષેત્રમાં એક નવો કીર્તિમાન રચવામા આવ્યો છે.કચ્છના મહાબંદરે મેસર્સ શ્રી રામ ગ્રુપ દ્વારા કામગીરીનો એક નવો અને ઐતિહાસિક રેકોર્ડ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. શ્રી રામ ગ્રુપની ટીમે અદભુત ટીમવર્ક અને અત્યંત સચોટ આયોજનના જોરે 'ઈઆર નાઝીરે' નામના વિશાળ જહાજ પર માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં ૫૫,૧૦૦ મેટ્રિક ટન સોલ્ટ બલ્ક એટલે કે અખા મીઠાના જથ્થાનું સફળતાપૂર્વક લોડિંગ પૂર્ણ કરીને એક શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. બંદરના બેર્થ નંબર ૧૬ પર હાથ ધરવામાં આવેલી આ લોડિંગ કામગીરી ગત ૮ જૂનના રોજ સાંજે પાંચ કલાકે સંપન્ન થઈ હતી. આ ભવ્ય સફળતા બદલ બાબુભાઈ હુંબલ પરિવાર તેમજ તેમની સમગ્ર શ્રી રામ ગ્રુપની ટીમને વોટ અને શિપિંગ સેક્ટરને સંલગ્ન વ્યવસાયકારો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. મેનેજમેન્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સમગ્ર ટીમના અથાક પરિશ્રમ, સમર્પણ અને 'વન ટીમ, વન ગોલ, વન સક્સેસ'ના મંત્રને કારણે જ આ અશક્ય લાગતો લક્ષ્યાંક નિર્ધારિત સમયમાં સિદ્ધ કરી શકાયો છે. સુરક્ષિત કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને મેળવેલી આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ ગ્રુપના તમામ સભ્યોની પીઠ થાબડવામાં આવી છે અને આગામી સમયમાં પણ આ કંપની આવી જ રીતે ઉત્તરોત્તર પ્રગતિના નવા શિખરો સર કરતી રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# કચ્છમાં કોંગ્રેસે પક્ષના ત્રણ સભ્યો છ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પક્ષવિરોધી પ્રવૃત્તિઓ કરનારા સભ્યો સામે લાલ આંખ કરીને શિસ્તભંગની મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી. કે. હુંબલ દ્વારા સત્તાવાર પત્ર જાહેર કરીને પક્ષના ત્રણ સભ્યોને પ્રાથમિક સભ્ય પદેથી આગામી છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ કરાયેલા સભ્યોમાં ખાવડાના રતડિયા ગામના જુમ્માભાઈ અલીમામદભાઈ સમા તેમજ રાપર તાલુકાના રવ ગામના વિક્રમસિંહ ગુલાબસિંહ જાડેજા અને જશુભા ટપુભા જાડેજાનો સમાવેશ થાય છે. આ તમામ સભ્યોએ ગત તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ દરમિયાન પક્ષની નીતિઓ વિરુદ્ધ જઈને પક્ષવિરોધી પ્રવૃત્તિઓ કરી હોવાનું સામે આવતા આ આકરો નિર્ણય લેવાયો છે. આ અંગેની જાણ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા, કચ્છના પ્રભારી અમરાણી સાહેબ તથા સહપ્રભારી યાસીનભાઈ ગજરને પણ કરવામાં આવી છે. સંગઠનને મજબૂત રાખવા અને શિસ્તભંગ ચલાવી ન લેવાની નેમ સાથે જિલ્લા પ્રમુખે આ પત્રો જારી કર્યા છે.

# પશ્ચિમ કચ્છમાં ખનીજ ચોરી રોકવામાં ખાણ તંત્ર નિષ્ફળ : પ્રાંતને મેદાનમાં ઉતરવું પડયું

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ જિલ્લામાં ઓવરલોડ અને ખનીજ ચોરીના મામલા વધી રહ્યા છે. કાર્યવાહી કરવા માટે પશ્ચિમ કચ્છ જિલ્લામાં ભુજ ખાણ ખનીજ વિભાગ, ફલાઈંગ સ્કવોડ, આરટીઓ, પોલીસ હોવા છતાં કોઈ નક્કર કામગીરી થતી નથી. ત્યારે અંતે નખત્રાણા અને અબડાસા વિસ્તારના પ્રાંતને મેદાનમાં ઉતરવાની ફરજ પડી છે. નખત્રાણાના કોટડા જડોદર અને અબડાસામાં હાજાપર પાસે રવિવારે પ્રાંતની સુચનાથી મામલતદારે કુલ્લ ચાર ઓવરલોડ ખનીજ ભરેલી ગાડીઓ પકડી હતી ત્યારે હવે સોમવારે નખત્રાણામાં પ્રાંતે ગેરકાયદે ખનીજની અને નલિયામાં પ્રાંતે ઓવરલોડ ખનીજની ગાડીઓ પકડી છે. બન્ને વિસ્તારમાં પ્રાંત અધિકારી જતા હતા ત્યારે આ કામગીરી કરવામાં આવી હતી. સવાલ એ થાય કે અન્ય અધિકારીઓ પણ રોડ પરથી પસાર થાય છે. તેઓના ધ્યાને ખનીજ વાહનો કેમ આવતા નથી ?







**નલિયામાં પ્રાંત અધિકારી ઓવરલોડ બ્લેક ટ્રેપ ભરેલી અને નખત્રાણામાં પ્રાંતે રોયલ્ટી વગર રેતી લઈને જતા ડમ્પરને કર્યું સીઝ : રવિવારે પણ બન્ને વિસ્તારમાં ચાર ગાડીઓ પકડાઈ હતી : ભુજ, ભચાઉ અને મુંદરાના પ્રાંત અધિકારી આવી કાર્યવાહી કયારે દેખાડશે ?**

અબડાસાના નાયબ કલેક્ટર ચેતન પ્રજાપતિ દ્વારા વીર અબડા દાદા ચાર રસ્તા, નલીયા પાસેથી પસાર થતી ડમ્પર ટ્રક નંબર જીજે ૧૯ એક્સ ૯૦૯૧ ને રોકીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન રોયલ્ટી પરમીટ તથા વજનકાંટાની વિગતો ચકાસતા ટ્રકમાં ૯.૩ મેટ્રિક ટન બ્લેકટ્રેપ ખનીજ ઓવરલોડ હોવાનું જણાઈ આવ્યું હતું. આથી મામલતદાર અબડાસા એ. આર. નિનામાને જપ્તીની આગળની કાર્યવાહી સોંપવામાં આવી હતી.

તંત્ર દ્વારા અંદાજિત ૧૦ લાખ રૂપિયાની કિંમતની ઓવરલોડ ટ્રક સહિત કુલ રૂપિયા ૧૦,૧૦,૫૫૩/- નો મુદ્દામાલ સીઝ કરી નલીયા પોલીસ સ્ટેશનને કબજો સુપ્રત કરવામાં આવ્યો છે.

દરમ્યાન નખત્રાણામાં પ્રાંત અધિકારી ઉત્કર્ષ ઉજ્જવલે રામેશ્વર મંદિર પાસેથી પસાર થતા ડમ્પર નંબર જી.જે.૧૨ સીટી ૬૨૪૮ ને રોકી તેના ચાલક પાસે રોયલ્ટી પરમીટ માંગતા મળી આવી ન હતી. ૩૭.૭૫ મેટ્રીક ટન રેતીનું રોયલ્ટી વગર પરિવહન કરાતું હોવાથી નખત્રાણા મામલતદાર આર.ડી. પટેલે વાહન સીઝ કરી નખત્રાણા પોલીસમાં રખાવ્યું છે.

**ખનીજ ચોરી રોકવા મોટા ઉપાડે બનેલી ટાસ્ક ફોર્સનું 'સુરસુરીયુ'**

કચ્છ જિલ્લામાં ખનીજ ચોરી રોકવા માટે પૂર્વ અને પશ્ચિમ ખાણ ખનીજ ઉપરાંત ફલાઈંગ સ્કવોડ હોવા છતાં જોઈએ તેટલા પ્રમાણે કામગીરી ન થતા તત્કાલીન કલેક્ટર આનંદ પટેલે પોતાના સુપરવીઝનમાં ટાસ્ક ફોર્સ બનાવી હતી. તેના નોડલ તરીકે પુરવઠા અધીકારીને રાખ્યા હતા. તમામ વિસ્તારમાં પ્રાંત અધિકારી, મામલતદારને જવાબદારી સોંપવામાં આવી હતી. જો કે મહિના સુધી કામગીરી થઈ બાદમાં ચૂંટણી, મત ગણતરી, વસ્તી ગણતરી સહિતમાં ટાસ્ક ફોર્સ નિષ્ક્રિય બની અને હવે તો અધિકારીઓ પણ બદલી ગયા જેના કારણે જાણે ટાસ્ક ફોર્સનું નામોનિશાન મટી ગયું છે. જેવી કામગીરી હાલમાં નખત્રાણા અને અબડાસાના પ્રાંત કરે છે તેવી કામગીરી મુંદરા, ભુજ, અંજાર, ભચાઉના પ્રાંત અધિકારી કેમ કરતા નથી ? તેવો સવાલ ઉઠી રહ્યો છે. શું ઓવરલોડ અને ગેરકાયદે ખનીજ વાહનો માત્ર અબડાસા અને નખત્રાણામાં જ દોડે છે.?

# નિરોણાના અનામત જંગલ વિસ્તારમાં વન વિભાગે ૧૮૦ હેકટર જમીન દબાણ મુક્ત કરી

**કુલ્લ ૩૦૦ હેકટરમાં ખેતી વિષયક દબાણ દૂર કરી અહીં મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવશેઃ સાંયરામાં ૨૦ અને શીણાપરમાં ૧૦૦ હેકટર જમીનમાં ખેતી વિષયક દબાણ દુર કરાયું**





ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના નિરોણા તેમજ સાંયરા અને લખપત તાલુકાના શીણાપર જંગલ વિસ્તારમાં વન વિભાગ દ્વારા ખેતી વિષયક દબાણ દુર કરવામાં આવ્યું હતું. હવે અહીં વૃક્ષારોપણ કરવામાં આવશે.

આ અંગેની વિગતો મુજબ કચ્છ પશ્ચિમ વન વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની નખત્રાણા (પૂર્વ) રેન્જના નિરોણા ગામે આવેલ ૬૭૬૬.૨૫ હેક્ટર જમીનને અનામત જંગલ તરીકે જાહેર કરવામાં આવેલી છે. આ જમીન પૈકીના નિરોણા ભાગ-૧ ની ૧૬૮૦.૭૪ હેક્ટર જમીનમાંથી અંદાજિત ૩૦૦ હેક્ટર જમીન પર નિરોણા ગામના ખેડૂતો તથા આજુબાજુના ગામના લોકો દ્વારા ગેરકાયદેસર પ્રવેશ કરી છેલ્લા આશરે ૩૦ વર્ષથી બિનઅધિકૃત રીતે ખેતી વિષયક દબાણ કરવામાં આવ્યું હતું. આ દબાણ દૂર કરવા વન સંરક્ષક ડૉ. ધીરજ મિત્તલ તથા નાયબ વન સંરક્ષક એચ. જે. ઠક્કરના માર્ગદર્શન હેઠળ મદદનીશ વન સંરક્ષક નખત્રાણા (પૂર્વ) રેન્જ, નખત્રાણા (પશ્ચિમ) રેન્જ, માંડવી રેન્જ તથા ભુજ (પશ્ચિમ) રેન્જના પરિક્ષેત્ર વન અધિકારીઓ અને કચ્છ પશ્ચિમ વન વિભાગના કુલ ૬૫ કર્મચારીઓ તથા પોલીસ વિભાગના ૬૫ કર્મચારીઓના સંયુક્ત સ્ટાફ દ્વારા ૨૦ જે.સી. બી. મશીન અને ૧૫-ટ્રેક્ટર જેવા સાધનોની મદદથી ૩૦૦ હેક્ટર વિસ્તારમાંથી દબાણ દૂર કરવાની વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સોમવવારે પ્રથમ દિવસે ૧૮૦ હેક્ટર વિસ્તારમાંથી દબાણ દૂર કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય બાકી રહેતા દબાણગ્રસ્ત વિસ્તારમાંથી આજે દબાણ દૂર કરવામાં આવશે. આ વિસ્તારમાં દબાણ દૂર થયા બાદ આગામી વર્ષ ૨૦૨૭-૨૮ દરમિયાન નિરોણા અનામત જંગલ વિસ્તાર પૈકીના ૩૦૭ હેક્ટર વિસ્તારમાં વન વિભાગ દ્વારા વાવેતરની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉપરાંત નખત્રાણા (પૂર્વ) રેન્જના મંગવાણા રાઉન્ડના સાંયરા ગામે આવેલ સેક્શન-૪ની કુલ ૧૦૫.૭૩ હેક્ટર જમીન પૈકીની જમીનમાંથી અંદાજિત ૨૦ હેક્ટર જમીનમાં સાંયરા ગામના ખેડૂતો તથા આજુબાજુના ગામના લોકો દ્વારા ગેરકાયદેસર પ્રવેશ કરી બિનઅધિકૃત રીતે ખેતીવિષયક દબાણ કરવામાં આવ્યું હતું. આ દબાણ ૩ થી ૬ જુન દરમ્યાન દુર કરાયું હતું. જયારે દયાપર (ઉત્તર) રેન્જના ઘડુલી રાઉન્ડના શિણાપર અનામત જંગલ વિસ્તારના કુલ ૮૮૪ હેક્ટર પૈકીના ૪૩૩ હેક્ટર પૈકીમાં ૧૦૦ હેક્ટર વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવેશ કરી બિનઅધિકૃત ખેતીવિષયક દબાણ કરવામાં આવ્યું હતું. આ દબાણ પણ ૨ જુનના દુર કરાયું હતું.

નાયબ વન સંરક્ષક દ્વારા વન વિસ્તારની કોઈપણ જમીનમાં દબાણ ન કરવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે. તેમ છતાં જો કોઈ પણ વ્યક્તિ દ્વારા જંગલની જમીન પર બિનઅધિકૃત દબાણ કરવામાં આવશે, તો તેઓની વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવાયું છે.

**વન વિભાગ જાગ્યું.... 'ગૌચર' જમીનના દબાણ દૂર કરવા વહીવટી તંત્ર કયારે જાગશે ?**

પશ્ચિમ કચ્છ વન વિભાગ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં વન વિભાગની જમીન દબાણ મુક્ત કરવામાં આવી રહી છે તે સરાહનીય છે પરંતુ પશ્ચિમ કચ્છના મોટા ભાગના ગામડાઓમાં ગૌચર જમીન માત્ર કાગળ પુરતી સીમીત રહી છે. કારણ કે મોટા ભાગની જમીન પર માથાભારે તત્વોએ દબાણ કર્યા છે. કયાંક ખેતીલાયક તો કયાંક વાડા ઉભા કરી દેવામાં આવ્યા છે. રાજય સરકાર દબાણ હટાવવાની વાતો કરે છે. પ્રાંત અધિકારી, મામલતદાર, ટીડીઓ પાસે સતા હોવા છતાં કચ્છ જિલ્લામાં ગૌચર જમીનના દબાણ દુર કરવામાં આવતા નથી. લોકોનો સવાલ છે કે, જો વન વિભાગ કામગીરી કરી શકતું હોય તો જેની પાસે વ્યાપક સતા છે તે મહેસુલી વિભાગ આવી કામગીરી આપમેળે કેમ કરતું નથી. ? રાજય સરકારની સુચનાને સ્થાનીક મહેસુલી અધિકારીઓ ધોળીને પી ગયાનો તાલ જોવા મળી રહ્યો છે.

# સ્વચ્છ ગામ અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે દરેક નાગરિકની સક્રિય ભાગીદારી જરૂરી : કલેક્ટર અનિલ રાણાવસિયા

ભુજ - કચ્છઉદય : કચ્છમાં ૧૪ જૂન સુધી ઉજવવામાં આવનાર સ્વચ્છતા સપ્તાહ અભિયાનનો ભુજ તાલુકાના સુખપર ગામેથી જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાના હસ્તે સ્વચ્છતા રેલીને પ્રસ્થાન કરાવી અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરે સ્વચ્છતા જાળવવામાં જનભાગીદારીના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, સ્વચ્છ ગામ અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે દરેક નાગરિકની સક્રિય ભાગીદારી જરૂરી છે. સ્વચ્છતા માત્ર અભિયાન નહીં પરંતુ જીવનશૈલી બનવી જોઈએ. આ ટાંકણે કલેક્ટર દ્વારા સફાઈ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રેલી બાદ ગામમાં સામૂહિક સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં તમામ ઉપસ્થિતોએ શ્રમદાન કરી જાહેર સ્થળો, રસ્તાઓ તથા આસપાસના વિસ્તારોની સફાઈ કરી હતી. સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ લાવવા તેમજ ગામોને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સૌએ સંકલ્પ પણ લીધો હતો. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત સમગ્ર સપ્તાહ દરમિયાન જિલ્લાના વિવિધ ગામોમાં સ્વચ્છતા, ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપન, પ્લાસ્ટિક મુક્તિ, વૃક્ષારોપણ તથા જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.






**ભુજ તાલુકાના સુખપર ગામેથી સ્વચ્છતા સપ્તાહ અભિયાનનો પ્રારંભ : સ્વચ્છતા રેલી સાથે સામૂહિક સ્વચ્છતા અભિયાનમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા : સફાઈ કર્મચારીઓનું સન્માન કરાયું**

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખ, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્યો, તાલુકા વિકાસ અધિકારી, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના જિલ્લા તથા તાલુકા કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગામના સરપંચ, આગેવાનો, શાળાના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

# બાનીયારીની વિવાદિત જમીનમાં સ્ટેટસ ક્વો જાળવવાનો નાયબ કલેક્ટરનો હુકમ

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકાના બાનીયારી ગામની સર્વે નંબર. ૧૭૫/પૈકી ૧, ૧૭૫/પૈકી ૨ તથા ૩૫૫/૪/પૈકી ૧ વાળી વિવાદિત ખેતીની જમીન સંબંધે હક્કપત્રક નોંધ નં. ૭૭૧ સામે દાખલ થયેલ અપીલમાં અરજદારને મહત્વની રાહત મળી છે નાયબ કલેક્ટર, ભચાઉએ આ મામલાની ગંભીરતા અને જમીનના હક્ક અંગે ચાલતા વિવાદોને ધ્યાને લઈ અંતિમ નિર્ણય સુધી જમીનની યથાવત સ્થિતિ જાળવવાનો હુકમ કર્યો છે અપીલકર્તા પાબીબેન હીરાભાઈ રબારી દ્વારા રજૂ કરવામા આવ્યુ હતુ કે, વિવાદિત નોંધ કાયદેસરની પ્રક્રિયા વિના અને ખોટી હકીકતોના આધારે દાખલ કરવામાં આવી છે.

વધુમાં જમીન સંબંધિત અન્ય ન્યાયિક કાર્યવાહી અને ફોજદારી ફરિયાદ પણ ચાલુ હોવાનુ નાયબ કલેક્ટર, ભચાઉ સમક્ષ રજૂ કરાયુ હતુ અરજદાર તરફે ગાંધીધામના ધારાશાસ્ત્રી નવીન આર. રબારી દ્વારા દલીલો અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. નાયબ કલેક્ટરે રેકર્ડ અને રજૂઆતોનુ અવલોકન કર્યા બાદ જમીનના હક્ક અંગે વિવાદ અસ્તિત્વમાં હોવાનુ પ્રાથમિક રીતે નોંધ્યુ હતુ અને ફોજદારી ફરિયાદના અંતિમ નિર્ણય સુધી કોઈપણ પક્ષ દ્વારા જમીનની સ્થિતિમાં ફેરફાર ન થાય તે માટે સ્ટેટસ ક્વો જાળવવાનો હુકમ કર્યો છે.

# લોરિયા પાસેથી શંકાસ્પદ બાઈક સાથે યુવક પકડાયો



ભુજ - કચ્છઉદય : ભુજ - ખાવડા માર્ગે જય બાબેરી ફાર્મ પાસે શંકાસ્પદ બાઈક સાથે ઉભેલા શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. એલસીબીએ લોરિયા - હનુમાનનગરમાં છછીવાડી પાસે રહેતા મામદ ઉર્ફે હનીફ અબ્દુલ ગની સુમરાને ઝડપી તેની પાસેથી ૧૫ હજારની એચએફ ડીલક્ષ બાઈક કબજે કરી હતી. તેના આધાર પુરાવા મળી આવ્યા ન હતા.

# ભુજમાં યુવાને આપઘાત કર્યો

ભુજ - કચ્છઉદય : શહેરના આત્મારામ સર્કલ પાસે રહેતા યુવાને આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

આ મામલે પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ ૨૩ વર્ષિય કિરણ હરેશ જોગી નામના યુવાને ગઈકાલે સાંજે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હતું. આ અંગે હોસ્પિટલ ચોકીમાં નોધ દાખલ કરવામાં આવી હતી. બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી આ અંગે આગળની તપાસ હાથ ધરી છે.

# અંજારના રતનાલ વાડી વિસ્તારમાં ઝેરી દવા પી લેવાના બનાવમાં પોલીસ તપાસ શરૂ

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૯૪ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અંજાર પોલીસ મથકે તા. ૦૮/૦૬/૨૦૨૬ ના રોજ સાંજે ૧૮:૩૦ કલાકે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

બનાવની ટૂંકી વિગત એવી છે કે, રતનાલ વાડી વિસ્તારમાં રહેતા રમેશ કાનજીભાઈ ચાવડા (ઉંમર વર્ષ ૩૩) એ કોઈ અગમ્ય કારણોસર પોતાની વાડીમાં ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમને તાત્કાલિક સારવાર માટે સીએચસી હોસ્પિટલ અંજાર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે રીફર કરાતા હોસ્પિટલના ફરજ પરના તબીબે તેમને તપાસી મરણ જાહેર કર્યા હતા. આ અંગે સી.એચ.સી. હોસ્પિટલ અંજારના મેડિકલ ઓફિસર દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવ અંગે અંજાર પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી લક્ષ્મણસિંહ એ. ગોહિલના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. સી.એચ. જાડેજા દ્વારા આગળની તમામ કાયદેસરની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# પીએમ મોદીએ સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન તરીકે નેહરુનો રેકોર્ડ તોડયો

**દ્ભછ સરકારના ૧૨ વર્ષ : વડાપ્રધાન મોદીએ ૨૬ મે, ૨૦૧૪ના રોજ પહેલી વાર વડા પ્રધાન તરીકે શપથ લીધા હતાઃ તેઓ ૯ જૂન, ૨૦૨૪ના રોજ ત્રીજી વાર કાર્યભાર સંભાળ્યો હતો**


નવી દિલ્હી : પ્રધાનમંત્રી મોદીએ સ્વતંત્ર ભારતમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન તરીકે નેહરુનો રેકોર્ડ તોડ્યો છે. તેઓ દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ચૂંટાયેલા વડા પ્રધાન બન્યા છે. તેમણે એનડીએના ત્રીજા કાર્યકાળ દરમિયાન ૯ જૂન, ૨૦૨૪ ના રોજ વડા પ્રધાન તરીકે શપથ લીધા હતા અને આજે સત્તામાં ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. પીએમ મોદીએ ૨૬ મે, ૨૦૧૪ ના રોજ પહેલી વાર વડા પ્રધાન તરીકે શપથ લીધા હતા અને આજે, ૯ જૂન, ૨૦૨૬ ના રોજ, તેમનો કાર્યકાળ ૪,૩૯૮ દિવસ પૂર્ણ થયો છે. તેઓ હવે સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન બન્યા છે.NDA શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ ૧૦ જૂને તેમની શક્તિ અને એકતા દર્શાવવા માટે મળશે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી અને દ્દ વડા એન. ચંદ્રબાબુ નાયડુ ઠરાવ રજૂ કરશે. અન્ય સાથી પક્ષોના નેતાઓ ઠરાવને સમર્થન આપશે. ઠરાવમાં વડા પ્રધાન તરીકે છેલ્લા બાર વર્ષની સિદ્ધિઓની રૂપરેખા રજૂ કરવામાં આવશે.ભારતના પ્રથમ વડા પ્રધાન, પંડિત જવાહરલાલ નેહરુ, ૧૩ મે, ૧૯૫૨ ના રોજ પહેલી વાર વડા પ્રધાન તરીકે શપથ લીધા હતા. નેહરુએ સતત ૪,૩૯૭ દિવસ, એટલે કે ૧૨ વર્ષ અને ૧૪ દિવસ સેવા આપી હતી. ૯ જૂને, પીએમ મોદીએ સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન તરીકે નેહરુનો રેકોર્ડ તોડ્યો. નરેન્દ્ર મોદીએ ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે ૪,૩૯૮ દિવસ એટલે કે ૧૨ વર્ષ અને ૧૫ દિવસ પૂર્ણ કર્યા છે. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ નેહરુ વડાપ્રધાન બન્યા હોવા છતાં, તેમણે ૧૯૫૨ ની લોકસભા ચૂંટણી સુધી પાંચ વર્ષ સુધી વચગાળાની સરકારનું નેતૃત્વ કર્યું. નેહરુ હજુ સુધી વડાપ્રધાન બનવા માટે ચૂંટણી જીતી શક્યા ન હતા.

નેહરુએ ૧૯૪૭ થી ૨૭ મે, ૧૯૬૪ સુધી વડા પ્રધાન તરીકે સેવા આપી. નેહરુનો કુલ કાર્યકાળ ૬,૧૩૦ દિવસનો છે. આમાંથી, તેમણે વચગાળાની સરકારના વડા તરીકે લગભગ પાંચ વર્ષ વડા પ્રધાન તરીકે સેવા આપી. ૨૫ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, પીએમ મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના સતત સૌથી લાંબા ૪,૦૭૭ દિવસના વડા પ્રધાનપદના કાર્યકાળના રેકોર્ડને પાછળ છોડી દીધો.

## કેરળના પૂર્વ સીએમની પુત્રીને ઈડીનું તેડું

નવી દિલ્હી : કેરળના પૂર્વ સીએમની પુત્રી વીણાને એન્ફોર્સમેન્ટ ડાયરેકટર દ્વારા તેડું મોકલવામા આવ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈડીએ વીણા વિજયને સમન્સ પાઠવી અને ૧૨મી જુનના રોજ હાજર રહેવા તાકીદ કરી છે. નાણાકીયલેવડદેવડના પ્રકરણમાં પુછતાછ કરવામા આવશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી બે દિવસના દિલ્હી પ્રવાસે



ગાંધીનગર : દિલ્હી ખાતે યોજાનારી નીતિ આયોગની મહત્વપૂર્ણ બેઠકમાં બંને નેતાઓ ભાગ લેશે:ગુજરાતના વિકાસનો રોડ મેપ અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓની રજૂઆત કરશે. ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી બે દિવસના દિલ્હી પ્રવાસે જઈ રહ્યા છે. દિલ્હી ખાતે યોજાનારી નીતિ આયોગની મહત્વપૂર્ણ બેઠકમાં બંને નેતાઓ ભાગ લેશે, જેમાં ગુજરાતના વિકાસનો રોડ મેપ અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓની રજૂઆત કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી આજે દિલ્હી જવા રવાના થશે, જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે દિલ્હી પહોંચશે. ૧૧ જૂને યોજાનારી નીતિ આયોગની બેઠકમાં ભાગ લેવા ઉપરાંત બંને નેતાઓ વડાપ્રધાનના કાર્યકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાનારા કાર્યક્રમમાં પણ હાજરી આપશે. દિલ્હી પ્રવાસને કારણે બુધવારે યોજાનારી રાજ્ય કેબિનેટની બેઠક મોકૂફ રાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## વિદ્યાર્થીઓને જાત ઉચરકા લોનની રકમ વધારીને રૂ.૨૦ લાખ કરવા વિચારણા

નવી દિલ્હી : ઉચ્ચ શિક્ષણના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓને મોટી રાહત આપવાની તૈયારી કરી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સરકાર કોલેટરલ-ફ્રી એજ્યુકેશન લોન એટલે કે કોઈપણ પ્રકારની ગેરંટી કે સિક્યોરિટી વિના મળતી શૈક્ષણિક લોન માટે ક્રેડિટ ગેરંટી કવર વધારવા પર વિચાર કરી રહી છે.

# TMCના બળવાખોર સાંસદોથી NDAને શું ફાયદો?

નવી દિલ્હી : તૃણમૂલ કોંગ્રેસ ના ૨૦ થી વધુ સાંસદોના બળવાએ કેન્દ્રની મોદી સરકાર માટે સંસદમાં એક મોટો રસ્તો સાફ કરી દીધો છે. લોકસભામાં બે-તૃતીયાંશ (૨/૩) બહુમતી ન હોવાને કારણે ગત એપ્રિલ મહિનામાં 'મહિલા અનામત બંધારણીય સુધારો વિધેયક' પસાર થઈ શક્યું ન હતું. પરંતુ હવે આ બાગી સાંસદોના ટેકાથી વર્તમાન લોકસભામાં દ્ભછનો આંકડો પહેલીવાર ૩૦૦ને પાર પહોંચવા જઈ રહ્યો છે.

આ ઉપરાંત, ફ્સ્દ્ધ સાથે પણ શરતી સમર્થન માટે વાતચીત ચાલી રહી છે, જેનાથી સરકાર બંધારણીય સુધારા માટે જરૂરી વિશેષ બહુમતીની અત્યંત નજીક પહોંચી જશે.

ભાજપના એક વરિષ્ઠ નેતાના જણાવ્યા અનુસાર, જુલાઈના ત્રીજા સપ્તાહથી શરૂ થઈ રહેલા ચોમાસુ સત્રમાં સરકાર કેટલાક મહત્વપૂર્ણ બિલ લાવવાની યોજના બનાવી રહી છેઃ મહિલા અનામતઃ વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણીથી જ ૩૩% મહિલા અનામત લાગુ કરવા માટે જરૂરી બંધારણીય સુધારો લાવવામાં આવશે. એક દેશ, એક ચૂંટણીઃ દેશભરમાં એકસાથે ચૂંટણી કરાવવા માટેનું મહત્વનું બિલ રજૂ થઈ શકે છે. સરકાર હાલમા બે-તૃતીયાંશ બહુમતીનો આંકડો સુનિશ્ચિત કરી રહી છે અને સ્થિતિ મજબૂત થતાં જ આ વિધેયકો ગૃહમાં રજૂ કરવામાં આવશે.એપ્રિલમાં બંધારણીય સુધારા બિલ પડી ભાંગ્યા બાદથી જ સરકારે જરૂરી સંખ્યાબળ મેળવવાના પ્રયાસો તેજ કર્યા હતા. તાજેતરમાં પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી બાદ બદલાયેલા સમીકરણોએ દ્ભછને વધુ મજબૂતી આપી છે. તમિલનાડુમાં ફ્સ્દ્ધની હાર અને કોંગ્રેસ સાથેના સંબંધોમાં ખટાશ આવ્યા બાદ, હવે ફ્સ્દ્ધના ૨૨ સાંસદો મુદ્દા આધારિત સમર્થન આપે તેવી પ્રબળ શક્યતા છે. બીજી તરફ, બંગાળમાં પરાજય બાદ તૃણમૂલ કોંગ્રેસમાં પડેલા ભંગાણે કેન્દ્ર સરકારની સ્થિતિ મજબૂત કરી દીધી છે.

સામાન્ય રીતે ૫૪૩ સભ્યોની લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી માટે ૩૬૨ સાંસદોની જરૂર પડે છે. જોકે, હાલમાં બસીરહાટ, શિલોંગ અને નૌગાંવ બેઠકો સાંસદોના અવસાનને કારણે ખાલી હોવાથી ગૃહની પ્રભાવી સંખ્યાના આધારે આ લક્ષ્યાંક ૩૬૦ બેઠકોનો થાય છે.એપ્રિલની સરખામણીએ વર્તમાન સ્થિતિકોઈપણ બંધારણીય સુધારા માટે ગૃહમાં હાજર અને મતદાન કરનારા સભ્યોના બે-તૃતીયાંશ (ઈર/૩ઈ) મત મળવા અનિવાર્ય છે. એપ્રિલમાં જ્યારે આ બિલ પર મતદાન થયું ત્યારે ગૃહમાં ૫૨૮ સાંસદો હાજર હતા, જેથી જીત માટે ૩૫૨ મતોની જરૂર હતી. તે સમયે સરકારની તરફેણમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા, જેના કારણે બિલ ૫૪ મતોથી નામંજૂર થયું હતું. હવે સરકારે આ મોટા અંતરને મહદઅંશે પૂરું કરી લીધું છે.લોકસભાની જેમ જ રાજ્યસભામાં પણ દ્ભછ બે-તૃતીયાંશ બહુમતી તરફ આગળ વધી રહ્યું છે. રાજ્યસભામાં ટીએમસીના ૧૩ સાંસદોમાંથી સુખેન્દુ શેખર રાયે રાજીનામું આપ્યું છે, જેઓ પેટાચૂંટણી દ્વારા ભાજપ તરફથી ફરી ગૃહમાં આવી શકે છે. ટીએમસીના અન્ય કેટલાક સાંસદો પણ આ જ ફોર્મ્યુલા અપનાવી શકે છે.

NDA રાજ્યસભામાં અગાઉ જ ૧૫૦નો આંકડો વટાવી ચૂક્યું છે. જો ત્યાં પણ ફ્સ્દ્ધના ૮ સાંસદો શરતી ટેકો આપે, તો રાજ્યસભાના બે-તૃતીયાંશ બહુમતીના ૧૬૪ના આંકડા સુધી પહોંચવું અન્ય નાના પક્ષોની મદદથી સરકાર માટે ઘણું સરળ બની જશે.

# ખાતર વિતરણના નિયમો બદલાયાઃ પ્રતિ ખેડૂત ૫૦ થેલીની મર્યાદા નક્કી, આધાર વેરિફિકેશન જરૂરી



નવી દિલ્હી : દેશના કૃષિ ક્ષેત્રે પારદર્શિતા લાવવા અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે સરકાર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સબસિડાઈઝ્ડ ખાતરના વિતરણમાં હવે નવી તકનીકનો ઉપયોગ કરીને વિતરણ વ્યવસ્થાને વધુ ચુસ્ત બનાવવામાં આવશે. આ નવી કાયદાકીય ફ્રેમવર્ક હેઠળ, કોઈપણ ખેડૂતને ખાતર મેળવતા પહેલા તેમના આધાર કાર્ડ અને ઓફિશિયલ ડિજિટલ રેકોર્ડની સંપૂર્ણ વેરિફિકેશન કરાવવું ફરજિયાત રહેશે.સરકારના આ પગલાથી માત્ર સાચા લાભાર્થીઓ સુધી જ સબસિડીનો લાભ પહોંચશે અને વહીવટી પ્રક્રિયા વધુ મજબૂત બનશે.

આ વ્યવસ્થા અંતર્ગત ખાતરના વિતરણ માટે એક ચોક્કસ મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે, જે મુજબ હવેથી પ્રતિ ખેડૂત દર મહિને વધુમાં વધુ ૫૦ થેલી ખાતર જ આપવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયાનું સંચાલન 'ફર્ટિલાઈઝર સેલ્સ ફ્રેમવર્ક' અંતર્ગત અત્યાધુનિક ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી કરવામાં આવશે. આ નિયમ લાગુ થવાથી ખાતરના જથ્થાના ગેરવહીવટ, બિનજરૂરી સંગ્રહખોરી અને ખુલ્લા બજારમાં થતા કાળા બજાર પર સંપૂર્ણપણે રોક લગાવી શકાશે. સરકારી તંત્ર દ્વારા ડિજિટલ ડેટાબેઝની મદદથી દરેક થેલીના વેચાણ પર સીધી નજર રાખવામાં આવશે, જેથી કૃત્રિમ અછત ઉભી કરનારા તત્વો સામે કડક કાર્યવાહી થઈ શકે.આ ડિજિટલ વ્યવસ્થાથી સામાન્ય અને નાના ખેડૂતોને સીધો ફાયદો થશે, કારણ કે ભૂતકાળમાં કાળા બજારના કારણે તેમને સમયસર અને યોગ્ય ભાવે ખાતર મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે ડિજિટલ રેકોર્ડ અને ફિંગરપ્રિન્ટ કે વેરિફિકેશન સિસ્ટમ લિંક થવાથી વચેટિયાઓની ભૂમિકા સાવ નાબૂદ થઈ જશે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય ખેતીના ખર્ચને નિયંત્રણમાં રાખવાનો અને વાસ્તવિક ખેડૂતોને કોઈ પણ અડચણ વગર પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ કરાવવાનો છે. આ નવીન પ્રણાલી આગામી દિવસોમાં કૃષિ ક્ષેત્રે સબસિડી વિતરણ મોડેલ માટે એક નવો સીમાચિહ્ન સાબિત થશે.

## રાજસ્થાનમા ફટાકડાની ફેકટરીમાં આગ : ૩ ભડથું : તંત્રમાં દોડધામ

જયપુર : રાજસ્થાનમાં ફટાકડાની ફેકટરીમાં આગની ઘટના બની છે. આ ઘટનાથી ત્રણ લોકોના મોત નિપજ્યા છે. ગેરકાયદેસર ચાલતી ફટાકડાની ફેકટરીમાં આગથી પાંચ લોકો દાઝયા છે. તંત્રએ રાહતબચાવની કામગીરી હાથ ધરી છે.

## અમરેલીમાં બાયોડીઝલના નામે ૧૨૬૭૫ લીટર બાયોડીઝલનો ભેળસેળયુક્ત જથ્થો જપ્ત

**ગેરકાયદે ભેળસેળયુક્ત જવલનશીલ જથ્થો રાખવા બદલ ૩ આરોપી સામે ગુનો દાખલ**

ગાંધીનગરઃ જુનાગઢ ગામે રહેતા કેતનભાઈ મુકેશભાઈ પરમાર કે જેમણે અમરેલીના બગસરા રોડ, ગાવડકા ચોકડી પાસે આવેલ એ.જે. ઈન્ડ્રસ્ટ્રીઝ પંપ ભાડે રાખેલ હોય તેણે બીજા આરોપી સંજયભાઈ બાલુભાઈ મશરૂ તથા ઝલકભાઈ સંજયભાઈ મશરૂ ( રહે.જુનાગઢ) સાથે મળી પોતાના કબ્જા ભોગવટાના આ એ.જે. ઈન્ડસ્ટ્રીઝ નામના ખઉઉ કંપનીનો ઈન ડીઝલ પંપ બનાવી, પેટ્રોલીયમ પ્રવાહીનો ગેરકાયદેસર સંગ્રહ કરી લોકોને ગેરમાર્ગે વેંચાણ કરતા હોય જે અંગે અમરેલી તાલુકા પોલીસને હકીકત મળતા ગત તા.૨૭/૧૦/૨૫ ના રોજ સાંજે ૫/૩૦ થી ૭/૧૫ વાગ્યા દરમિયાન તાલુકા પોલીસે દરોડો કરી તે દરમ્યાન પોલીસને ૧૨૬૭૫ લીટર બાયોડીઝલના નામે ભેળસેળ યુક્ત પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો મળી આવતા તથા ક્લાસ બી પેટ્રોલીયમ પ્રોડક્ટ હોય અને આરોપીઓએ કોઈપણ પ્રકારના એક્સ્પ્લોઝીલ લાયસન્સ, સ્ટોરેજ લાયસન્સ, ના-વાંધા પ્રમાણપત્ર કે અન્ય જરૂરી મંજુરી મેળવ્યા વગર મોટી માત્રામાં જ્વલનશીલ પદાર્થનો સંગ્રહ કરી વેંચાણ કરી ખઉઉ કંપનીના નામે ભ્રામક ભેળસેળ યુક્ત હલકી ગુણવતા વાળુ જ્વલનશીલ પ્રવાહી કુલ લીટર-૧૨૬૫૨ ના મુદામાલ સાથે મળી જ્વ્નલશિલ પ્રવાહિ (ઈંધણ) નુ વેંચાણ કરી ફાયર સેફટી નહી જાળવી સંગ્રહ સંબંધિત નિયમોનુ પાલન નહી કરી જાનમાલને નુકશાન થવાની શક્યતા ઉભી કરી ગુનો કરેલ હોય અમરેલી તાલુકા પોલીસે આ ત્રણેય આરોપીઓ સામે ગઈકાલે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરેલ છે.

# મહારાષ્ટ્રની મહાયુતિ સરકારમાં ફોડ? ફડણવીસથી નારાજ શિંદે સેના, કઈ વાત પર વિવાદ?

નવી દિલ્હી : વિવાદ સામે આવતાની સાથે જ વિપક્ષી પક્ષોએ આક્રમક વલણ અપનાવ્યું. શિવસેના (ના નેતા અંબાદાસ દાનવેએ કટાક્ષમાં ટિપ્પણી કરી કે સત્તામાં હોવા છતાં, એકનાથ શિંદેની સ્થિતિ દયનીય બની ગઈ છે. મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારમાં ફરી એકવાર આંતરિક ઝઘડાના અહેવાલો બહાર આવી રહ્યા છે. અહેવાલો સૂચવે છે કે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે વચ્ચે બધુ બરાબર નથી.

શિંદે જૂથના નેતાઓ ખુલ્લેઆમ ફડણવીસ વિરુદ્ધ બોલી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રીને એક કાર્યક્રમમાં આમંત્રણ ન આપવાને લઈને તાજેતરમાં વિવાદ ફાટી નીકળ્યો છે.

તાજેતરમાં, નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર છત્રપતિ શિવાજી મહારાજની ૨૦ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ નિમિત્તે એક ખાસ કાર્યક્રમ પણ યોજાયો હતો. આ હાઈ-પ્રોફાઈલ કાર્યક્રમનું આયોજન અદાણી એરપોર્ટ ઓથોરિટી અને સિડકો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, અદિતિ તટકરે અને વન મંત્રી ગણેશ નાઈક હાજર હતા, જોકે બંને નાયબ મુખ્યમંત્રીઓ ગેરહાજર હતા.

અહેવાલો અનુસાર, એકનાથ શિંદેને કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. આના કારણે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કારણ કે નવી મુંબઈ એરપોર્ટ પ્રોજેક્ટ, જેના માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, તે સીધો સિડકો એજન્સી હેઠળ આવે છે. આ એ જ સિડકો છે જે રાજ્યના શહેરી વિકાસ મંત્રાલય હેઠળ કામ કરે છે. નાયબ મુખ્યમંત્રી શિંદે પોતે આ વિભાગના મંત્રી છે. શિંદેને તેમના પોતાના મંત્રાલયમાં એક મોટા પ્રોજેક્ટ અને છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના અનાવરણ સમારોહમાંથી બાકાત રાખવાથી તેમના છાવણીના નેતાઓ નારાજ થયા છે. શિંદે જૂથના મંત્રી સંજય શિરસાતે ખુલ્લેઆમ આરોપ લગાવ્યો કે નોકરશાહી રાજકીય દબાણ હેઠળ કામ કરી રહી છે અને જાણી જોઈને શિંદેને આ મોટા પ્રોજેક્ટનો શ્રેય લેતા અટકાવી રહી છે.

વિવાદ વધતા અને ગઠબંધનની એકતા પર પ્રશ્ન ઉઠાવાતા, મુખ્યમંત્રી કાર્યાલય (ઝ્રસ્ં) હરકતમાં આવ્યું છે. ઈન્ડિયા ટુડેના એક અહેવાલ મુજબ, નુકસાનને નિયંત્રિત કરવાના પ્રયાસમાં, સિડકો અને અદાણી એરપોર્ટ ઓથોરિટી બંનેને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે. વહીવટીતંત્રને સરકારી પ્રોટોકોલના ઉલ્લંઘન અને નાયબ મુખ્યમંત્રીને આમંત્રણ આપવામાં નિષ્ફળતાનો ખુલાસો કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. આ વિવાદે વિપક્ષ મહા વિકાસ આઘાડી (સ્ફછ) ને એક મોટો મુદ્દો આપ્યો છે. શિવસેના (ેં) ના નેતા અંબાદાસ દાનવેએ આ ઘટના પર કટાક્ષ કરતા કહ્યું કે સત્તામાં હોવા છતાં, ગઠબંધનમાં એકનાથ શિંદેની સ્થિતિ અનિશ્ચિત બની ગઈ છે. ગયા અઠવાડિયે, અંબાદાસ દાનવેએ સંકેત આપ્યો હતો કે ભાજપથી અસંતુષ્ટ શિંદે જૂથ ટૂંક સમયમાં ઉદ્ધવ ઠાકરેના દળોમાં ફરી જોડાઈ શકે છે. શિવસેનાના વરિષ્ઠ નેતા અબ્દુલ સત્તારે પણ આવા જ સૂચનો કર્યા હતા.

## વૈશ્વિક ડામાડોળ પરિસ્થિતિમાં વિદેશી હૂંડિયામણની અછત ન સર્જાય તેના માટે રિઝર્વ બેંક એક્શન મોડમાં

નવી દિલ્હી : વિદેશી ભંડોળને આકર્ષવા માટે કરન્સી રિસ્ક ઉઠાવવાનો મોટો નિર્ણય : અંદાજે ૫૦ બિલિયન ડોલરના વિદેશી રોકાણ આવવાની અપેક્ષાઃ એનઆરઆઈ અને પીએસયુ માટે વિદેશી ભંડોળ આકર્ષવા ખાસ સ્વેપ વિન્ડો અને છૂટછાટો જાહેર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વિદેશી ભંડોળને દેશમાં આકર્ષવા માટે કરન્સી રિસ્ક જાતે જ ઉઠાવવાનો મોટો નિર્ણય લીધો છે. આ પગલાથી વિદેશમાંથી સસ્તું ભંડોળ મેળવવા માટે સરકારી માલિકીની કંપનીઓને પ્રોત્સાહન મળશે. આ નવી યોજનાઓ હેઠળ બેંકરોને અંદાજે ૫૦ બિલિયન ડોલરના વિદેશી રોકાણ ભારતમાં આવવાની અપેક્ષા છે. ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ બેંક એફસીએનઆર(બી) ડિપોઝિટ દ્વારા એકત્ર કરાયેલા ડોલરને સ્વેપ કરવા માટે આરબીઆઈ કોઈ પ્રીમિયમ વસૂલશે નહીં, જેથી સમગ્ર જોખમ આરબીઆઈ ઉઠાવશે અને બેંકો એનઆરઆઈ ને વધુ વળતર આપી શકશે. આ ઉપરાંત, ૩ થી ૫ વર્ષની એફસીએનઆર(બી) ડિપોઝિટને કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર) અને સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો (એસએલઆર) માંથી મુક્તિ આપવામાં આવશે. આ નિર્ણયથી બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈ) ને વિદેશમાંથી લોન લઈને ભારતમાં રોકાણ કરી વ્યાજદરના તફાવતનો લાભ લેવાની ઉત્તમ તક મળશે. એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગ્સ (ઈસીબી) માટે મધ્યસ્થ બેંકે વર્ષે ૧.૫% નો સ્વેપ ખર્ચ નક્કી કર્યો છે, જે સ્થાનિક ભંડોળની સરખામણીમાં ટોચના પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ્સ (પીએસયુ) માટે વિદેશી લોનને વધુ આકર્ષક બનાવે છે.

# પરમાણુ હથિયાર છોડવા તૈયાર છે ઇરાન, અમેરિકા સાથે કરશે ડીલઃ ટ્રમ્પનો સૌથી મોટો દાવો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન પરમાણુ હથિયારો મેળવવાની તેની જીદ છોડવા અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે એક મોટી ડીલ પર હસ્તાક્ષર કરવા તૈયાર થઈ ગયું છે. ટ્રમ્પના મતે, અમેરિકાની સૈન્ય કાર્યવાહીઓએ તેહરાનની સૈન્ય ક્ષમતાઓને પાયમાલ કરી દીધી હોવાથી ઈરાન હવે નમવા મજબૂર બન્યું છે.

સાઉથ કેરોલિનાના સેનેટર લિન્ડસે ગ્રેહામ માટે આયોજિત એક વર્ચ્યુઅલ ટેલિ-રેલી દરમિયાન સંબોધન કરતા ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન, ચાલી રહેલી વાટાઘાટો અને મધ્ય-પૂર્વની સુરક્ષા સ્થિતિ પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે જણાવ્યું કે અમે અત્યારે વાટાઘાટો કરી રહ્યા છીએ અને ઈરાન એક બહુ જ સારી ડીલ કરવા ઈચ્છે છે. તેઓ આપણને બધું જ આપવા માટે તૈયાર છે. તેઓ પરમાણુ હથિયાર ન રાખવાની શરત સ્વીકારવા પણ તૈયાર છે. ઈરાન પાસે પરમાણુ હથિયાર હોઈ જ ન શકે અને આ બાબત બહુ સરળ અને સ્પષ્ટ છે.

પોતાની આક્રમક શૈલીમાં બોલતા પ્રમુખ ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે અમેરિકન સૈન્ય કાર્યવાહીએ ઈરાનના સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે. તેમણે ઉમેર્યું કે, અમે તેમના સૈન્યને તોડી પાડ્યું છે. અમે તેમની નેતાગીરી સહિત જે પણ કંઈ બરબાદ થઈ શકે તેમ હતું તે બધું જ નેસ્તનાબૂદ કરી દીધું છે. તેમની નેવી હવે સંપૂર્ણપણે ખતમ થઈ ગઈ છે. તેમની પાસે ૧૫૯ જહાજો હતા અને અત્યારે દરેક જહાજ પાણીની અંદર છે.

ટ્રમ્પે આ વાટાઘાટોમાંથી ખૂબ જ સાનુકૂળ પરિણામ આવવાની ભવિષ્યવાણી કરી છે અને કહ્યું છે કે ટૂંક સમયમાં જ સત્તાવાર રીતે વિજયની જાહેરાત થઈ શકે છે. ટ્રમ્પે કહ્યું કે, હું માનું છું કે આપણે આ લડાઈ જીતી રહ્યા છીએ, પરંતુ આગામી ૨ અઠવાડિયામાં જ્યારે આપણે સંપૂર્ણ વિજય જાહેર કરીશું ત્યારે આપણે સાચા અર્થમાં જીતીશું. જે બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો પણ નીચે આવી જશે.

## પહેલા પાનાથી...

### UNમાં પાકને

નાગરિકો માર્યા ગયા છે. આમાંથી મોટાભાગના માસૂમ લોકો પવિત્ર રમઝાન માસ દરમિયાન માર્યા ગયા હતા.

ભારતેઆંતરરાષ્ટ્રીય મંચ પર એ વાત પર પણ ભાર મૂક્યો કે અફઘાનિસ્તાન એક લેન્ડલોક (ચારેય બાજુ જમીનથી ઘેરાયેલો) દેશ છે, અને પાકિસ્તાન તેના ભૌગોલિક સ્થાનનો દુરુપયોગ કરીને અફઘાનિસ્તાનના વેપાર માર્ગોમાં સતત અવરોધો ઊભા કરી રહ્યું છે. પી. હરીશે જણાવ્યું કે, અફઘાનિસ્તાનની ચીજવસ્તુઓ પર પ્રતિબંધ લગાવીને પાકિસ્તાને વૈશ્વિક વેપાર નિયમો અને યુએન ચાર્ટરનો સરેઆમ ભંગ કર્યો છે. પાકિસ્તાનની નકારાત્મકતાની સામે ભારતે અફઘાનિસ્તાનની જનતા માટે કરેલી માનવીય અને વિકાસલક્ષી સહાયની વિગતો વિશ્વ સામે રજૂ કરી હતીઃ

મોટી માનવીય સહાયઃ વર્ષ ૨૦૨૧ પછી ભારતે અફઘાનિસ્તાનની મદદ માટે ૫૦,૦૦૦ ટન ઘઉં, ૪૨૦ ટન અત્યંત જરૂરી દવાઓ-વેક્સિન અને ૪૦,૦૦૦ લીટર કીટનાશક દવાઓ મોકલી છે.

### ખાદ્ય પ્રોસેસિંગ

ઉમેર્યું હતું. આ પ્રસંગે રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે ગુજરાત કૃષિ અને કૃષિ આધારિત ઉદ્યોગોના વિકાસમાં દેશનું અગ્રણી રાજ્ય છે. ગુજરાતનું સહકારી માળખું, ખાસ કરીને અમૂલ મોડેલ, ખેડૂતોને સશક્ત બનાવવા અને તેમની આવકમાં વધારો કરવા માટે વિશ્વસ્તરે સફળ મોડેલ તરીકે સ્થાપિત થયું છે.

કૃષિ મંત્રી એ જણાવ્યું હતું કે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર કૃષિ વિકાસનું મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છે. કૃષિ ઉત્પાદનોની ગુણવત્તા અને સંગ્રહ ક્ષમતામાં વધારો કરીને ખેડૂતોને ઉત્પાદનના વધુ સારા ભાવ મળી શકે છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારીની નવી તકોનું સર્જન પણ શક્ય બનશે..

### કેન્દ્રીય કેબીનેટમાં

ભાજપની સંલગ્ન મોરચાના નેતાઓને પ્રથમ ભાજપની સંલગ્ન મોરચાના નેતાઓને પ્રથમ વખત પ્રધાન મંડળમાં સ્થાન અપાઈ શકે છે. રાજકીય ચર્ચા પ્રમાણે નાણાં, રેલવે, કોર્પોરેટ બાબતો, કોલસા, ટેકસટાઈલ્સ, માહિતી-પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ આઈટી, ગ્રામ વિકાસ, કેમીકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર, જળશક્તિ, કૃષિ તથા કાયદા મંત્રાલયમાં ફેરપાર થઈ શકે છે. રાજ્યસભાની કુલ ૨૬ બેઠકો પર ૧૮મીએ ચૂંટણી-પેટા ચૂંટણી થવાની છે તેમાં ગુજરાત, આંધ્ર પ્રદેશ તથા કર્ણાટકની ચાર-ચાર બેઠકોનો સમાવેશ થાય છે. મધ્ય પ્રદેશ તથા રાજસ્થાનની ત્રણ, ઝારખંડની બે, મણીપુર, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, મિઝોરમની એક-એક બેઠક સામેલ છે.

### યુદ્ધની અસરનો

શકતું નથી. ટેક્સટાઈલ્સ નિકાસકારોએ કહ્યું કે કેટલાંક નિકાસ ઓર્ડરમાં આંશિક એડવાન્સ પેમેન્ટ મળ્યું હોય છે. પરંતુ બાકીના નાણાં અટવાયા છે. માલ પહોંચી ગયા અને ક્રેડિટનો નિયત સમયગાળો પૂર્ણ થવા છતાં પેમેન્ટ આવતા નથી.અમદાવાદના જાણીતા ટેક્સટાઈલ્સ ઉત્પાદક-નિકાસકારે કહ્યું કે અનેક દેશો ડોલરની અછતનો સામનો કરી રહ્યા છે અને તેના કારણે પેમેન્ટ મોડા થઈ રહ્યા છે. સામાન્ય રીતે ૩૦ ટકા એડવાન્સ પેમેન્ટ લેવાતું હોય છે.માલ સંબંધિત પાર્ટીને પહોંચી ગયો છે. ત્યારે પેમેન્ટ રાહ જોવા સિવાય છુટકો નથી. છેલ્લા બે-ત્રણ મહિનાથી પેમેન્ટ મોડું થવાના કિસ્સા વધી રહ્યા છે. કેમીકલ્સ નિકાસકારોની પણ સમાન હાલત છે. આફ્રિકી દેશો ઉપરાંત બાંગ્લાદેશમાંથી પણ પેમેન્ટમાં આવી સમસ્યા છે.

# સુઈગામના સરહદી વિસ્તારોમાં પુરવઠા વિભાગનું મોટું ઓપરેશન

**જુદા જુદા ગામોમાંથી ૨૫થી વધુ ભૂતિયાં કનેક્શનો કાપી નાખ્યા**

ગાંધીનગરઃ વાવ-થરાદ જિલ્લાના સુઈગામ તાલુકાના સરહદી વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. સરહદી ગામડાઓમાં પાણીની તંગી નિવારવા માટે પાણી પુરવઠા વિભાગે મોટું ઓપરેશન હાથ ધર્યું છે. તંત્રએ ગેરકાયદે પ્રવૃત્તિઓ ડામવા માટે કામગીરી કરી છે. આ ઓપરેશનને કારણે પાણીની ચોરી કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પાણી પુરવઠા વિભાગની ટીમોએ સુઈગામના સરહદી વિસ્તારોમાં અચાનક તપાસ શરૂ કરી હતી. આ તપાસ દરમિયાન નવાપુરા, મોતીપુરા, બેણપ, નેસડા, ગોલપ અને કાણોઠી જેવા ગામોમાં વ્યાપક ગેરકાયદે પાણીની પાઈપલાઈન ઝડપાઇ હતી. અધિકારીઓએ સ્થળ પર જ કડક વલણ અપનાવ્યું હતું. આ ઓપરેશન હેઠળ જુદા જુદા ગામોમાંથી ૨૫થી વધુ ભૂતિયાં કનેક્શનો તાત્કાલિક અસરથી કાપી નાખવામાં આવ્યા છે.ઉનાળાની સીઝનમાં છેવાડાના ગામડા સુધી પૂરતું પીવાનું પાણી પહોંચાડવું એક મોટો પડકાર છે. કેટલાક લોકો પોતાના સ્વાર્થ માટે મુખ્ય લાઈનમાંથી બિનઅધિકૃત રીતે પાણી ખેંચી લેતા હતા. આ નબળી વ્યવસ્થાને સુધારવા માટે તંત્ર હવે સઘન દેખરેખ રાખી રહ્યું છે. ગેરકાયદે જોડાણો હટાવવાથી હવે સામાન્ય નાગરિકોને તેમના હકનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓએ આ મામલે કડક આદેશો જાહેર કર્યા છે. તંત્રની આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે. બિનઅધિકૃત રીતે કનેક્શન મેળવનાર તમામ જવાબદારો સામે પોલીસ ફરિયાદ અને કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

## ટ્રમ્પને મોટો ફટકોઃ ભારતીય ટેક પ્રોફેશનલ્સને રાહત

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકામાં જઈને પોતાની કુશળતાના દમ પર કરિયર બનાવવાનું સપનું જોતા હજારો ભારતીય પ્રોફેશનલ્સ અને વૈશ્વિક ટેક કંપનીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. બોસ્ટનની યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એ વિવાદાસ્પદ નિર્ણયને રદબાતલ ઠેરવ્યો છે, જેમાં તેમણે નવા એચ-૧બી વિઝા માટે ૧૦૦,૦૦૦ ડોલરની જંગી ફી ચૂકવવાનો આદેશ આપ્યો હતો. જજ લિયો સોરોકિને આ નીતિને ગેરકાનૂની ગણાવીને ફગાવી દીધી છે, જે ટ્રમ્પ વહીવટીતંત્રના ઈમિગ્રેશન ક્રેકડાઉન માટે એક મોટો ફટકો માનવામાં આવે છે.

બોસ્ટનના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ લિયો સોરોકિને સોમવારે ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે કોંગ્રેસ (અમેરિકન સંસદ)ની મંજૂરી વિના આટલી મોટી ફી લાદવાની કોઈ કાનૂની સત્તા નથી. આ પેમેન્ટની પ્રકૃતિ અને તેનો અમલ જોતાં સ્પષ્ટ થાય છે કે આ માત્ર એક ફી નથી પરંતુ એક ટેક્સ છે, પછી ભલે તેને ગમે તે નામ આપવામાં આવે. રાષ્ટ્રપ્રમુખ પાસે ત્યાં સુધી ટેક્સ લાદવાની કોઈ સત્તા નથી જ્યાં સુધી કોંગ્રેસ દ્વારા કાયદાકીય રીતે આવી સત્તા સોંપવામાં ન આવી હોય.

## સ્ટાર એર દ્વારા ૨૩ જૂનથી મુન્દ્રા માટેની નવી ફ્લાઇટ્સ શરૂ કરાશે

ભુજ - કચ્છઉદય : સ્ટાર એર' દ્વારા આગામી ૨૩ જૂનથી ભારતના સૌથી મોટા ખાનગી કોમર્શિયલ અને કન્ટેનર પોર્ટ મુન્દ્રા શહેરથી સીધી અને વન-સ્ટોપ ફ્લાઈટ સેવાઓ શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. કંપની દ્વારા પ્રાદેશિક હવાઈ સંપર્કને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં મુસાફરોની સુવિધા માટે પ્રારંભિક હવાઈ ભાડું માત્ર ૨,૯૯૯ થી શરૂ કરવામાં આવ્યું છે. આ નવા સમયપત્રક અનુસાર મુન્દ્રા હવે મુંબઈ, દિલ્હી નજીકના હિંડોન (એનસીઆર), સુરત અને ગોવા જેવા શહેરો સાથે સીધી હવાઈ સેવા દ્વારા જોડાઈ જશે. મુંબઈ અને મુન્દ્રા વચ્ચે અઠવાડિયાના અલગ-અલગ દિવસોએ નિયમિત ફ્લાઈટ્સ ઉપલબ્ધ રહેશે. મુન્દ્રા અને હિંડન વચ્ચે સોમવાર, બુધવાર તથા શનિવારે સીધી ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવશે.

## ગાંધીધામમાં વરસાદ સમય પરિસ્થિતિ ગંભીર બનશે

ગાંધીધામ - કચ્છઉદય : મહાનગરપાલિકા હદમાં આવતા વિસ્તારમાં વરસાદ સમય પરિસ્થિતિ ગંભીર બનશે. કોન્ટ્રાકટરો દ્વારા હાલ ઠેર ઠેર રસ્તાઓ પુરી દેવામાં આવ્યા છે. સત્તાધિશો દ્વારા ઠેકેદારોને સૂચનાઓ આપવામાં આવી છે, તેમ છતાં કોઈ જ કામગીરી કરવામાં આવી રહી નથી. થોડા દિવસમાં જ ચોમાસુ બેસવાની તૈયારીમાં છે, ત્યાં સુધી જો કામગીરી કરવામાં નહીં આવે તો શહેરમાં જળભરાવ થશે, જેના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. મહાનગરપાલિકા બન્યા બાદ ઠેકેદારો દ્વારા પાણીની લાઈન માટે ખાડાઓ ખોદવામાં આવ્યા છે, જેના કારણે હાલે નવી સુંદરપુરી સહિતના વિસ્તારોમાં ગટર અને પાણી મિક્સ થઈને ખાડાઓ ભરાયેલા છે, જેના કારણે ચેમ્બર બેસવાના કારણે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. તો તાત્કાલિક ધોરણે ચોમાસા પહેલા કામગીરી કરવામાં આવે તેવી માંગ ગાંધીધામ મહાનગર કોંગ્રેસ સમિતિના મહામંત્રી લતીફ આર. ખલીફાએ જણાવ્યું હતું.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



જેમના જીવનની દરેક ક્ષણ સેવા અને રાષ્ટ્રહિત પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે,
જેમના માટે જનકલ્યાણ જ જીવનસાધના છે, એવા **સેવાભાવી શ્રી નરેન્દ્ર મોદીજી**ના નેતૃત્વમાં
ભારતની અવિરત પ્રગતિ થઇ રહી છે એવું સમગ્ર દેશ કહી રહ્યો છે...

# 12 વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

## ગરીબ કલ્યાણ
- **81 કરોડથી વધુ** નાગરિકોને દર મહિને **નિ:શુલ્ક અનાજ**
- **4 કરોડથી વધુ પીએમ આવાસ, 10.5 કરોડથી વધુ ઉજ્જવલા ગેસ કનેક્શન** અને **12 કરોડથી વધુ શૌચાલયો**થી જીવન બન્યું સરળ

## યુવાશક્તિ
- અંદાજે **2 કરોડ** યુવાનોને **કૌશલ્ય તાલીમ**
- **₹40 લાખ કરોડથી વધુ**ની **મુદ્રા લોન**
- દેશભરમાં **2.2 લાખ સ્ટાર્ટઅપ્સ**
- **10,000થી વધુ અટલ ટિંકરિંગ લેબ્સ** દ્વારા નવીનતાને પ્રોત્સાહન

## ખેડૂત કલ્યાણ
- **₹4.3 લાખ કરોડ**ની પીએમ કિસાન સમ્માન નિધિ
- **4 કરોડથી વધુ** ખેડૂતોને **₹2 લાખ કરોડ**નું **પાક વીમા કવચ**
- **₹26 લાખ કરોડથી વધુ**ના પાકની ખરીદી **MSP** પર
- **8 કરોડ** ખેડૂતોને **કિસાન ક્રેડિટ કાર્ડ**

## નારીશક્તિ
- **32 કરોડથી વધુ** મહિલાઓના **જનધન ખાતા** ખુલ્યા
- સેનામાં મહિલાઓને મળ્યું **સ્થાયી કમિશન**
- **3 કરોડથી વધુ 'લખપતિ દીદી'**
- **10 કરોડ** ગ્રામીણ મહિલાઓ **91 લાખથી વધુ સ્વ-સહાય જૂથો**ના માધ્યમથી બની સશક્ત

## આરોગ્ય
- **70 વર્ષથી વધુ** વયના વરિષ્ઠ નાગરિકોને પણ **₹5 લાખ** સુધી **મફત સારવાર**
- **60 કરોડથી વધુ** લોકોને **આયુષ્માન ભારત**નું સુરક્ષા કવચ
- દેશભરમાં **19,000થી વધુ જનઔષધિ કેન્દ્રો**માં **90%** સુધી સસ્તી દવાઓ

## મધ્યમવર્ગીય પરિવાર
- **₹12.75 લાખ** સુધીની વાર્ષિક આવક **કરમુક્ત**
- **ઉડાન યોજના** હેઠળ **1.6 કરોડથી વધુ** મુસાફરોએ કરી સસ્તી હવાઈ યાત્રા
- **એમબીબીએસ** બેઠકોની સંખ્યા 151% વધીને અંદાજે **1.3 લાખ** થઈ

## રાષ્ટ્ર નિર્માણ
- **26** શહેરોમાં વિસ્તર્યું **1,100 કિ.મી.** થી વધુનું **મેટ્રો નેટવર્ક**
- દેશભરમાં દોડી રહી છે **164 વંદે ભારત ટ્રેનો**
- અટલ સેતુ, સુદર્શન સેતુ, ચિનાબ રેલ બ્રિજ, બોગીબિલ બ્રિજ, પંબન બ્રિજ જેવા **વિશાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્માણ**
- **એરપોર્ટ્સ**ની સંખ્યા 74થી વધીને **164** થઇ

## રાષ્ટ્ર પ્રથમ
- આશરે **₹38,400 કરોડ**નું રેકોર્ડ **ડિફેન્સ એક્સપોર્ટ**
- **નક્સલવાદમુક્ત ભારત**નું સપનું થયું સાકાર, આતંકવાદ સામે **'ઝીરો ટોલરન્સ'** નીતિ
- ગુલામીની માનસિકતામાંથી મુક્તિ – રાજપથ બન્યો **કર્તવ્ય પથ** અને **છત્રપતિ શિવાજી મહારાજ**ની **મુદ્રા**થી પ્રેરિત **નૌસેનાનો નવો ધ્વજ**

## વારસો અને વિકાસ
- અયોધ્યામાં **ભવ્ય રામ મંદિર**નું નિર્માણ
- કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ મહાલોક અને કેદારનાથ ધામનો **કાયાકલ્પ**



ગરીબ કલ્યાણ, યુવાશક્તિ અને નારીશક્તિના સશક્તિકરણ થકી દેશને અગ્રેસર કરતા
આ **'૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના'** એ **આદરણીય વડાપ્રધાનશ્રીની રાષ્ટ્રહિત** પ્રત્યેની
અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# ૨૮ વર્ષ પહેલાંની નવમી જૂન હતી જ્યારે સદીની સૌથી ભયાનક આફત કંડલા ઉપર આવી







ભુજ - કચ્છઉદય : આજથી ૨૮ વર્ષ પહેલાં નવમી જૂનના ગોઝારા દિવસે કંડલામાં મહાવિનાશક વાવાઝોડું આવ્યું હતું. વાવાઝોડું સદીની સૌથી મોટી કલ્પનાતીત દુર્ઘટના હતી. પવનની ગતિ ૧૮૫ કિલોમીટર સુધી પહોંચી ગઈ હતી અને દરિયો અતિ ભયાનક તોફાની બની અને સમગ્ર કંડલા પોર્ટ અને મીઠાના અગરિયા ઉપર ફરી વળ્યો હતો. સર્વા લેબર કેમ્પ નામનો વિસ્તારમાં ૩૫,૦૦૦ માણસો ત્યારે વસવાટ કરતા હોવાનો અંદાજ છે, તેના ઉપર દરિયાનું પાણી ઘણી જ ઊંચાઈ સાથે ધસી આવ્યું હતું. અધૂરામાં પૂરૂં બપોરના સમયે ગેસ ગળતરની અફવા કંડલા વિસ્તારમાં ફેલાઈ જતાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. લોકો જે વાહન મળ્યું તે વાહનમાં કંડલા બાજુથી ભાગી રહ્યા હતા. વાવાઝોડું એટલું બધું ભયંકર હતું એ તેની અસર દિવસો સુધી રહી હતી. વીજળીના ૪૫ હજાર થાંભલા ધરાશાયી થઈ ગયા હતા. મોટી સંખ્યાના ટ્રાન્સફોર્મર ખંડિત થઈ ગયા હતા. ફક્ત કંડલા પોર્ટને ૨૦૦ કરોડનું અને સમગ્ર વિસ્તારની કુલ ૧૮૫૫ કરોડનું નુકસાન થયું હતું. નમક ઉદ્યોગની નુકસાનીનો અંદાજ ૧૫૫ કરોડનો મૂકાયો હતો. ઓઈલ કાર્ગો, ક્રેઈન, આગબોટ, વે-બ્રીજ બાર્જીસ ઉપરાંત ૧૮૦૦ ટન ઘઉં, ૧૧૦ ટન ખાંડ, ૧૩૦૦૦ ટન તેલીબિયા નષ્ટ થયા હતા. કંડલામાં આવેલા વાવાઝોડાની અસર છેક ભચાઉ, મુન્દ્રા અને અંજાર તાલુકા સુધી પડી હતી. બંને તાલુકાના ૩૬ ગામોના ૨૨,૨૯,૩૫૪ ફળાઉ વૃક્ષોમાંથી ૧૩,૫૦,૫૮૭ વૃક્ષ નાશ પામ્યા હતા. ખેતીવાડી - બાગાયતની નુકશાની ૧૦૮૦ કરોડની અંદાજાઈ હતી. ભચાઉના કાંઠાળ વિસ્તારમાં ૪૨૩ ઊંટ મૃત્યુ પામ્યા હતા. પાટા ધોવાઈ જવાથી રેલવે અને ઈફકોને મોટું નુકસાન થયું હતું.

આ દિવસે શું થયું હતું અને કેવું થયું હતું તે અંગે તે સમયના પત્રકારોએ જીવતા બચી ગયેલા લોકોને પૂછ્યું તો તેમણે એવું વર્ણન કર્યું હતું કે પવન ઝડપથી ચાલી તો રહ્યો હતો પણ કોઈ કલ્પના ન કરી શકે કે અચાનક જ તેની ઝડપ આટલી બધી વધી જશે. અને પછી એકાએક તેમાં અચાનક ચક્રવાત ભળતાં પવનની ઝડપ આંખના પલકારામાં ખૂબ જ વધી ગઈ અને ઘણો ઊંચો કાળો ડુંગર સામેથી ઝડપથી ધસી આવતો હોય એવું સામે દેખાયું અને હજી કોઈ કંઈ વિચાર કોઈ કરે એના પહેલા તે કાળો ડુંગર નહીં પરંતુ દરિયાના પાણી હતા અને એટલી ઊંચાઈ સાથે આંખના પલકારામાં બધા ઉપર થોડી મિનિટોમાં ફરી વળ્યા અને બધા દરિયાની અંદર આવી ગયા. આ દ્રશ્ય તો જે લોકો દૂર હતા તેમને જોયું હતું કેમકે જેમની ઉપર પાણી ફરી વળ્યું એ તમામ લોકો બચવા માટે સદભાગી ન થયા. કંડલા, ગાંધીધામ વિસ્તાર આ વિનાશક વાવાઝોડાને ક્યારેય ભૂલી નહીં શકે.

આજુબાજુના વિસ્તારો પર પ્રલયની જેમ ત્રાટકેલું વાવાઝોડું સદીની સૌથી ગોઝારી અને કલ્પનાતીત દરિયાઈ હોનારત હતી. પ્રચારના તમામ માધ્યમો પર એની આગાહીઓ અને ચેતવણીઓ અપાઈ હોવા છતાં કંડલા પોર્ટ ટ્રસ્ટના જવાબદાર સત્તાવાળાઓ તકેદારીનાં પગલાં લેવામાં નિષ્ફળ ગયા ને ભરતીના મહાકાય મોજાં બંદર પર ફરી વળતાં ચોમેર તબાહીના દ્રશ્યો સર્જાયાં. એક તો પૂનમ અને તે પણ આખરની મોસમની એટલે એનાં મોજાં આમેય તોફાની હોય. તેમાં વળી ભરતીના સમયે જ વાવાઝોડું પણ એ જ દિશાએથી ત્રાટક્યું એટલે થોડા કલાક બંદર જ જાણે દરિયામાં ગરકાવ થઈ ગયું. રસ્તાઓ પર વાહનમાં બેઠેલા માણસો એમને એમ ડૂબી ગયાં, નીચાણવાળા વિસ્તારોની ઝૂંપડપટ્ટીમાં અસંખ્ય માસૂમ બચ્ચાં, સ્ત્રીઓ અને વૃધ્ધો કોઈપણ પ્રતિકાર વિના મોતને ભેટ્યા, અસંખ્ય યુવાનો બચવાના પ્રયાસો છતાં આંખ મીંચી ગયા, દૂર દૂરના નમકના અગરો પર પાણી ફરી વળ્યાં.

સામંતશાહી યુગની યાદ અપાવે એવા શોષણ સામે અસ્તિત્વ માટે વલખા મારતાં સેંકડો ગરીબ શ્રમજીવી - આગરિયા એમને એમ નમકમાં ગરકાવ થઈ ગયા. દરિયાના પાણીમાં તરતી ઢગલાબંધ લાશો કે સામે પારના બેટ પરનાં વૃક્ષો ચેરિયામાં અટવાયેલી લાશો શોધી કાઢવામાં સરકારી તંત્ર વામણું પૂરવાર થાય એમ હતું ત્યારે રાષ્ટ્રીય સ્વયમ્ સેવક સંઘ અને સીમા સુરક્ષા દળના જવાનો મદદે આવ્યા હતા. છતાં સેંકડો લાશ એવી ખરાબ હાલતમાં હતી કે જોઈ પણ ન શકાય અત્યારના કચ્છના પત્રકારો માહિતી ખાતામાં ગયા અને ત્યાં તપાસ કરી કે ભયાનક વાવાઝોડાની આગાહી છે તે અંગે શું સમાચાર છે ત્યારે એવું જણાવવામાં આવ્યું કે મીટીંગ આ માટે ખાસ બોલાવી હતી અને પગલાં લેવાયા છે.

જિલ્લાના સર્વોચ્ચ અધિકારીઓને પત્રકારોએ બનનારી ગંભીર ઘટના અંગે ખૂબ જ સાવધાની પૂર્વક છે જોયા પણ હતા અને ગાંધીનગરથી પણ સૂચના આવતા જિલ્લા કલેકટર સહિત વહીવટી તંત્ર કંડલા ધસી ગયું હતું. પરંતુ ત્યાં અને ત્યાં પહોંચ્યા પછી ઘણા દિવસો સુધી તેમને સખત કામગીરી કરવી પડી હતી અને સમગ્ર ગુજરાતના અધિકારીઓ અને ભારતભરના પત્રકારો આવી પહોંચ્યા હતા.

## ગામને સમૃદ્ધ અને સ્વાવલંબી બનાવવા સરકારની 'પાણીવેરા પ્રોત્સાહક યોજના' જાહેર

**ગ્રામ પંચાયતો માટે ખુશખબર : ૧૦૦ ટકા પાણીવેરો વસૂલ કરવા પર મળશે રૂપિયા ૫૦,૦૦૦નું વિશેષ પ્રોત્સાહન : પાણીવેરા પ્રોત્સાહક યોજના હેઠળ પંચાયતોને મળશે બે લાખ રૂપિયા સુધીની આર્થિક સહાય**

ભુજ - કચ્છઉદય : ગ્રામ્યકક્ષાએ પીવાના પાણીની યોજનાઓનું સારી રીતે સંચાલન થાય, પીવાના પાણીનું માળખું મજબૂત બને અને પાણીવેરાની વસૂલાત નિયમિત થાય તે માટે ગુજરાત સરકારના પાણી પુરવઠા વિભાગ દ્વારા 'પાણીવેરા પ્રોત્સાહક યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ સમયસર પાણીવેરો ઉઘરાવીને ગ્રામ પંચાયતોને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવાનો છે, જેથી ગામડાઓ પોતાની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા માટે સ્વાવલંબી બની શકે.

આ યોજના ખાસ કરીને એવા ગામો માટે જાહેર કરવામાં આવી છે, જ્યાં ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીમાં ઈ-ગ્રામ પોર્ટલ મુજબ પાણીવેરાની વસૂલાત ૩૦ ટકા કરતાં ઓછી થઈ હોય. આવા ગામોમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના અંત સુધીમાં ઉઘરાવવામાં આવેલા પાણીવેરાની ઈ-ગ્રામ પોર્ટલ મારફતે ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ, જે ગામોમાં પાણીવેરાની વસૂલાત કુલ માંગના ૫૦ ટકા કરતાં વધુ થઈ હશે, તેવી લાયકાત ધરાવતી ગ્રામ પંચાયતોને વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન સરકાર તરફથી પ્રોત્સાહક રકમ આપવામાં આવશે.

આ યોજના હેઠળ માપદંડ પૂર્ણ કરતી ગ્રામ પંચાયતને વધુમાં વધુ રૂપિયા ૧,૫૦,૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ મળી શકે છે. જો ગ્રામ પંચાયત ગામના નોંધાયેલા તમામ એટલે કે ૧૦૦ ટકા ઘરોમાંથી પાણીવેરો વસૂલ કરે, તો તેમને નિયત રકમ ઉપરાંત વધારાના રૂપિયા ૫૦,૦૦૦ નું વિશેષ પ્રોત્સાહન આપવામાં આવશે. આમ, પંચાયતો સારી કામગીરી કરીને મોટી આર્થિક સહાય મેળવી શકે છે. ગ્રામ પંચાયત ઉપરાંત, જો ગામની પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળી અથવા સખી મંડળો પણ આ કામગીરીમાં જોડાય અને કુલ માંગના ૫૦ ટકા કે તેથી વધુ વેરો ઉઘરાવે, તો તેમને રૂપિયા ૩૦,૦૦૦ ની પ્રોત્સાહક રકમ મળશે. જો આ મંડળો ૧૦૦ ટકા વસૂલાત કરે તો તેમને વધારાના રૂપિયા ૨૦,૦૦૦ મળીને કુલ રૂપિયા ૫૦,૦૦૦ ની રકમ મળશે. આ કામગીરીની ઓનલાઈન નોંધણી એટલે કે ડેટા એન્ટ્રી કરવા માટે ગ્રામ પંચાયતના કમ્પ્યુટર ઓપરેટરને પણ દરેક ઘર દીઠ રૂપિયા ૭ લેખે અલગથી મહેનતાણું ચૂકવવામાં આવશે.

સરકારની આ યોજનાનો મહત્તમ લાભ લેવા અને આપણા ગામને સમૃદ્ધ બનાવવા માટે દરેક નાગરિકે સમયસર પાણીવેરો ભરવો ખૂબ જ જરૂરી છે. આવો, આપણે સૌ સમયસર પાણીવેરો ભરીએ અને આપણા ગામના વિકાસમાં સહભાગી બનીએ. આ યોજના વિશે વધુ માહિતી અને માર્ગદર્શન મેળવવા માટે નાગરિકો વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) કચેરી, બન્ની ઈન્સ્પેક્શન બંગલો કેમ્પસ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની બાજુમાં, ભુજ-કચ્છ ખાતે સંપર્ક કરી શકે છે.

## ભચાઉના અમરસર(નેર) ગામે ક્ષારીય જમીન સુધારણા અને પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને અપાયું માર્ગદર્શન

ભચાઉ - કચ્છઉદય : તાલુકાના અમરસર (નેર) ગામમાં ખેડૂતો માટે એક દિવસીય ખાસ કૃષિ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. "સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ" ની યોજના અંતર્ગત અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિભાગીય સંશોધન કેન્દ્ર, ભચાઉ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય વિષય 'ચોમાસામાં ક્ષારવાળી જમીનનું વ્યવસ્થાપન અને ટકાઉ ખેતી' હતો. આ શિબિરમાં ગામના ૫૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



**રાસાયણિક ખાતરનો ઉપયોગ ટાળીને જીવામૃત, બીજામૃત અને ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવા નિષ્ણાતોનો અનુરોધ**

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને જમીનની ફળદ્રુપતા કેવી રીતે જાળવી રાખવી તેની સરળ સમજ આપવામાં આવી હતી. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડીને પ્રાકૃતિક ખેતી કરવાથી જમીન અને પાક બંનેને લાંબા ગાળે ફાયદો થાય છે.

ખેડૂતો પોતાની ક્ષારવાળી જમીનને ખેતીલાયક કઈ રીતે બનાવી શકે, લીલા પડવાશનો ઉપયોગ કઈ રીતે કરવો અને જમીન ચકાસણી માટે માટીનો નમૂનો વૈજ્ઞાનિક રીતે કેવી રીતે લેવો, તેની ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. વળી, ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવાથી જમીનનો ક્ષાર ઘટે છે અને પાકનું ઉત્પાદન સુધરે છે તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

વિવિધ વિષયો પર માર્ગદર્શન આપતા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. યોગેશ રાઠવાએ સિંચાઈના પાણીનો સમાન અને કરકસરયુક્ત ઉપયોગ કરવા જણાવ્યું હતું. ડૉ. વારિસ અલીએ 'સોઈલ હેલ્થ કાર્ડ'નું મહત્વ સમજાવીને જમીન ચકાસણી કરાવવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો અને જમીનનું આરોગ્ય સુધારવાના ઉપાયો સૂચવ્યા હતા. કૃષિ નિષ્ણાત રાજ પરવાડીયાએ ખેડૂતોને રાસાયણિક ખાતરોનો ઉપયોગ બદલે દેશી અને પ્રાકૃતિક પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે પાકમાં જીવામૃત, બીજામૃત, મલ્ચિંગ (આચ્છાદન) અને આંતરપાક પદ્ધતિના ફાયદાઓ વિશે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. મહેશ મારવાડીયા દ્વારા 'સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ' યોજના અંતર્ગત મળતા વિવિધ લાભોની જાણકારી આપવામાં આવી હતી અને ખેડૂતોની સ્થળ પર જ નોંધણી કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમ સ્થાનિક ખેડૂતો માટે ખૂબ જ માહિતીસભર અને ભવિષ્યની ખેતીને વધુ સમૃદ્ધ બનાવવા માટે ઉપયોગી સાબિત થયો હતો.

## ૨૦ઓગસ્ટ સુધી દેશલપર-હાજીપીર રોડ ભારે / અતિભારે વાહનોની અવર - જવર માટે બંધ

ભુજ - કચ્છઉદય : જિલ્લા મેજિસ્ટ્રેટ, અનિલ રાણાવસિયા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (બી) અન્વયે તા.૨૦/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા માટે દેશલપર - હાજીપીર રોડ કિ.મી.૦/૦ થી ૩૨/૦ પરથી ભારે / અતિભારે વાહનોની અવર-જવર બંધ કરવા તેમજ આ માર્ગ પરથી દેશલપર - હાજીપીર રોડ પર અવર-જવર કરતા ભારે/અતિભારે વાહનોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા હુકમ ફરમાવેલ છે.

આ હુકમ અન્વયે ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા આપી છે તે થાય છે. અનુસૂચિ પ્રમાણે હાજીપીરથી જખૌ પોર્ટ તરફનો હાજીપીર- લુડબાય- ઢોરો- મુરૂ - દેશલપર(ગું.), કોટડા(જ), ઉખેડા, બાલાપર, બીટ્ટા- જખો પોર્ટ રોડવાળો રૂટ અને હાજીપીરથી ભુજ (મુન્દ્રા - કંડલા) તરફનો હાજીપીર- લુડબાય - ઢોરો- મુરૂ- દેશલપર(ગું.) - કોટડા(જ)થી નખત્રાણા, ભુજ, શેખપીર જવા વાળો રૂટ તેમજ સણોસરા રેલ્વે સ્ટેશન તરફનો હાજીપીર- લુડબાય- ઢોરો- મુરૂ- દેશલપર(ગુ.), કોટડા(જ), નખત્રાણા, મંગવાણા- સણોસરા રેલ્વે સ્ટેશનવાળો રૂટ પર ભારે વાહનો પ્રતિબંધિત રહેશે.

વૈકલ્પિક માર્ગ માટે હાજીપીર-, ખાવડા- લોરીયા- નખત્રાણા- બેરૂ- મોસુણા- સણોસરા- કનકપર- કોઠારા- જખો પોર્ટ વાળો રૂટ. હાજીપીર -ખાવડા- લોરીયા -ભુજ- માનકુવા- દેશલપર(વા)- સણોસરા- બીટા- તેરા- નલીયા- જખૌ પોર્ટવાળો રૂટ, હાજીપીર- લુણા- ભીટારા- ધોરડો- લુડીયા- ભીરંડીયારા - ભુજ - શેખપીર રોડવાળો રૂટનો ઉપયોગ કરવા જણાવાયું છે.

આ જાહેરનામું સરકારી વાહનો/સરકારી કામે રોકવામાં આવેલ વાહનો તેમજ પોલીસ અધિક્ષક, પશ્ચિમ કચ્છ - ભુજ / સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, નખત્રાણાના આદેશાનુસાર સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ વાહનોને લાગુ પડશે નહીં. જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજૂ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

## માધાપરમાં શિવલિંગની પૂજા કરાઈ



માધાપર મુકામે ગોકુલધામ રાધાકૃષ્ણ મંદિર મધ્યે ગોપેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના માટેનું શિવલિંગની પૂજા વૃંદાવન મધ્યે ગોપેશ્વર મહાદેવ મંદિર ખાતે કરવામાં આવી હતી. જેમાં પૂજન કરવાની વિધિ કરવામાં આવી હતી.

# સૂરજપરના શ્રીહરિ મેદાનમાં નિ:શુલ્ક ક્રિકેટ તાલીમથી ગ્રામ્ય પ્રતિભાઓને મળ્યું મંચ

**યુવાન કોચ જાદવજી વેકરિયાની નિષ્ઠાભરી પહેલથી દરરોજ ૫૦થી વધુ યુવક - યુવતીઓમાં રમતગમતનો ઉત્સાહ**

ભુજ - કચ્છઉદય : આજના સમયમાં જ્યારે બાળકો અને યુવાનો મોટા ભાગે મોબાઈલ, સોશિયલ મીડિયા અને ડિજિટલ ગેમ્સમાં વ્યસ્ત જોવા મળે છે, ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં રમતગમત પ્રત્યેનો રસ જાળવી રાખવો એક મોટો પડકાર બની ગયો છે. આવા સમયમાં કચ્છના ચોવીસી વિસ્તારના સૂરજપર ગામે એક પ્રેરણાદાયી પહેલ ઊભી થઈ છે, જે આજે આસપાસના ગામો માટે આશાનું કિરણ બની રહી છે.

ગામના શ્રીહરિ સ્પોર્ટ્સ મેદાન પર છેલ્લા ઘણા સમયથી દરરોજ સવારમાં નિ:શુલ્ક ક્રિકેટ કોચિંગ સત્રો યોજાઈ રહ્યા છે. આ કોચિંગમાં ૫૦થી વધુ યુવક-યુવતીઓ નિયમિત રીતે હાજરી આપી ક્રિકેટની બારીકીઓ શીખી રહ્યા છે. ખાસ વાત એ છે કે આ સમગ્ર વ્યવસ્થા સંપૂર્ણ રીતે નિ:શુલ્ક છે અને ગામના જ યુવાન જાદવજી વેકરિયા દ્વારા સંચાલિત છે.

જાદવજી વેકરિયા પોતે સારા બેટ્સમેન રહી ચૂક્યા છે. ક્રિકેટ પ્રત્યેની તેમની ઊંડી લાગણી અને ગ્રામ્ય કક્ષાએ છુપાયેલી પ્રતિભાઓને આગળ લાવવાની ઈચ્છાથી તેમણે આ કોચિંગની શરૂઆત કરી છે. વધુ મહત્વની બાબત એ છે કે તેમણે આ કાર્યને જીવનનો ધ્યેય બનાવી પોતાની સ્થિર નોકરીનો ત્યાગ કર્યો છે અને સંપૂર્ણ સમય યુવાનોને તાલીમ આપવા સમર્પિત કર્યો છે.

દરરોજ વહેલી સવારે તેઓ મેદાન પર પહોંચી બાળકોને માત્ર બેટિંગ કે બોલિંગ જ નહીં પરંતુ ક્રિકેટની મૂળભૂત ટેકનિક, નિયમો અને રમતની સમજણ પણ આપે છે. સાથે સાથે ખેલાડીઓની શારીરિક ક્ષમતા વધે તે માટે નિયમિત વ્યાયામ, દોડ અને ફિટનેસ ટ્રેનિંગ પણ કરાવવામાં આવે છે. તેઓ માનતા છે કે માત્ર ટેકનિક નહીં પરંતુ ફિટનેસ પણ સારા ખેલાડી માટે અત્યંત જરૂરી છે.

શરૂઆતના સમયમાં આ કોચિંગમાં માત્ર છ-સાત બાળકો જોડાતા હતા, પરંતુ સમય જતાં તેમાં સતત વધારો થયો છે. આજે નારાણપર સહિત આસપાસના ગામોમાંથી પણ અનેક બાળકો અને ખાસ કરીને દીકરીઓ આ તાલીમમાં જોડાઈ રહી છે. ગ્રામ્ય કક્ષાએ છોકરીઓની આટલી મોટી સંખ્યામાં હાજરી આ પહેલની વિશેષતા દર્શાવે છે.

વાલીઓનો વિશ્વાસ પણ આ પહેલમાં નોંધપાત્ર રીતે વધ્યો છે. ઘણા વાલીઓ હવે પોતાના બાળકોને યોગ્ય ક્રિકેટ કિટ સાથે નિયમિત રીતે કોચિંગ માટે મોકલે છે. ગામમાં રમતગમત માટે આવી વ્યવસ્થિત તાલીમ મળતા વાલીઓમાં પણ સંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ કોચિંગના પરિણામો પણ હવે સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. અહીં તાલીમ મેળવી અનેક ખેલાડીઓ અંડર-૧૪ અને અંડર-૧૭ સ્તરની સ્પર્ધાઓ સુધી પહોંચ્યા છે. તેમાં ક્રિશ વેકરિયા, જનક પિંડોરિયા, પાર્થિવ મેપાણી અને રિષિ હાલાઈ જેવા યુવાનોના નામ નોંધપાત્ર છે. ખાસ કરીને જનક પિંડોરિયાએ આફ્રિકા અને દુબઈ સુધી રમવાની તક મેળવી ગ્રામ્ય પ્રતિભાનો ડંકો વગાડ્યો છે.

માંડવીની ઈશિકા પિંડોરિયાએ પણ સૌરાષ્ટ્ર અંડર-૧૭ ટીમમાં સ્થાન મેળવી કચ્છના રમતજગતમાં દીકરીઓ માટે પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઉપરાંત એસજીવીપી રિબડા સહિતની સ્પર્ધાત્મક સ્તરે પણ કેટલાક ખેલાડીઓ પહોંચ્યા છે, જે આ કોચિંગની સફળતા દર્શાવે છે. જાદવજી વેકરિયા માત્ર તાલીમ જ નથી આપતા, પરંતુ ખેલાડીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેમને સમયસર મેચો અને સ્પર્ધાઓ માટે ગાંધીધામ સુધી પોતાના ખર્ચે લઈ જવાની જવાબદારી પણ નિભાવે છે. આ પ્રકારની નિષ્ઠા અને સમર્પણ ગ્રામ્ય રમતગમત ક્ષેત્રમાં દુર્લભ માનવામાં આવે છે. સૂરજપરની આ પહેલ માત્ર ક્રિકેટ કોચિંગ સુધી મર્યાદિત નથી, પરંતુ તે ગામના યુવાનોમાં શિસ્ત, આત્મવિશ્વાસ અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનું કાર્ય પણ કરી રહી છે. ગ્રામ્ય સ્તરે આવી વ્યવસ્થિત અને સતત ચાલતી તાલીમ કચ્છમાંથી ભવિષ્યમાં વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ઉભા કરશે તેવી મજબૂત આશા વ્યક્ત થઈ રહી છે.



**રેત વેકેશનની... બસ વહી ગઈ,**
**સ્કૂલ મારી આજ ચાલુ થઈ ગઈ.**
**આંગણાની ઊડતી આ ધૂળ જો,**
**પ્રાર્થનાના હાથ બની જોડાઈ ગઈ.**
**સ્કૂલ મારી આજ ચાલુ થઈ ગઈ...**
**-સાકેત દવે.**

# કચ્છના વિવિધ ગામોમાં સ્વચ્છતા અભિયાન સપ્તાહ અંતર્ગત સ્વચ્છતા જાગૃતિ રેલી યોજાઇ

## સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને સ્વચ્છ ગામના સંકલ્પને મજબૂત બનાવવાનો પ્રયાસ કરાયો





ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના વિવિધ ગામોમાં સ્વચ્છતા અભિયાન સપ્તાહ અંતર્ગત ગ્રામ પંચાયતો દ્વારા સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી દ્વારા ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને સ્વચ્છ ગામના સંકલ્પને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શનમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ તાલુકા પંચાયતના સહયોગથી સમગ્ર કચ્છ જિલ્લામાં સ્વચ્છતા અંગેના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

કણખોઈ, મીઢીંયારી, રવમોટી, માથક, નરા, મસ્કા સહિતના કચ્છના તમામ તાલુકાના ગામોમાં રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ સ્વચ્છતા સંબંધિત સૂત્રોચ્ચાર કરી ગ્રામજનોને પોતાના ઘર, શેરી, ગામ તથા જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા માટે પ્રેરિત કર્યા હતા. સ્વચ્છતા જાળવવાના સંકલ્પ સાથે ગ્રામજનોને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા, કચરાનો યોગ્ય નિકાલ કરવા અને પોતાના ગામને સ્વચ્છ, સુંદર તથા સ્વસ્થ રાખવા માટે અપીલ કરવામાં આવી હતી. સ્વચ્છતા જાગૃતિ રેલી ગામોના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેમાં સ્વચ્છતા અને આરોગ્ય અંગેના સંદેશાઓ સાથે ગ્રામજનોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. રેલી દરમિયાન "સ્વચ્છતા અપનાવો, રોગોને દૂર ભગાડો", "મારો કચરો મારી જવાબદારી" તેમજ "સ્વચ્છ ગામ-સમૃદ્ધ ગામ" જેવા સૂત્રોના ઉચ્ચારણ સાથે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાનનો મુખ્ય હેતુ ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવાનો અને ગામોને સ્વચ્છ, હરિયાળા તથા આરોગ્યપ્રદ બનાવવાનો હતો. આ અભિયાનને સફળ બનાવવા માટે ગ્રામ પંચાયત, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વયંસેવકો અને ગ્રામજનો દ્વારા સક્રિય સહકાર આપવામાં આવ્યો હતો. રેલીમાં પદાધિકારીઓ, સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયતના સભ્યો, કર્મયોગીઓ, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, તથા મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## અબડાસા તાલુકાના વાયોર ખાતે ઢોલના નાદ સાથે "સ્વચ્છતા જાગૃતિ પદયાત્રા" યોજાઇ




નલિયા - કચ્છઉદય : જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચ્છ-ભુજના માર્ગદર્શન હેઠળ તાલુકા પંચાયત અબડાસા દ્વારા વાયોર ગામ ખાતે "સ્વચ્છતા સપ્તાહ અભિયાન"નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.કચ્છની પરંપરા મુજબ ઢોલ વગાડીને ગામના મુખ્ય માર્ગો અને બજારમાં થઈને પદયાત્રા પસાર થઇ હતી અને નાગરિકોને સ્વચ્છતાનો સંદેશ પાઠવ્યો હતો. આ રેલીમાં તાલુકા પંચાયત સદસ્ય, અબડાસા તાલુકા વિકાસ અધિકારી, ગામના સરપંચ, ઉપસરપંચ, તલાટી, સ્થાનિક સામાજિક અગ્રણીઓ, વિવિધ સરકારી કર્મચારીઓ અને શાળાના વિધાર્થીઓ સહિત સર્વે ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. સહભાગીઓએ હાથમાં પર્યાવરણ અનુકૂળ કાપડના બેનરો અને જાગૃતિ દર્શાવતા સૂત્રોના પ્લેકાર્ડ્સ સાથે સમગ્ર ગામને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. પદયાત્રા દરમિયાન ગ્રામજનોને પ્લાસ્ટિક મુક્ત ગામ બનાવવા અને ચોમાસા પૂર્વે મચ્છરજન્ય રોગોથી બચવા આસપાસ સફાઈ રાખવા અપીલ કરાઈ હતી.

# આત્મવિશ્વાસથી સજ્જ યુવતીઓ સમગ્ર સમાજને ઉજ્જળ ભવિષ્ય તરફ દોરી શકે









ભુજ - કચ્છ ઉદય : નિષ્કલંકાણી પ્રેરણાપીઠ ખાતે પ્રેરણા શિબિરમાં ૩૦૦થી વધુ યુવતીઓ જોડાઈ હતી, જેમાંથી ૨૬૦ યુવતીઓ ગુજરાત રાજ્યમાંથી અને બાકીની યુવતીઓ ગુજરાત બહારથી આવીને જોડાઈ હતી. શિબિર દરમિયાન યુવતીઓએ યોગ, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા આંતરિક શાંતિનો અનુભવ કર્યો હતો, જ્યારે ડિજિટલ સાક્ષરતા, સંવાદ કૌશલ્ય, પરિવારના મૂલ્યો, આરોગ્ય અને સ્વચ્છતા જેવા વિષયો પર નિષ્ણાત વક્તાઓએ માર્ગદર્શન આપ્યું હતું. ડો. માયાબેન કોડનાની, કલ્પનાબેન વ્યાસ, ડૉ. મીનલબેન રાવલ, ડો. આસમાની સુર્વે, ડો. ટ્વિંકલ પટેલ, સુહાલી તિપરે તથા અન્ય વક્તાઓએ યુવતીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી પ્રેરણાદાયી પ્રવચનો આપ્યા હતા.

સમાપન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવતીઓને સંબોધિત કરતાં જણાવ્યું હતું. "યુવતીઓ સમાજની શક્તિ છે. શિક્ષણ, સંસ્કાર અને આત્મવિશ્વાસથી સજ્જ યુવતીઓ માત્ર પોતાના જીવનને જ નહીં પરંતુ સમગ્ર સમાજને ઉજ્જ્વળ ભવિષ્ય તરફ દોરી શકે છે. આપ સૌએ આ શિબિરથી મેળવેલા મૂલ્યોને જીવનમાં ઉતારી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ કરવો જોઈએ." તેમણે યુવતીઓ સાથે પ્રશ્નોત્તરી સત્ર પણ યોજ્યો, જેમાં શિક્ષણ, કારકિર્દી, સમાજસેવા અને જીવનમૂલ્યો અંગે યુવતીઓએ પૂછેલા પ્રશ્નોના તેમણે માર્ગદર્શક જવાબ આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન સ્ત્રી ચેતના અધ્યક્ષ શૈલજા અંધારેના પ્રયત્નોથી શક્ય બન્યું. તેમણે વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ વિષયો પસંદ કરી યોગ્ય વક્તાઓને આમંત્રિત કર્યા, જેના કારણે શિબિર અત્યંત અસરકારક અને સમયોચિત બની. કાર્યક્રમના અંતે તમામ ભાગ લેનાર યુવતીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા અને શિબિરને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ સંસ્થાઓ તથા કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વલસાડ બિલ્ડર એસોસીએશને નવનિયુક્ત કલેક્ટરની શુભેચ્છા મુલાકાત લીધી




વલસાડ - કચ્છ ઉદય : વલસાડ જિલ્લાના નવનિયુક્ત જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ નીતિન સાંગવાન (આઈએએસ)ની વલસાડ જિલ્લા બિલ્ડર એસોસીએશનના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં એસોસીએશનના હોદ્દેદારો દ્વારા કલેક્ટરનું પુષ્પગુચ્છ આપીને ભાવભર્યું સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

પ્રેરણાદાયી મુલાકાત દરમિયાન એસોસીએશનના પ્રમુખ અશોક કાનજી મંગે દ્વારા કલેક્ટરને વલસાડ જિલ્લામાં ચાલી રહેલી કન્સ્ટ્રક્શન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રની પ્રવૃત્તિઓ તેમજ જિલ્લાના આર્થિક અને આંતર માળખાકીય વિકાસ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. એસોસીએશનના હોદ્દેદારોએ વહીવટી તંત્રને ખાતરી આપી હતી કે, વલસાડ જિલ્લાના સુનિયોજિત અને ટકાઉ વિકાસ માટે તેમજ સરકારની તમામ લોકાભિમુખ યોજનાઓ અને નિયમોના સુચારુ અમલીકરણમાં બિલ્ડર એસોસીએશન વહીવટી તંત્ર સાથે હંમેશા સહયોગ આપવા કટિબદ્ધ રહેશે. કલેક્ટરે પણ એસોસીએશનની આ મુલાકાતને આવકારી સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. આ શુભેચ્છા મુલાકાતમાં વલસાડ જિલ્લા બિલ્ડર એસોસીએશનના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી સહિતના અગ્રણી ડેવલપર્સ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# દિલ્હીમાં સૂર્ય ફાઉન્ડેશન દ્વારા ૧૦ દિવસીય વ્યક્તિત્વ વિકાસ શિબિરનું આયોજન



**કચ્છની દીકરી પવિત્રાએ દિલ્હીમાં કચ્છનું નામ રોશન કર્યું**

ભુજ - કચ્છ ઉદય : આ ગરમીની રજાઓ દરમિયાન દિલ્હીમાં સૂર્ય ફાઉન્ડેશન દ્વારા ૧૦ દિવસીય વ્યક્તિત્વ વિકાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ ૧૧૨ દીકરા-દીકરીઓએ આ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શિબિર દરમિયાન બાળકોને આત્મનિર્ભરતા, નેતૃત્વ, અનુશાસન અને જવાબદારીના પાઠ શીખવવામાં આવ્યા. બાળકો પોતાના કપડાં ધોવા, વાસણ સાફ કરવા, પોતાના નિર્ણયો જાતે લેવા તેમજ ટીમ સાથે કાર્ય કરવાની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જીવન કૌશલ્ય વિકસાવતાં રહ્યા છે.

આ ૧૦ દિવસ દરમિયાન કરાટે, ડ્રિલ, પરેડ, માસ પી. ટી., ડાન્સ, ક્રાફ્ટિંગ, ડિકોડિંગ, વિવિધ મહાનુભાવો દ્વારા પ્રેરણાદાયી વ્યાખ્યાનો, યોગ, ધ્યાન, પ્રાર્થના તથા આધ્યાત્મિક વિકાસની અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મોબાઈલથી દૂર રહીને બાળકોને ફૂટબોલ, બાસ્કેટબોલ, હેન્ડબોલ, ખો-ખો, કબડ્ડી, હોર્સ રાઈડિંગ અને ઑબ્સ્ટેકલ જેવી રમતગમત પ્રવૃત્તિઓ દ્વારા શારીરિક વિકાસની ઉત્તમ તક મળી છે.

બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને શિબિરમાં આધ્યાત્મિક, બૌદ્ધિક, શારીરિક, માનસિક અને સામાજિક વિકાસના પાંચેય આયામો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. તા. ૭ જૂનના રોજ યોજાયેલા સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સુર્યા રોશની એલટીડી સ્ટિલ ડિવિઝન ના સીઈઓ ગૌરવ જૈન, ડિરેક્ટર કૌસ્તુભ કરમરકર , ભારત સરકારમાં ઓએસડી શૈલેષ શર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોને જીવનમાં અનુશાસન, રાષ્ટ્રભાવના અને નેતૃત્વના ગુણો વિકસાવવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે કચ્છના અંજારની અને શિબિરની સૌથી નાની પ્રતિભાગી કુમારી પવિત્રા જયભાઈ જેટવાએ પોતાની શ્રેષ્ઠ પ્રતિભા, અનુશાસન, નેતૃત્વ અને સર્વાંગી પ્રદર્શનના આધારે ૧૧૨ બાળકોમાંથી પ્રતિષ્ઠિત "બેસ્ટ પર્ફોમન્સ ઓફ ધ કેમ્પ" એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. આ સાથે આગામી વર્ષમાં દિલ્હી ખાતે આયોજિત એડવાંસ વ્યક્તિત્વ વિકાસ શિબિર માટે પણ પવિત્રા નું સેલેક્શન થયું છે. પવિત્રાની આ સિદ્ધિ માત્ર તેના પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર અંજાર અને કચ્છ માટે ગૌરવની વાત છે. સમાપન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો, અતિથિઓ અને શિબિર સંચાલકોએ પવિત્રાનું વિશેષ સન્માન કરીને તેને ઉજ્જ્વળ ભવિષ્ય માટે આશીર્વાદ અને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે પવિત્રાએ દિલ્હી ખાતે સહપરિવાર સૂર્યા રોશની લિમિટેડ અને સૂર્યા ફાઉન્ડેશનના ચેરમેન પદ્મશ્રી જયપ્રકાશ અગ્રવાલ સાથે વ્યક્તિગત મુલાકાત કરી આશીર્વાદ લીધા હતા. નાની ઉંમરમાં રાષ્ટ્રીયસ્તરે પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ દ્વારા પવિત્રા જેઠવાએ કચ્છનું નામ દેશભરમાં ગૌરવપૂર્વક રોશન કર્યું છે.

### આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના માધ્યમથી


# આધોઇના ખોડાભાઈને સમયસર નિઃશુલ્ક સારવાર મળતા હર્નિયાની પીડાથી મળી મુક્તિ




અંજાર - કચ્છઉદય : આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના એ ભારત સરકારની એક મહત્વપૂર્ણ આરોગ્ય વીમા યોજના છે.આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને ગુણવત્તાયુક્ત તબીબી સારવાર પૂરી પાડવાનો છે. આ યોજના અંતર્ગત અનેક નાગરિકોને નીરોગી જીવન પ્રાપ્ત થયું છે. જેમાં ભચાઉ તાલુકાના આધોઇ ગામના ૬૦ વર્ષના ખોડાભાઈ દલાભાઈનો પણ સમાવેશ થાય છે.

મજૂરી કરીને પેટીયું રળતા આ પરિવારના ખોડાભાઈને લાંબા સમયથી પેટમાં દુઃખાવાની સમસ્યા રહેતી હતી. તબીબી તપાસ દરમિયાન તેમને આંતરડીનો હર્નિયા હોવાનું નિદાન થયું હતું. ડોક્ટર દ્વારા તાત્કાલિક ઓપરેશન કરવાની સલાહ આપવામાં આવી હતી, કારણ કે સમયસર સારવાર ન લેવાય તો સ્થિતિ ગંભીર બની શકે તેમ હતી.લાભાર્થીએ પ્રાથમિક રીતે મોરબી ખાનગી હોસ્પિટલ ખાતે તપાસ કરાવી હતી, જ્યાં વિશેષજ્ઞ ડોક્ટર દ્વારા સર્જરીની જરૂરિયાત સાથે મોટો ખર્ચ જણાવ્યો હતો. જેથી તેઓ આધોઇ પરત ફર્યા હતા, પરંતુ આ દરમિયાન તેઓને આયુષ્યમાન કાર્ડ અંગે જાણકારી મળતા તેઓ પીએચસી આધોઈ-૧ ખાતે આવ્યા હતા. જ્યાં કાર્યરત કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા તેમની પાત્રતા ચકાસી તાત્કાલિક આયુષ્માન ભારત કાર્ડ બનાવી આપવામાં આવ્યું.આયુષ્માન કાર્ડ પ્રાપ્ત થતાં તેમને ખાનગી હોસ્પિટલ મોરબી ખાતે સંપૂર્ણ રીતે કેશલેસ સર્જરી અને સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઓપરેશન સફળતાપૂર્વક થતાં આજે ખોડાભાઇ સંપૂર્ણ સ્વસ્થ થયા છે. સારવાર બાદ તેમની જીવન ગુણવત્તામાં સુધારો આવ્યો છે અને તેઓ સામાન્ય જીવન જીવી રહ્યા છે. પીએમજેએવાય યોજના દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક મળી રહી છે. આ યોજના કારણે ખોડાભાઈ જેવા અનેક દર્દીઓના જીવનમાં સમયસર સારવારથી સ્વસ્થ જીવન પ્રાપ્ત થયું છે. લાભાર્થીએ આરોગ્ય વિભાગ, પીએમજેએવાય યોજના તથા સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

# પૂર્ણા યોજના અંતર્ગત કિશોરીઓ માટે વોકેશનલ તાલીમ વર્કશોપ યોજાયો



ભુજ - કચ્છઉદય : મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની પૂર્ણા યોજના અંતર્ગત કિશોરીઓને સ્વનિર્ભર અને કૌશલ્યબદ્ધ બનાવવાના હેતુથી ભુજ ઘટક-૧ ના આંગણવાડી કેન્દ્ર નટવાસ-૧ (રામદેવપીર મંદિર) ખાતે એક વિશેષ આઈટીઆઈ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપનું આયોજન જિલ્લા ઈન્ચાર્જ પ્રોગ્રામ ઓફિસરશ્રીના સક્ષમ માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા પૂર્ણા કન્સલ્ટન્ટ ઉપસ્થિત રહી કિશોરીઓને પ્રોત્સાહિત કરી હતી. ઘટકના સીડીપીઓ તેમજ મુખ્ય સેવિકા દ્વારા આસપાસના વિસ્તારની કિશોરીઓ અને તેમના વાલીઓને આ વર્કશોપનો મહત્તમ લાભ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. ભુજ આઈટીઆઈમાંથી પધારેલા સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર તેમજ તેમની ટીમ દ્વારા કિશોરીઓને આઈટીઆઈમાં ચાલતા વિવિધ ટેકનિકલ અને નોન-ટેકનિકલ કોર્સ, સમર કેમ્પ અને સરકાર તરફથી મળવાપાત્ર સ્ટાઈપેન્ડ (શિષ્યવૃત્તિ) યોજનાઓ વિશે ખૂબ જ ઝીણવટભરી અને રસપ્રદ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ વર્કશોપમાં કુલ ૫૨ જેટલી કિશોરીઓ અને તેમના વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આઈટીઆઈની ટીમ દ્વારા અપાયેલી સમજણથી પ્રભાવિત થઈને ૧૫ થી ૨૦ જેટલી કિશોરીઓએ આઈટીઆઈના વિવિધ ટ્રેડમાં જોડાઈને પોતાની કારકિર્દી બનાવવાની ઉત્કંઠા અને ઈચ્છા વ્યક્ત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક આંગણવાડી કાર્યકર બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી અને કાર્યક્રમને દીપાવ્યો હતો. કિશોરીઓના સશક્તિકરણ તરફનું આ એક સરાહનીય પગલું રહ્યું હતું.

## બાળકોને નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખે પ્રવેશ આપ્યો



શાળાનું વેકેશન પૂર્ણ થતાં શાળાઓ શરૂ થઈ ગઈ છે, ત્યારે નખત્રાણા તાલુકાના રોહા સુમરી ખાતે શાળા પ્રવેશોત્સવનું આયોજન તાલુકા પંચાયત પ્રમુખ ભારતીબેન નિતિનગીરી, રોહા સુમરી સરપંચ નિતીનગીરી, ઉપસરપંચ હુસેન ભજીર, શાળા આચાર્ય ધવલભાઈ પંચાલની ઉપસ્થિતિમાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

## કચ્છ પર સમયસર ભાગ્ય વિધાતા મહેરબાન થશે

# નખત્રાણા પંથકમાં ટીટોડીએ ઈંડા મુકતા સચરાચર વરસાદના સંકેત

**પંથકમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે પવનની ઝડપ વધી : બફારા - ઉકળાટથી મહદઅંશે રાહત મળી : નક્ષત્ર, આગાહી, ભડલી વાક્યો વરસાદનો વર્તારો દર્શાવે છે**





નખત્રાણા - કચ્છ ઉદય : આ વખતે અલનીનો અસરથી વરસાદ ઓછો થવાની ભીતિએ ખેડૂતો, માલધારી વર્ગની ચીંતા વધારી છે.

હવામાન વિભાગ કે હવામાન શાસ્ત્રી ભલે નબળો ચોમાસાની આગાહી કરે પરંતુ નખત્રાણા પંથકમાં નગરની ભાગોળે આવેલી વેણીલાલ રૈયાણી તથા હંસાબેન રૈયાણીની વાડીમાં ટીટોડીએ ઈંડા મૂક્યાની તસવીરએ સમગ્ર કચ્છમાં સચરાચર વરસાદના એંધાણ આપ્યા છે.

ચોમાસાના આગમનથી આતુરતાથી રાહ જોતા કચ્છી માડુઓ માસાંતે વરસાદના મંડાણ થાય તેવી સંભાવના વ્યક્ત કરી હતી. આજે પંથકમાં પવનમાં ગતિ વધતા અને વાદળછાયું વાતાવરણ થતા ગરમી - ઉકળાટમાંથી મહદઅંશે રાહત મળી હતી. બે દિવસ અગાઉ બફારા - ઉકળાટથી જનજીવન બેહાલ હતો. આનાથી સર્પ પ્રજાતિ, જીવજંતુ રહેઠાણો સુધી દેખા દેતા ધરતીના ધણીની પધરામણીના વહેલા સંકેત આપ્યા હતા. વનસ્પતિમાં બિલીપત્ર ફુલ પણ આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં થતા તેવો પણ સચરાચર વરસાદની આગાહી પુરે છે. બીજી તરફ મૃગશીર્ષ નક્ષત્રના પ્રારંભે શ્રીકાર વરસાદ પડે તેવો મત જાણકારો વ્યક્ત કર્યો છે. ભડલી વાક્ય મુજબ આગામી ૨૨ જૂનના 'આદ્રા' નક્ષત્ર પ્રારંભ થાય છે ત્યારે જ કચ્છમાં વિધિવત ચોમાસાના મંડાણ થાય છે. ટુંકમાં આ વખતે સમગ્ર કચ્છ પર ભાગ્ય વિધાતાની ધીંગી મેઘમહેર થવાના સંકેત મળી રહ્યા છે.

### ૨૦૨૬માં વરસાદના નક્ષત્ર




# વડવાભોપામાં ૫૦ વર્ષ જુના વૃક્ષોનું છેદન કરી નવું વાવેતર કરવાનો તઘલખી નિર્ણય







## ગ્રામજનોએ વન વિભાગની બેધારી નીતિ સામે વિરોધ દર્શાવ્યો : વન વિભાગ કહે છે આ મીઠીઝાડી નહીં પણ ઝેરી બાવળ છે

નખત્રાણા : હાલમાં એક તરફ વન વિભાગ દ્વારા દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે, તો બીજીતરફ વડવા ભોપામાં જે ઝાડી છે, તેનું નિકંદન કરી નવું વાવેતર કરવાનો નિર્ણય લેવાયો છે. ગ્રામજનોએ આ કામગીરીનો વિરોધ કર્યો છે, જો કે વન વિભાગનું કહેવું છે કે, આ ઝેરી બાવળ છે તેને દૂર કરવા જરૂરી છે.

નખત્રાણા તાલુકાના વડવા ભોપા ગામે સીમાડામાં નખત્રાણા વન વિભાગ દ્વારા વન કવચ બનાવવા માટે પર્યાવરણનું જતન કરતા દેશી બાવળ, ખેર, કંઠુ, પીલૂ જેવા કુદરતી સંપત્તિ ધરાવતા લીલી ઝાડીનો નાશ કરાયો છે. જેમાં અનેક પક્ષીઓના માળા હતા પરંતુ વનવિભાગે એકાએક જેસીબી ચલાવી મૂળ સાથે લીલી ઝાડી કાઢી નાખી છે જેના કારણે સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓમાં ભારે નારાજગી ફેલાઈ છે.

વડવા ભોપા ગામના રબારી વેરશી રાણા, રબારી જેસા લખમીર તેમજ ગામના સરપંચ દેવાભાઈ રબારીએ સ્થળ મુલાકાત કરી હતી તેમણે કહ્યું કે, ગઈકાલે વન વિભાગે ગામને વિશ્વાસમાં લીધા વિના ૩૦ હેક્ટર જેટલી જમીનમાં કુદરતી સંપત્તીનો સોથ વાળી નાખ્યો છે. ભલે વન વિભાગની જમીન હોય કે ન હોય પણ આમ કુદરતી સંપદાનો નિકંદન કાઢી નાખો એ ક્યાંનો ન્યાય છે અહીં અફાટ વગડો છે કુદરતી પ્રાણીઓનો વસવાટ છે પક્ષીઓનો વસવાટ છે મોટા પ્રમાણમાં લીલીઝાડી આવેલી છે વન વિભાગ કહે છે અમારી જમીન છે.

વન કવચનો અમારો વિરોધ નથી પણ કુદરતી વન કવચનો નાશ કરવો કેટલું યોગ્ય છે એવો આક્ષેપ પણ ગામ લોકોએ કર્યો હતો

વન વિભાગે જણાવ્યું હતું કે મોટા પાયે અહીં વૃક્ષારોપણ કરશુ અને નવા વૃક્ષો રોપવા માટે વન કવચ બનાવવાના છીએ કારણ કે અહીં પાણીના ટાંકા આવેલા છે લાઈન પણ ગોઠવેલી છે માટે અહીં વન કવચ બનાવવાનો નિર્ણય લેવાયો છે પરંતુ ગામ લોકોએ આ બાબતે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કુદરતી સંપદાનો નાશ કરી અમે હવે નવેસરથી વન કવચ બનાવવા નહી આપીએ.

૫૦ વર્ષ જુના વૃક્ષોનું છેદન કરી નાખ્યું છે તો હવે નવા વૃક્ષો રોપવામાં આવશે તેને પણ સમય લાગી જશે ત્યાં સુધી પર્યાવરણનું તો નુકસાન થયું જ છે એવું ગામના સરપંચ દેવાભાઈ રબારીએ જણાવ્યું હતું.

આ અંગે નખત્રાણા પૂર્વ રેન્જના આરએફઓ સરવૈયાને પૂછતા તમેણે જણાવ્યું કે, અમને પર્યાવરણનો નાશ કરવામાં રસ તો ન જ હોય આમ પણ કચ્છમાં મીઠી ઝાડી ઓછી ઉગે છે તો શા માટે અમે કાપીએ પણ અમે ઝેરી બાવળનો નાશ કર્યો છે અને અહીં વન કવચ બનાવવાનું આયોજન છે તેમ જણાવ્યું હતું.

# ઈરાન મુદ્દે નેતન્યાહૂ અડગ પણ ટ્રમ્પ ચિંતિત, છેલ્લી ચેતવણી આપતા કહ્યું- હવે અમે સાથ નહીં આપીએ

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ જોવા મળી રહ્યો છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં વધતા જતા સૈન્ય સંઘર્ષ વચ્ચે, ડોનાલ્ડ ટ્રમ્પે નેતાન્યાહૂને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ઈઝરાયલે ઈરાન પર ફરીથી મોટા પાયે હુમલા શરૂ કર્યા, તો વૈશ્વિક સ્તરે તે એકલું પડી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે રાજદ્વારી સમજૂતી કરવા માટે મહિનાઓથી પ્રયાસ કરી રહ્યા છે. તેમને ડર છે કે જો આ યુદ્ધ વધશે તો અમેરિકાએ પણ આ પ્રાદેશિક સંઘર્ષમાં ઊંડા ઉતરવું પડશે. ટ્રમ્પે મીડિયાને જણાવ્યું, કે મેં કહ્યું, 'બીબી હવે ચેતી જજો, નહીંતર ટૂંક સમયમાં તમે એકલા પડી જશો.

આ તણાવ ત્યારે શરૂ થયો જ્યારે ઈઝરાયલે રવિવારે બેરૂતમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર હુમલા કર્યા, જેના જવાબમાં ઈરાને ઈઝરાયલ પર મિસાઈલો છોડી દીધી. ટ્રમ્પે નેતાન્યાહૂને વધુ જવાબી કાર્યવાહી ન કરવા વિનંતી કરી હતી અને દાવો કર્યો હતો કે આગામી થોડા દિવસોમાં જ ઈરાન સાથેની વાટાઘાટોમાં મોટી સફળતા મળી શકે તેમ છે.

અમેરિકી અને ઈઝરાયલી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ અત્યારે મુશ્કેલ સંતુલન જાળવી રહ્યા છે. તેઓ ઈરાનના હુમલા સામે ઈઝરાયલના સ્વરક્ષણના અધિકારને સ્વીકારે છે, પરંતુ સાથે જ સામસામે થતા હુમલાઓ સંપૂર્ણ પ્રાદેશિક યુદ્ધમાં ન બદલાય તે માટે ચિંતિત છે.

ટ્રમ્પના વિરોધ છતાં, નેતાન્યાહૂએ વ્હાઈટ હાઉસને સ્પષ્ટ કરી દીધું હતું કે ઈઝરાયલ મર્યાદિત હુમલાઓ ચાલુ રાખશે. ત્યારબાદ ઈઝરાયલે ઈરાનની સૈન્ય સુવિધાઓને નિશાન બનાવી, જેના કારણે તેહરાને ફરીથી ઈઝરાયલ તરફ મિસાઈલો છોડી. જો કે આ હુમલામાં અમેરિકી સેનાએ સીધો ભાગ લીધો ન હતો, પરંતુ યુએસ સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા મુજબ, અમેરિકાએ ઈરાનની મિસાઈલોને હવામાં જ તોડી પાડવામાં ઈઝરાયલને મોટી મદદ કરી હતી.

વધતા તણાવ વચ્ચે ટ્રમ્પે ફરી નેતાન્યાહૂ સાથે ફોન પર વાત કરી અને ઈરાન પર મોટા પાયે હુમલો કરવાની યોજના અટકાવવા દબાણ કર્યું. ઈઝરાયલી અધિકારીઓએ જણાવ્યું કે, નેતાન્યાહૂ આખરે એ શરતે પાછા હટવા સંમત થયા કે જો ઈરાન હવે પછી કોઈ નવો હુમલો નહીં કરે તો ઈઝરાયલ પણ શાંત રહેશે.

ટ્રમ્પે એવો પણ દાવો કર્યો છે કે પ્રદેશના કેટલાક દેશોએ તેમનો સંપર્ક કરીને સંયમ રાખવા વિનંતી કરી છે અને ઈરાને પણ મધ્યસ્થીઓ દ્વારા સંકેત આપ્યો છે કે જો ઈઝરાયલ હુમલા રોકશે તો તેઓ પણ હુમલા બંધ કરવા તૈયાર છે.

બીજી તરફ, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂએ સોમવારે ટેલિવિઝન પર રાષ્ટ્રને સંબોધન કરતી વખતે પોતાની સૈન્ય કાર્યવાહીનો જોરદાર બચાવ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે ઈઝરાયલે ઈરાનના પરમાણુ જોખમને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યું છે.

તેમણે કહ્યું કે, એક વર્ષ પહેલાં ઈરાન સામે કરવામાં આવેલા આગોતરા પ્રહારે તેહરાનને પરમાણુ હથિયારો મેળવતા રોક્યું હતું. ઈઝરાયલ ક્યારેય ઈરાનને પરમાણુ બોમ્બ બનાવવા નહીં દે. આ સિવાય હિઝબુલ્લાહ ઉત્તરી ઈઝરાયલ પર હજારો લડવૈયાઓ અને મોટા પાયે મિસાઈલ હુમલાની તૈયારી કરી રહ્યું હતું, જેને અમે નિષ્ફળ બનાવ્યું છે. અમે હિઝબુલ્લાહના વડા હસન નસરાલ્લાહને ખતમ કર્યો છે અને દક્ષિણ લેબનોનમાં તેમની અંડરગ્રાઉન્ડ સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડી પાડી છે.

નેતાન્યાહૂએ ઉમેર્યું કે ઈરાન અને હિઝબુલ્લાહ અત્યારે સૌથી નબળી સ્થિતિમાં છે, જ્યારે ઈઝરાયલ મજબૂત બન્યું છે. જો કે, તેમણે ચેતવણી આપી કે સંઘર્ષ હજુ પૂરો થયો નથી. ઈરાન અને હિઝબુલ્લાહ પોતાની ધરતી પરથી હુમલા કરીને 'નવું સમીકરણ' બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જેનો ઈઝરાયલે બેરૂત અને ઈરાનના આર્થિક-સૈન્ય મથકો પર હુમલા કરીને જડબાતોડ જવાબ આપ્યો છે. હાલ પૂરતું ઈઝરાયલે ફાયરિંગ રોક્યું છે કારણ કે ઈરાનના હુમલા બંધ થયા છે, પરંતુ જો તેહરાન ફરીથી આક્રમકતા બતાવશે તો તેનો જવાબ "અતિશય પ્રચંડ બળ" સાથે આપવામાં આવશે.

# કંબોડિયાના સાઈબર ફ્રોડ રેકેટમાં ભારતના ૩૬ હજાર સિમકાર્ડનો ઉપયોગ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : કંબોડિયા ભારતીય સામે સાઈબર ક્રાઈમનું હબ બની ગયું છે. એક પછી એક ઘણી ઘટનાઓના છેડાં કંબોડિયાના સાઈબર સ્કેમ સેન્ટર્સ સુધી પહોંચે છે. ઈડીએ આ મુદ્દે હવે રાષ્ટ્રવ્યાપી તપાસ શરૂ કરી છે. રાજસ્થાન, પંજાબ જેવા અનેક રાજ્યોમાં ઈડીની ટીમે દરોડા પાડયા હતા. ભારતના સિમકાર્ડનો ઉપયોગ કરીને કરોડોની છેતરપિંડી થતી હોવાનું સામે આવ્યું છે. ડિજિટલ અરેસ્ટથી લઈને નકલી પ્લેટફોર્મ પર રોકાણ કરવા સુધીના કિસ્સા વધતા જાય છે. ઈડીએ ૨૩ લાખ શંકાસ્પદ સિમકાર્ડનું એનાલિસિસ કર્યું હતું. એમાંથી ૩૬ હજારનો ઉપયોગ કંબોડિયામાંથી થતાં સાઈબર ક્રાઈમમાં થતો હોવાની શક્યતા છે. ઈડીએ ૫૩૦૦ સિમકાર્ડ તો ઓળખી કાઢ્યા છે, જે દેશની સાઈબર ક્રાઈમની ઘટનાઓમાં સંડોવાયેલા છે. ઈડીએ જુદા જુદા સ્થળોએ દરોડા પાડયા હતા. પંજાબ અને રાજસ્થાનના સાત સ્થળે દરોડાં પાડયા તો એમાં જણાયું કે ભારતમાંથી સિમકાર્ડ એક્ટિવ કરાવીને મલેશિયન નાગરિકોને આપવાનું એક ષડયંત્ર ચાલતું હતું. સર્ચ ઓપરેશનમાં સામે આવ્યું કે રાહુલ કુમાર ઝા, મોહમ્મદ શરીફ, સંદીપ ભટ્ટ વગેરે આ સિમકાર્ડ મોકલવાના કૌભાંડમાં સંડોવાયેલા હતા. કેટલાય વેન્ડર્સ પણ જુદી જુદી કંપનીના સિમકાર્ડ વેચીને કૌભાંડ આચરતા હોવાનું સામે આવ્યું છે. હજુ આ ઘટનામાં વધારે ખુલાસા થાય તેવી શક્યતા છે.

કોચીના એક ૩૭ વર્ષના ડોક્ટરને મેટ્રીમોનિયલ વેબસાઈટમાંથી ફસાવાયા હતા. મેટ્રીમોનિટલમાં તેની સાથે પરિચય કેળવીને તેને એક નકલી પ્લેટફોર્મમાં રોકાણ કરવાનું કહેવામાં આવ્યું હતું. ૩૭ લાખ રૂપિયાનું રોકાણ કરાવ્યા પછી જ્યારે ડોક્ટરને ખબર પડી કે એ પ્લેટફોર્મ જ નકલી હતું ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. આ ઘટનામાં કેરળના ૨૪ વર્ષના આરોપી અબ્દુલ રહેમાનની દિલ્હીમાંથી ધરપકડ થઈ હતી. અબ્દુલ રહેમાન ૨૦૨૨થી કંબોડિયાના એક સાઈબર ક્રાઈમ સેન્ટર સાથે જોડાયેલો છે અને તે ત્યાં જઈને કામ પણ કરી ચૂક્યો છે.

### કારમાં લાગી આગ



ભુજના પ્રભુનગર ખોડીયાર માના મંદિર પાસે કારમાં આગ લાગેલ છે, જે અંગે રાત્રીના ૧૨ કલાકે ફાયર કંટ્રોલ રૂમમાં ફોન આવતા ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને આગ બૂઝાવી હતી.

# આરોગ્ય વિભાગમાં આઉટસોર્સિંગ અને કરાર આધારિત કર્મીઓ પાસેથી હિસાબી સત્તા પરત લેવાઈ

**કચ્છ સહિત રાજ્યભરની સરકારી હોસ્પિટલોને કડક પરિપત્ર પાઠવાયું : વહીવટી પ્રક્રિયામાં ખામી સર્જાશે તો કચેરીના વડા સામે સીધા પગલાં લેવાશે**

ભુજ - કચ્છઉદય : રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આઉટસોર્સિંગ તેમજ કરાર આધારિત કર્મચારીઓ સાથે જોડાયેલી હિસાબી કામગીરી અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક વહીવટી નિર્ણય લેવામાં આવ્યો છે. વિભાગે સત્તાવાર આદેશ જારી કરીને સ્પષ્ટ કર્યું છે કે, વર્ગ-૩ અને ૪ના આઉટસોર્સિંગ તથા કરાર આધારિત કર્મચારીઓને હવેથી કોઈપણ પ્રકારની હિસાબી કે નાણાકીય જવાબદારી સોંપવામાં આવશે નહીં. આ સાથે જ, અગાઉ આવા હંગામી કર્મચારીઓને સોંપવામાં આવેલી તમામ નાણાકીય કામગીરીઓ પણ તાત્કાલિક અસરથી પરત ખેંચી લેવા કડક સૂચના આપવામાં આવી છે. ભવિષ્યમાં મોટી નાણાકીય ગેરરીતિ અને ઓડિટના પ્રશ્નો ટાળવા માટે આ મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગના તાજેતરના પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યની અનેક સરકારી હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓમાં આઉટસોર્સિંગ કર્મચારીઓ પાસેથી હિસાબી કામગીરી લેવામાં આવતી હોવાની ગંભીર બાબત સરકારના ધ્યાન પર આવી હતી. બિન-કાયમી કર્મચારીઓ પાસે સરકારી નાણાંનો હિસાબ રાખવાની આ સ્થિતિને કારણે ભવિષ્યમાં મોટી નાણાકીય વહીવટી ક્ષતિઓ અથવા ઓડિટ સંબંધિત ગંભીર પ્રશ્નો ઊભા થવાની પૂરી શક્યતા હતી, જેને રોકવા માટે સરકાર દ્વારા આ મોટો વહીવટી સુધારો કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ અને સરહદી એવા કચ્છ જિલ્લાના આરોગ્ય તંત્રમાં આ નિર્ણયની વ્યાપક અસર જોવા મળશે. કચ્છ જિલ્લાની વિવિધ હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મેનપાવરની સ્થિતિને ધ્યાને લેતા આ નવો આદેશ વહીવટી પારદર્શિતા લાવવામાં અત્યંત નિર્ણાયક સાબિત થશે.

નવા પરિપત્રના નિયમો અનુસાર, જો કોઈપણ સરકારી આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં નાણાકીય ગેરરીતિ અથવા હિસાબી પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની ખામી સર્જાશે, તો તેની સીધી અને સંપૂર્ણ જવાબદારી જે-તે સંસ્થાના વડા અથવા કચેરીના વડાની રહેશે. જવાબદારીમાંથી બચવા અને વહીવટમાં સંપૂર્ણ પારદર્શિતા જાળવવા માટે આવા હંગામી કર્મચારીઓને નાણાકીય સત્તા સોંપવા પર કડક મનાઈ ફરમાવવામાં આવી છે. કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં આવેલા આરોગ્ય કેન્દ્રોના વડાઓએ પણ હવે આ બાબતે વિશેષ તકેદારી રાખવી પડશે, કારણ કે કોઈપણ પ્રકારની બેદરકારી માટે તેઓ સીધા જવાબદાર ઠરશે. આ પરિપત્ર મુજબ, જે આઉટસોર્સિંગ કે કરાર આધારિત કર્મચારીઓ હાલમાં હિસાબી કામગીરી સંભાળી રહ્યા છે, તેમની પાસેથી આ ચાર્જ તાત્કાલિક ધોરણે પાછો મેળવીને માત્ર નિયમિત સરકારી કર્મચારીઓને જ સોંપવાનો રહેશે. જો કચ્છ જિલ્લા સહિત રાજ્યની કોઈ હોસ્પિટલમાં સ્ટાફની અછત જેવા અનિવાર્ય સંજોગો ઊભા થાય અને આવી કામગીરી સોંપવી જ પડે, તો તે પહેલાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સક્ષમ અધિકારીની લેખિત અને ફરજિયાત મંજૂરી મેળવવાની રહેશે. વિભાગે ભુજની સરકારી હોસ્પિટલ સહિત કચ્છ જિલ્લાની તમામ સિવિલ હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સંબંધિત સરકારી કચેરીઓને આ આદેશનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરી છે.

# કાનૂની જગતના ભીષ્મ પિતામહ અને કચ્છના રમતગમતપ્રેમી બહાદુરસિંહ જાડેજાને અપાઈ શ્રદ્ધાંજલિ



ભુજ-કચ્છઉદય : ગુજરાત બાર કાઉન્સિલના ભૂતપૂર્વ ચેરમેન, વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને કાનૂની ક્ષેત્રના અતિ પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ બહાદુરસિંહ જાડેજાના દુઃખદ નિધનથી સમગ્ર ગુજરાતના વકીલ વર્તુળમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. તેમના અવસાનથી માત્ર કાનૂની ક્ષેત્રે જ નહીં પરંતુ સામાજિક અને રમતગમત ક્ષેત્રે પણ એક અગ્રણી અને પ્રેરણાદાયી વ્યક્તિત્વની ખોટ ઊભી થઈ છે.

બહાદુરસિંહ જાડેજાએ પોતાના લાંબા અને સફળ કારકિર્દી દરમિયાન કાયદાના ક્ષેત્રમાં અસાધારણ યોગદાન આપ્યું હતું. ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન તરીકે તેમણે વકીલાત વ્યવસાયની ગરિમા જાળવવા, વકીલોના હિતોની રક્ષા કરવા અને ન્યાયતંત્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવા નોંધપાત્ર કામગીરી કરી હતી.

તેઓ કાયદાના ઊંડા જ્ઞાન, સ્પષ્ટ અભિગમ, નિડરતા અને સિદ્ધાંતનિષ્ઠા માટે સમગ્ર રાજ્યમાં આદર પામતા હતા. તેમના વ્યક્તિત્વની વિશેષતા એ હતી કે તેઓ યુવા વકીલો માટે હંમેશા માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોત રહ્યા હતા. અનેક વકીલોએ તેમની પાસેથી વ્યવસાયિક મૂલ્યો, નૈતિકતા અને કાનૂની સમજણ મેળવી પોતાના જીવનમાં પ્રગતિનો માર્ગ મેળવ્યો હતો. તેમના નિધનથી વકીલ આલમે એક બાહોશ, કર્મનિષ્ઠ અને અનુભવી માર્ગદર્શક ગુમાવ્યો છે. કાનૂની ક્ષેત્રની સાથે સાથે કચ્છ જિલ્લામાં રમતગમત, ખાસ કરીને ક્રિકેટના વિકાસ માટે પણ તેમનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. કચ્છમાં ક્રિકેટ અને અન્ય રમતગમત પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહન આપી તેમણે અનેક યુવા ખેલાડીઓને આગળ વધવા માટેનું પ્રેરક વાતાવરણ પૂરું પાડ્યું હતું. રમતગમત પ્રત્યેનો તેમનો પ્રેમ અને સમર્પણ કચ્છના ખેલજગતમાં હંમેશા યાદ રહેશે. કચ્છના રમતપ્રેમીઓએ પણ એક સાચા શુભેચ્છક તથા પ્રણેતાને ગુમાવ્યા છે. તેમના જીવનકાર્ય, સેવાભાવ અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

ભુજ બાર એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ એડવોકેટ વિમલ મહેતાએ બહાદુરસિંહ જાડેજાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

સિક્કાની બીજુ બાજુની ભીતરમાં ડોકીયું : સરકાર-એજન્સી ચેતે

# કચ્છ કોકેઈનકાંડમાં નવો ફણગો!: શું ડ્રગ્સ-સીઝરના ૨૦% સ્ટ્રીટ વેલ્યુ ઈનામનો લાભ આતંકી ફંડિંગ માટે તો નથી ને?

**૧૧૮૨ કરોડનું કોકેઈન આવી રહ્યુ છે, કયાથી નીકળ્યુ, કયારે મુંદરા પહોચી રહ્યુ છે, તે સહિતની તમામ માહીતીઓ ચોકકસ એજન્સીને મળી ગઈ, પરંતુ એક શખ્સ એજન્સીના રસાલાનીવચ્ચે દરીયામાં ઓઝલ થઈ ગયો? આવુ કેવી રીતે બની શકે? શું તે માહીતી આપનારો જ વ્યકિત હતો?**

**આતંકીસંગઠનોએ ટેરર ફડીગનો નવો કીમીયો તો નથી શોધી લીધો ને? ડ્રગ્સ મુકત ગુજરાતની જાહેર થયેલી પોલીસીનો કયાંક ને કયાંક હવાલા-ટેરર ફડીંગ માટે આવા કૃત્યો-પ્લાન્ડ સિઝર કરાવી અને ગેરલાભ નથી ઉઠાવાતો ને..?**

**કોકેઈનની મેકસીકોમાં કોડીની છે કિમંત.! ત્યાથી ડ્રગ્સ વાયા કરાંચી ભારતમાં દરીયાઈ માર્ગે ઠાલવે, એજન્સીને બાતમી આપી પકડાવી દે, વિચાર તો કરો ૧૧૮૨ કરોડના ૨૦ ટકા કેટલા થયા? ઈમ્પોર્ફરને કેટલી રકમ મળી ગઈ? કોકેઈન-ડ્રગ્સ પકડાઈ ગયુ, એજન્સીની કામગીરી દેખાઈ, અધિકારીઓ-કર્મચારીઓને પણ પોલીસ અનુસાર આવા કિસ્સાઓમાં મળે છે અલગથી રીવોર્ડઝ..!**

ગાંધીધામ : ગુજરાતને ડ્રગ્સમુક્ત બનાવવાના રાજ્ય સરકારના ઉમદા અભિયાન વચ્ચે, તાજેતરમાં કચ્છમાં ઝડપાયેલા ૧૧૦૦ કરોડથી વધુના કોકેઈનકાંડે સુરક્ષા એજન્સીઓ અને સામાન્ય નાગરિકોમાં ગંભીર ચર્ચાઓ જગાવી છે. સરકારે ડ્રગ્સની બાતમી આપનારને પકડાયેલા જથ્થાની 'સ્ટ્રીટ વેલ્યુ'ના ૨૦ ટકા પુરસ્કાર તરીકે આપવાની જે નીતિ જાહેર કરી છે, તે હવે અનેક સવાલોના ઘેરામાં આવી ગઈ હોય તેવો એક નવો ફણગો મુદરાના કરોડોના કોકેઈન કાંડ પ્રકરણમાં પણ સમો આવતો જોવાઈ રહ્યો છે.

પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, ?શું 'રિવોર્ડ'ની રકમ આતંકીઓની તિજોરી ભરી રહી છે? વાત સહેજ વિગતે કરીએ તો સરકારની આ નીતિ પાછળનો હેતુ ડ્રગ્સ માફિયાઓને નેસ્તનાબૂદ કરવાનો છે. પરંતુ, જો ૧૧૦૦ કરોડના ડ્રગ્સના ૨૦ ટકાની ગણતરી કરીએ, તો તે રકમ ૨૦૦ કરોડથી પણ વધી જાય છે. શું આટલી મોટી રકમ કોઈ વ્યક્તિગત ઈન્ફોર્મરને મળે છે? કે પછી આ રકમ કોઈ આતંકી સંગઠન અથવા ટેરર ફંડિંગના ભાગરૂપે આયોજનબદ્ધ રીતે મેળવવાનો ખેલ છે? આ શંકા એટલા માટે પણ મજબૂત બને છે કારણ કે ક્યાંક ને ક્યાંક જે ઘટનાક્રમ દર્શાવાયો છે તે આયોજનબદ્ધ સીઝર તો નથી કરાયુ ને? શું આ ડ્રગ્સનું સીઝર એટલા માટે કરવામાં આવ્યું જેથી ઈન્ફોર્મરને મળતા ૨૦ ટકા સીધા રોકડ રૂપે ભારતની અંદર, કાયદેસરની પ્રોત્સાહન રકમના નામે મળી જાય? ખુબ ઉંડાણથી આ ઘટનાક્રમનો અભ્યાસ કરનારાઓ કહી રહ્યા છે કે, હવાલા કે અન્ય જોખમી માધ્યમોને બદલે, ડ્રગ્સના સીઝર દ્વારા સરકારના પોતાના ખર્ચે ભારતની અંદર નાપાક પ્રવૃત્તિઓ માટે નાણાં ઠાલવવાનો આ એક અત્યાધુનિક માર્ગ તો નથી ને? દરિયામાં ગાયબ થયેલો શખ્સ એ જ આ ઘટનાક્રમમાં એક મોટું રહસ્ય સર્જી જાય છે. એટીએસ દ્વારા પકડાયેલા આ કાંડમાં એક શખ્સ દરિયામાં ગાયબ થઈ ગયો હોવાનું દર્શાવાય છે. અહીં તર્ક એ છે કે, રસ્તા પર તો કોઈ વ્યક્તિ ક્યાંક સરકી શકે, પરંતુ અધવચ્ચે દરિયામાં ગાયબ થયેલો વ્યક્તિ શું તરતો-તરતો મેક્સિકો કે બ્રાઝિલ પ હોંચી જશે?તર્ક કહે છે કે, કદાચ આ શખ્સ પોતે જ તે 'ઈન્ફોર્મર' હોઈ શકે, જેણે ડ્રગ્સ મોકલનાર અને પકડનાર બંને પક્ષે ભૂમિકા ભજવી હોય અને સલામત રીતે ત્યાંથી નીકળી ગયો હોય.

શું આ માત્ર એક સંયોગ છે કે મેક્સિકોથી નીકળેલા ડ્રગ્સની ચોક્કસ માહિતી એજન્સીઓને મળે છે, જથ્થો પકડાય છે અને તે જ સમયે એક મુખ્ય કડી ગણાતો વ્યક્તિ ગાયબ થઈ જાય છે?આ સમગ્ર પ્રકરણ એક ઊંડી તપાસની માંગ કરે છે. શું આપણે સુરક્ષાના નામે અજાણતા જ કોઈ એવી વ્યવસ્થા તો નથી બનાવી રહ્યા જે આતંકવાદીઓ માટે 'કેશ-બેક' સ્કીમ જેવી સાબિત થઈ રહી છે? જો ડ્રગ્સ સીઝરના નામે થતી ચૂકવણીની યોગ્ય મોનિટરિંગ નહીં કરવામાં આવે, તો આ રકમ ભારતીય સુરક્ષા માટે મોટો ખતરો બની શકે છે.

## તો આ તો 'ઘરના જ ઘા' જેવી સ્થિતિ સર્જાઈ

ગાંધીધામ : આ ઉપરાંત એક સંકેત એવો પણ આવે છે કે, સરકારની આ નીતિમાં અધિકારીઓ માટે પણ પ્રોત્સાહન રકમની જોગવાઈ છે. આ એક અત્યંત સંવેદનશીલ વિષય છે. જો આવી રીતે આતંકી સંગઠનો (જેમ કે અલ-કાયદા કે અન્ય જૂથો) ની મીલીભગત હોય, તો આ તો 'ઘરના જ ઘા' જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. સરકારી તંત્રના પ્રોત્સાહનના નામે આતંકીઓ પોતાના જ ડ્રગ્સને પકડાવીને ભારતની અંદર અબજો રૂપિયાનું ફંડિંગ ઉભું કરી રહ્યા હોવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

## કચ્છના ૧૭૬ ગામોમાં રક્તપિતના દર્દીઓ શોધવા કવાયત

**૨૭૯ આરોગ્યકર્મીઓની ટીમ દ્વારા ડોર ટુ ડોર સર્વે કરી શંકાસ્પદ દર્દીઓને સંભવિત અપંગતાથી બચાવવા માટે લોકજાગૃતિ સાથે સઘન ઝુંબેશ શરૂ : જિલ્લામાં હાલ ૩૪ એક્ટિવ દર્દીઓ લઈ રહ્યા છે સારવાર**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ૮ થી ૧૮ જૂન દરમિયાન રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત લેપ્રસી કેસ ડિટેક્શન કેમ્પેઈન યોજાવામાં આવી રહ્યું છે. આ સઘન અભિયાનના ભાગરૂપે સરહદી કચ્છ જિલ્લાના જુદા જુદા ૯ તાલુકાઓના કુલ ૧૭૬ ગામો અને શહેરી વોર્ડ વિસ્તારોને આવરી લેવામાં આવશે.

જિલ્લા ટીબી હોસ્પિટલના ડૉ. મનોજ દવેએ વિગત આપતાં જણાવ્યું હતું કે, જિલ્લાના આ નિર્ધારિત વિસ્તારોમાં રક્તપિત્તના સંભવિત દર્દીઓની વહેલી તકે શોધખોળ કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ખાસ ૨૭૯ ટીમોની રચના કરવામાં આવી છે, જે ઘર-ઘર જઈને ઝીણવટભર્યો સર્વે હાથ ધરશે. આ રક્તપિત્ત શોધખોળ ઝુંબેશ હેઠળ આશા બહેનો અને મેલ વોલન્ટીયર્સની વિશેષ ટીમો દ્વારા પ્રત્યેક ઘરની મુલાકાત લેવામાં આવશે. સર્વે દરમિયાન જો કોઈ પણ વ્યક્તિમાં રક્તપિત્તના શંકાસ્પદ લક્ષણો જણાશે, તો તેમને શોધીને સરકારી આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તદ્દન મફત સારવાર ઉપલબ્ધ કરાવવાનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ એવા કચ્છ જિલ્લામાં હાલમાં રક્તપિત્તના ૩૪ એક્ટિવ દર્દીઓ નોંધાયેલા છે, જેઓ હાલમાં આરોગ્ય વિભાગની દેખરેખ હેઠળ નિયમિત સારવાર મેળવી રહ્યા છે.

આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, કુષ્ઠરોગ એટલે કે રક્તપિત્ત એ કોઈ અસાધ્ય રોગ નથી, પરંતુ જો સમયસર તેની ઓળખ ન થાય તો તે શારીરિક વિકૃતિ તરફ દોરી જઈ શકે છે. જો આ રોગનું વહેલી તકે નિદાન થઈ જાય અને સમયસર તબીબી સારવાર શરૂ કરી દેવામાં આવે, તો દર્દીને સંભવિત અપંગતા કે અન્ય ગંભીર શારીરિક જટિલતાઓમાંથી સરળતાથી બચાવી શકાય છે. આ વહેલા નિદાનથી માત્ર દર્દી સાજો જ નથી થતો, પરંતુ સમાજમાં રોગના ફેલાવાને પણ અટકાવી શકાય છે.

આથી જ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કચ્છની જાહેર જનતાને નમ્ર અપીલ કરવામાં આવી છે કે, આ રાષ્ટ્રીય અભિયાન દરમિયાન પોતાના વિસ્તાર કે ઘરે આવતા આરોગ્ય કર્મચારીઓ, આશા બહેનો અને સ્વયંસેવકોને પૂરો સહકાર આપે. નાગરિકો પોતાના સ્વાસ્થ્ય અંગે સાચી અને સચોટ માહિતી આપી આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભાગીદાર બને તે અત્યંત જરૂરી છે. જો પરિવારમાં કે આસપાસમાં કોઈને પણ ત્વચા પર લાલાશ પડતા કે આછા રંગના ચાઠા, જેમાં સ્પર્શ જ્ઞાનનો અભાવ હોય અથવા રક્તપિત્તના અન્ય કોઈ શંકાસ્પદ લક્ષણો દેખાય, તો જરાય સંકોચ રાખ્યા વિના તુરંત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરી નિઃશુલ્ક સારવારનો લાભ લેવો જોઈએ.

# તાંત્રિક વિધિના નામે લોકોને 'શીશા'માં ઉતારતી ટોળકી ઝડપાઈ

**પધ્ધર પોલીસે સ્ત્રીનો વેશ ધારણ કરીને ફરતા શખ્સ સહિત ત્રણને પકડયા : આરોપીઓ સામે કચ્છ સહિત રાજયના જુદા જુદા વિસ્તારમાં ૧૧ જેટલા ગુના નોંધાયેલા : ભુજ તાલુકાના ગામોમાં નવો 'શિકાર' શોધવાની પેરવીમાં હતાને ઝડપાઈ ગયા**



ભુજ - કચ્છઉદય : તમારી જિંદગીમાં નડતર છે, ધંધામાં ખોટ જાય છે, તેમ કહીને લોકોને વિશ્વાસમાં લઈ વિધિ કરવાના નામે ભુજમાં ફરતી ટોળકીને પધ્ધર પોલીસે ઝડપી પાડી હતી. આરોપીઓ સામે રાજકોટ વિસ્તારમાં અલગ અલગ ૧૧ જેટલા ગુના નોંધાયેલા છે.

આ બાબતે મળતી માહિતી પ્રમાણે પધ્ધર પીઆઈ એ. ડી. ખાંટની સુચનાથી સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે અલ્ટો કાર નંબર જી.જે. ૧૭ સી ૮૬૦૮ માં ત્રણ અજાણ્યા ઈસમો શંકાસ્પદ રીતે મળી આવ્યા હતા. જેમાં એક વ્યક્તિ સ્ત્રીનો વેશ ધારણ કરેલો મળી આવ્યો હતો. તે લોકો સાથે સંપર્ક કરી પોતાની પાસે વિશેષ શક્તિ હોવાનો આભાસ કરી વિશ્વાસ કેળવી ધાર્મિક વિધિ, પુજાપાઠ અથવા ધંધામાં બરકત અને જિંદગીમાંથી નડતર દુર કરવાના નામે પૈસા પડાવતા હતા. પોલીસે ત્રણેય શખ્સોને પકડીને પુછપરછ કરતા કબુલાત આપી કે તેઓ અલગ અલગ ગામોમાં જઈ રહેણાંક મકાનમાં રહેતા લોકોનો સંપર્ક કરી ઘરમાં દુઃખ, નડતર વગેરે બાબતે વાતચીત કરી વિધિ કરવાના નામે રોકડા અને વસ્તુ મેળવતા હતા. પોલીસે રાજકોટના પડધરી તાલુકાના તરગડી ગામના અરવિંદ નાથ ઉર્ફે ફુક્કો જીવણનાથ પરમાર, બનાસકાંઠા જિલ્લાના કાંકરેચ તાલુકાના

અનુસંધાન પાના નં.૫ પર

## અગાઉ અંજારમાં તાંત્રીક વિધિ અને દોષના નામે કરી હતી ઠગાઈ

આરોપી અરવિંદનાથ સામે અલગ અલગ ૧૧ ગુના નોંધાયેલા છે, જેમાં ૨૦૨૧ માં અંજાર વિસ્તારમાં દંપતિને તાંત્રીક વિધિ કરવાનું કહી ઘરેણા અને રોકડ રકમ પડાવી હતી. તો અન્ય કિસ્સામાં દોષ નડતો હોવાનું કહી છેતરપીંડી કરી હતી. આ સિવાય અમદાવાદમાં માતાની વિધિના નામે ૮૧૦૦૦, ગાંધીનગરમાં બાળક બોલતું ન હોઈ બોલતું થઈ જશે તેમ કહી એક લાખની ઠગાઈ કરી હતી. રાજકોટના પ્રધ્યુમનનગર પોલીસમાં ૯.૪૪ લાખની ચોરી, કુવાડવા પોલીસમાં ૧૦.૯૨ લાખની સોપારી ચોરી, મોરબી પોલીસમાં ૧.૫૪ લાખની દુકાનમાંથી ચોરી, આ ઉપરાંત રાજકોટમાં ઈશ્વરી કૃપાના નામે ૧.૨૦ લાખની ઠગાઈ સાથે ગેરકાયદે પાંચ કિલો ગાંજો પણ કબજે કરાયો હતો. જે સહિતની બાબતે ગુના નોંધાયેલા છે.

# નખત્રાણા તાલુકા નાની સિંચાઈના ડેમોના ભ્રષ્ટાચારના મૂળિયા ઉંડા

# ખાણેત્રા ને પેચીંગના વિવાદમાં દેવસર ડેમની સવા કરોડની ફાળવેલી ગ્રાન્ટ ધુળ ખાય છે ? ગડાપુઠા ડેમની મરામત જરૂરી

**ધરતીપુત્રો, માલધારીની વારંવાર રજુઆતો નિષ્ફળ : ચોમાસું ઢુંકડુ છતાં ઝાડી સફાઈ- સમારકામની કામગીરી નથી થઈ : તાલુકાના ૧૬ ડેમોની હાલત પણ નબળી : ભ્રષ્ટાચારની લપેટમાં કામો જ નથી થયા**

નખત્રાણા-કચ્છઉદય : તાલુકાના દેવસર ગામે આવેલ નાની સિંચાઈ નો ડેમની ૨ વર્ષ પહેલા સવા કરોડ રૂપિયાની મરામંત માટે ગ્રાન્ટ મંજુર થઈ છે પરંતુ ખાણેત્રાને પેચીંગના વિવાદમાં આ માતબર રકમની ગ્રાન્ટ ધુળ ખાય છે. આ બાબતે ત્યાંના ધરતીપુત્રોને માલધારી વર્ગમાં કચવાટ ફેલાયો છે.

નાની સિંચાઈ કાયલાનો આ ડેમ પાણીનો વપરાશ થઈ જતા ખાલીખમ હાલતમાં છે. આસપાસના ચંદ્રનગર, દેવસર, રતામીંયા સહિતના પાંચથી સાત ગામોના ઢોર-ઢાંખર, વન્યપ્રાણીઓ, પક્ષીઓ, માટે પીવાના પાણી આશીર્વાદરૂપ હતા દાયકા અગાઉ નિર્માણ થયેલ આ ડેમની મરામંત ન થતા હવે ભંગાણની હાલત છે. ખેડુતોનું માલધભારીનું કહેવું છે કે ડેમો ઉંડા કરાય અને ખાણેત્રુ થાય જ્યારે સરકારી તંત્ર પરિપત્ર મુજબ પેચીંગ કામની રટણ કરે છે. આ વચ્ચે કરોડોની ગ્રાન્ટ ધુળ ખાય છે અને સરકારનો હેતુ સરતો નથી.

આ બાબતે સિંચાઈના ઈજનેર મહેશભાઈ મેઘાણીનો સંપર્ક સાધતા તેમણે કહ્યું કે અગાઉ ૧ કરોડ ઉપરાંતની ગ્રાન્ટ મંજુર થઈ છે. પરંતુ પેંચીગની કામગીરી કરવાની હોતા આ કામ અટવાયં છે. અને સરકારમાં નવી દરખાસ્ત મુકવામાં આવી છે. બીજીતરફ તાલુકાના ગડાપુઠા ડેમની હાલત પણ આવી જ છે. કોંગ્રેસના પીઢ અગ્રણી રમેશદાન ગઢવી કહ્યું કે આ ડેમની સત્વરે સમારકામ નહી થાય તો નિંચાણવાળા વિસ્તાર માટે જોખમ ઉભું થશે.



દેવસર



ગડાપુઠા

તાલુકાના નાની સિંચાઈના ૧૬ જેટલા ડેમો આવેલા છે. તેમાં આધોછની, થરાવડા, નરા, કોટડા (રોહા), અંગીયા નાના, ધાવડા, જાડાય, ચાવડકા, દેવીસર, ખારડીયા, દેવપર, ગડાપુઠા, ઉમરાપર, વિગોડી, ગાગણીયાનો સમાવેશ થાય છે અને આ કચેરીની હકુમત હેઠળ લખપતના ૧૨ ગામો નાડેમો આવે છે. મોટાભાગે તમામ ડેમ તળિયા ઝાટક છે.

કોંગ્રેસના રમેશદાન ગઢવીએ આ તમામ ડેમોની માહિતી માંગી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, તાલુકામાં નાની સિંચાઈના ડેમોમાં ભયંકર ભ્રષ્ટાચાર ચાલે છે. તેના મુળિયા ઉંડા છે. ડેમના મરામત માટે કોન્ટ્રાકટરો તથા અધિકારી દ્વારા ભ્રષ્ઠાચાર આચારવામાં આવે છે. સંકલનમાં પણ પ્રશ્ન ઉઠે છે. જવાબદાર અધિકારી જવાબ આપતા નથી. ત્યારે આ તાલુકાના તમામ ડેમો પર ચોમાસાના મંડાણ પહેલા મરામત કામ નહી કરાય તો નિંચાણવાળા વિસ્તારો માટે જોખમી બનશે અને તેની જવાબદારી સિંચાઈ ખાતાની રહેશે. ડેમોના અધુરા કામો પુરા કરવા ઝાડી કટીંગ કરવા, ખેચીંગ કરવા સહિતના કામોને ગતિશીલતા આપવા માંગ કરી હતી.

# મુંદરાના શક્તિનગર પાસે ટ્રેઈલર હડફેટે એક્ટિવા ચાલકનું મોત







**સવારે નોકરીએ જતા હતા ત્યારે બન્યો બનાવ : હોસ્પિટલમાં લોકો એકત્ર થયા : મુંદરા વિસ્તારમાં બેફામ બનેલા ભારે વાહનો સામે કાર્યવાહી કરવામાં પોલીસ નિષ્ફળ**



હતભાગી

મુંદરા - કચ્છઉદય : કચ્છના પેરીસ ગણાતા મુંદરામાં બંદર અને કંપનીઓના કારણે ભારે વાહનોની અવરજવર સતત રહે છે. વિકાસ માન્ય પરંતુ વિકાસના નામે મુંદરામાં વિનાશ થઈ રહ્યો હોય તેવા ઘટનાક્રમો સામે આવી રહ્યા છે. અહીંના લોકો ઘરેથી બહાર નિકળવામાં ડર અનુભવે છે. કારણ કે દરેક વિસ્તારમાં બેફામ દોડતા ભારે વાહનો યમદુત સમાન બની રહ્યા છે. ભારે વાહનો સામે કાર્યવાહી કરવા માટે આંદોલનો થયા, રજુઆતો થઈ, પરંતુ એક - બે દિવસની કાર્યવાહી પછી કોઈ પગલાં લેવાતા નથી. આજે સવારે શક્તિનગર પાસે ટ્રેઈલર હડફેટે એક્ટિવા ચાલકનું મોત થયું હતું.

ઘટના સ્થળે અને મુંદરા પોલીસ સ્ટેશનેથી મળેલી વિગતો મુજબ શહેરના મહેશનગરમાં રહેતા ૬૪ વર્ષિય વાલજીભાઈ મુળજીભાઈ સોધમ પોતાના રોજીંદા ક્રમ પ્રમાણે એક્ટિવા લઈને નિકળ્યા અને તેઓ ખાનગી કંપનીમાં સિક્યુરીટી તરીકે નોકરીએ જતા હતા ત્યારે શક્તિનગર પાસે પીબી ૧૦ જેએમ ૯૭૮૬ નંબરના ટ્રેઈલર ચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટના સ્થળે મોત થયું હતું. બનાવને પગલે પરિવારજનો અને સમાજના અગ્રણીઓ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. મુંદરા મહેશ્વરી સમાજના કાનજીભાઈ સોંધરા, પચાણભાઈ મહેશ્વરી, ભરતભાઈ પાતારીયા, મહેશભાઈ સોધમ, કલ્યાણભાઈ ચુઈયા, નારાણભાઈ સોધમ સહિતના પહોંચી આવ્યા અને પરિવારને સાંત્વના આપી હતી. હતભાગી પાણી પુરવઠા વિભાગમાંથી રીટાયર્ડ થયા હતા.

અનુસંધાન પાના નં.૫ પર

# ગાંધીધામની સીતારામ કંપનીમા પાણીના ટાકામાં ડુબી જવાથી આધેડનું કમકમાટીભર્યુ મોત

## કંપનીની ઘોર બેદરકારી અને સેફ્ટીના નિયમોના ધજાગરા

ગાંધીધામઃ આ સમગ્ર અકસ્માતમાં કંપની પ્રશાસનની ગંભીર બેદરકારી સામે આવી રહી છે. ઔદ્યોગિક સેફ્ટીના નિયમો અનુસાર, આવા જીવલેણ પાણીના ટાંકાઓ કે ખુલ્લા અવાડાઓની આસપાસ પ્રોટેક્શન વોલ, મજબૂત ફેન્સિંગ (તારની વાડ) અથવા લોકઅપ ઢાંકણ હોવું અત્યંત અનિવાર્ય છે. કંપની દ્વારા સુરક્ષાના આ પ્રાથમિક માપદંડોની સરેઆમ અવગણના કરીને સેફ્ટીના નિયમોના ધજાગરા ઉડાડવામાં આવ્યા છે, જેના કારણે એક શ્રમિકે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. ફેક્ટરી એક્ટના નિયમોનું ઉલ્લંઘન કરીને શ્રમિકોના જીવને જોખમમાં મૂકવા બદલ કંપની મેનેજમેન્ટ સામે સ્થાનિક સ્તરે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ફેક્ટરી ઇન્સ્પેક્ટર તથા હેલ્થ એન્ડ સેફ્ટી વિભાગ (આદિપુર)ની નિષ્ક્રિયતા સામે સવાલો

ગાંધીધામઃ આ ચકચારી ઘટનાને પગલે આદિપુર સ્થિત ફેક્ટરી ઈન્સ્પેક્ટર કચેરી તેમજ ઈન્ડસ્ટ્રિયલ હેલ્થ એન્ડ સેફ્ટી વિભાગની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઉભા થયા છે. જનતામાં એવો આક્રોશ વ્યાપ્યો છે કે, આવા સરકારી વિભાગો માત્ર કાગળ પર જ કેમ નિયમો ચલાવે છે? આવી ગંભીર બેદરકારી દાખવતી મોટી કંપનીઓના સત્તાધીશોના કાયદેસર કેમ ઉધડા લેવામાં આવતા નથી? ઔદ્યોગિક એકમોનું સમયાંતરે સેફ્ટી ઓડિટ કરવાની મુખ્ય જવાબદારી આ વિભાગોની છે. જો ફેક્ટરી ઈન્સ્પેક્ટરે સમયસર સ્થળ તપાસ કરીને સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરી હોત, તો કદાચ આ નિર્દોષ શ્રમિકનો જીવ બચી શક્યો હોત. સરકારી વિભાગોની આવી ઢીલી નીતિ અને લાલિયાવાડીના કારણે જ કંપનીઓ બેફામ બનીને સેફ્ટીના નિયમો નેવે મૂકે છે, જે હવે તપાસનો મોટો વિષય બન્યો છે.

ગાંધીધામઃ કચ્છ-પૂર્વના ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મીઠીરોહર પાસે એક આકસ્મિક ડૂબી જવાની દુઃખદ ઘટના સામે આવી છે. સિતારામ કંપનીમાં કામ કરતા અને ત્યાં જ રહેતા ૫૦ વર્ષીય આધેડ લોકનાથમ બલેના અકસ્માતે પાણીના ટાંકામાં પડી જતાં ડૂબી જવાથી તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

બનાવની પોલીસ દફતરેથી મળતી સત્તાવાર વિગત મુજબ, તા. ૦૮/૦૬/૨૦૨૬ ના રોજ સવારના આશરે ૧૦:૫૦ વાગ્યાની આસપાસ આ કરુણ ઘટના ઘટી હતી. પાણીના ટાંકામાં ડૂબી ગયેલા આધેડને તાત્કાલિક સારવાર અર્થે આદિપુરની રામબાગ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબ ડૉ. શ્રી પ્રિયાબેન દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે હોસ્પિટલ વતી ઓમપ્રકાશ પારી (મોબાઈલ નંબરઃ ૯૮૨૫૨૩૧૦૫૯) ના માધ્યમથી ગાંધીધામ બી-ડિવિઝન પોલીસને ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં જ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે અકસ્માત મોત (અ.મોત) બી.એન.એસ.એસ. કલમ-૧૯૪ મુજબ ગુનો રજી કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકની લાશને પોસ્ટમોર્ટમ (પી.એમ.) માટે રામબાગ હોસ્પિટલના પી.એમ. રૂમમાં રાખવામાં આવી છે અને ઈક્વેસ્ટ પંચનામાની કાર્યવાહી માટે માનનીય એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સાહેબ (ગાંધીધામ)ને જાણ કરવામાં આવી છે.

આ કેસની પ્રાથમિક તપાસ યુ.એચ.સી. સેંધાજી એલ. પરમાર દ્વારા કરવામાં આવી છે, જ્યારે ઘટનાની આગળની વધુ તપાસ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી એન. બી. બામભા ચલાવી રહ્યા છે.